
# સૂત્રોના રહસ્યો

ભાગ - ૨



- મુનિ મેઘદર્શનવિજય

સૂત્રો, તેના અર્થો તથા તેની પાછળ ધૂધવાટ કરતાં રહસ્યો જણાવીને

જિનશાસનની આરાધનાઓને જીવંત

બનાવતું - પુસ્તક

# સૂત્રોના રહસ્યો

## ભાગ - ૨

લેખક

પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. સાહેબના શિષ્ય
મુનિશ્રી મેઘદર્શન વિ. મ. સાહેબ

પ્રકાશક

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ

પ્રાપ્તિસ્થાન

તપોવનો, સંસ્કૃતિભવનો,
વર્ધમાન સંસ્કૃતિધામો તથા
જ્ઞાનપ્રસાર અભિયાન

C/o. પ્રભુદાસભાઈ પી. મહેતા ૮૦૦/૬૦૪૪, શક્તિ ફ્લેટ,
ભીડભંજન મંદિર સામે, બાપુનગર, અમદાવાદ - ૨૪.

મૂલ્ય : રૂા. 30

# ક્યાં શું વાંચશો ?


| અ. નં. | પ્રકરણ | પા. નં. |
|---|---|---|
| ૧ | વંદના પાપ-નિકંદના | ૧ |
| ૨ | સૂત્ર - ૧૩ તીર્થવંદના સૂત્ર (જંકિંચિસૂત્ર) | ૬ |
| ૩ | સૂત્ર - ૧૪ શક્રસ્તવ સૂત્ર (નમુત્થુણં સૂત્ર) | ૯ |
| ૪ | સૂત્ર - ૧૫ સર્વ ચૈત્યવંદન સૂત્ર (જાવંતિ ચેઈઆઈ સૂત્ર) | ૨૯ |
| ૫ | સૂત્ર - ૧૬ સર્વ સાધુવંદન સૂત્ર (જાવંત કે વિસાહૂ સૂત્ર) | ૩૧ |
| ૬ | સૂત્ર - ૧૭ સંક્ષિપ્ત પરમેષ્ઠિ - નમસ્કાર સૂત્ર (નમોઽર્હત્ સૂત્ર) | ૩૪ |
| ૭ | સૂત્ર - ૧૮ ઉપસર્ગહર - સ્તોત્ર (ઉવસગ્ગહરં સૂત્ર) | ૩૮ |
| ૮ | સૂત્ર - ૧૯ પ્રણિધાન સૂત્ર (જયવીરાય સૂત્ર) | ૪૭ |
| ૯ | પ્રભુજી ! પધારો ! | ૫૪ |
| ૧૦ | હું સારો, સ્વસ્થ અને સમજું બનું | ૫૮ |
| ૧૧ | હું લોકોત્તર સૌંદર્યનો સ્વામી બનું | ૬૯ |
| ૧૨ | સૂત્ર - ૨૦ ચૈત્યસ્તવ સૂત્ર (અરિહંત ચેઈયાણં સૂત્ર) | ૮૨ |
| ૧૩ | ચૈત્યવંદનાની વિધિ | ૯૪ |
| ૧૪ | સૂત્ર - ૨૧ પંચ જિનસ્તુતિ સૂત્ર (કલ્લાણકંદં સૂત્ર) | ૧૦૦ |
| ૧૫ | સૂત્ર - ૨૨ શ્રી મહાવીરજિન સ્તુતિ સૂત્ર (સંસાર દાવાનલ સૂત્ર) | ૧૦૯ |



મુદ્રક : જીતુશાહ (અરિહંત), ૬૮૭/૧, છીપા પોળ, કાળુપુર, અમદાવાદ - ૧. ફોન : ૨૧૬૧૧૦૮

# (૧) વંદના પાપ-નિકંદના

ચાર ગતિના દુઃખમય આ સંસારમાં અનંતકાળથી આપણો આત્મા રઝળપાટ કરી રહ્યો છે. રાગ-દ્વેષ - મોહવગેરેના કુસંસ્કારો વારંવાર આપણા આત્માને દુઃખો અને પાપોના દાવાનળમાં ઝીંકી રહ્યાં છે.

આ દુઃખો અને પાપોથી મુક્ત થવા અનાદિના રાગાદિ કુસંસ્કારોના ઝેરને દૂર કર્યા વિના ચાલે તેમ નથી. શી રીતે દૂર કરવું આ ઝેર ?

પોતાના પુત્રને કાળો ભોરિંગ નાગ કરડે, તેનું ભયાનક ઝેર ચડી જાય, શરીર આખું લીલુંછમ થઈ જાય, જીવવાની આશા જણાતી ન હોય, તેવા સમયે ઝેરને ઉતારી દેનાર કોઈક ગારુડી મંત્રોચ્ચાર કરીને ઝેર ઉતારી દે, તો આપણા હૃદયમાં તે ગારુડી પ્રત્યે કેટલો બધો અહોભાવ ઊભરાય ! તેનો કેટલો બધો ઉપકાર માનીએ...

અરે ! જ્યારે પહેલવહેલી ખબર પડે કે અમુક ઠેકાણે ગારુડી છે, તો તેને બોલાવવા આપણે કેટલા પ્રયત્નો કરીએ ! તે ગારુડી કોઈ કારણસર આવવા તૈયાર ન હોય તો તેની પાસે કેવા કરગરીએ ? તેને ઘરે લઈ આવવા કઈ કઈ સગવડતાઓ ન આપીએ ? તે માટે સમયનો પણ ભોગ આપીએ ને ?

જો એક ભવના મોતને લાવનારા ઝેરને ઉતારનાર ગારુડી માટે સમય, સંપત્તિ અને સગવડો આપતા હોઈએ તો ભવોભવને બરબાદ કરનારા રાગદ્વેષાદિના ઝેરને ઉતારનાર પરમાત્મા પાછળ ગમે તેટલો સમય કે સંપત્તિ આપવામાં આપણને ઉલ્લાસ કેમ ન જાગે ? તે પરમાત્મા પ્રત્યે અપરંપાર અહોભાવ કેમ ન ઉભરાય ? સતત તેમનો ઉપકાર કેમ ન મનાય ?

પરમાત્મા અને ગણધરભગવંતો મહાગારુડી છે. તેમના દ્વારા થતો મંત્રોચ્ચાર એટલે સૂત્રો. આ સૂત્રોના એકેક અક્ષર મંત્રાક્ષર છે. તેની તાકાત માત્ર નાગના ઝેરને જ દૂર કરવાની નહિ, માત્ર જલોદર જેવા રોગોને જ મટાડવાની નહિ, સિંહ વગેરે જંગલી પ્રાણીઓથી જ રક્ષવાની નહિ; પણ દુનિયાના તમામ પ્રકારના દુઃખો, પાપો અને દોષોથી બચાવવાની છે. રાગ-દ્વેષ-મોહના કાતિલ ઝેરને ક્ષણમાં ઉતારી દેવાની તાકાત છે. માત્ર શરીરને જ નિરોગી બનાવવાની નહિ, ભાવ આરોગ્ય આપી ને આત્માને પણ સંપૂર્ણ નિરોગી બનાવવાની છે.

પરમાત્માએ ઝેર ઉતારનાર વચનો જણાવ્યાં છે. ગણધર ભગવંતોએ તેને

સૂત્રો રુપે ગૂંથ્યાં છે. હવે જો તે સૂત્રોને-તેના અર્થોને જાણવા-સ્પર્શવા-સમજવા-જીવનમાં ઉતારવા આપણે તૈયાર ન થઈએ, તે માટે જરુરી સમય-સંપત્તિ આદિ ન ફાળવી શકીએ તો આપણે કેવા કહેવાઈએ ? માટે આપણે રોજ સમય કાઢીને તમામ સૂત્રોના અર્થો તથા રહસ્યોને સમજવા પ્રયત્ન કરવો જોઈએ. ગુરુવંદન તથા સામાયિક લેવા-પારવાના સૂત્રો, તેના અર્થો તથા તેના રહસ્યોની વિચારણા આપણે 'સૂત્રોના રહસ્યો ભાગ-એકમાં' કરી છે. અહીં આપણે ચૈત્યવંદનાના સૂત્રો, તેના અર્થો તથા રહસ્યોને સ્પર્શવાનો પ્રયત્ન કરીએ.

જે પરમાત્માએ આપણા સર્વના કલ્યાણ માટે આત્મહિતકર જૈનશાસન પ્રવર્તાવેલ છે, તે પરમાત્માના ગુણોને નજર સમક્ષ રાખીને, કૃતજ્ઞતા ભાવને વ્યક્ત કરવા ચૈત્યવંદન રોજ કરવું જોઈએ. માત્ર એક વાર જ નહિ, અનુકૂળતા હોય તો ત્રિકાળ જિનાલયમાં જઈને ત્રણવાર ચૈત્યવંદન કરવું જોઈએ. વંદના કરવાથી અનંતા પાપોની નિકંદના થાય છે.

તે સિવાય પણ બીજા ચાર ચૈત્યવંદન કરવાનાં હોય છે, તે ચાર ચૈત્ય-વંદનો ક્રમશઃ (૧) જગચિંતામણિ, (૨) વિશાલલોચન, (૩) નમોસ્તુવર્ધમાનાય તથા (૪) ચઉક્કસાય સૂત્રોને બોલવા દ્વારા કરાય છે. સવાર-સાંજના પ્રતિક્રમણ સાથે હાલ આ ચાર ચૈત્યવંદનો સંકળાયેલા છે.

પરમાત્માના ત્રિકાળ દર્શન - ત્રિકાળ પૂજન કરવાની સાથે જે ત્રિકાળ ચૈત્યવંદન કરવાના છે, તે ત્રણ તથા ઉપર જણાવેલ ચાર ચૈત્યવંદનો મળીને કુલ ૭ ચૈત્યવંદનો દરેક શ્રાવક-શ્રાવિકાઓએ રોજ કરવાનાં હોય છે. દેરાસરમાં ચૈત્યવંદન કરતી વખતે સૌ પ્રથમ ખમાસમણ દઈને, ઈરિયાવહીયા કરીને (ઈરિયાવહી-તસ્સ ઉત્તરી- અન્નત્થ કહીને 'ચંદેસુ નિમ્મલયરા' સુધી એક લોગસ્સનો કાઉસ્સગ કરીને, પારી એક લોગસ્સ બોલી) એક ખમાસમણ દઈને,

**"ઈચ્છાકારેણ સંદિસહ** ભગવન્ ! ચૈત્યવંદન કરું ?" આદેશ માંગવો. પછી યોગમુદ્રામાં બેસવું.

**મુદ્રા :** મુદ્રા એટલે શરીરની વિશેષ પ્રકારની આકૃતિ. મનની અસર જેમ શરીર પર પડે છે, તેમ શરીરની અસર મન ઉપર પણ પડતી હોય છે.

જે વ્યક્તિના મનમાં ગુસ્સો પેદા થાય, તે વ્યક્તિનું શરીર કંપવા લાગે છે. આંખમાં લાલાશ આવે છે. શબ્દોમાં કડવાશ આવે છે. બોલતી વખતે મુખ વિકૃત થાય છે. હાથ-પગ પણ ધમપછાડા કરવા લાગે છે. આ છે મનની શરીર પર

અસર.

તે જ રીતે શરીરની આકૃતિની અસર મન ઉપર પણ થાય છે. ભયંકર કામી માણસ જો પદ્માસનમાં બેસી જાય તો તે વખતે તેની કામવાસના પ્રાયઃ શાંત થયા વિના રહેતી નથી.

જ્યારે પરમાત્માની વિશેષ ભક્તિ કરવાનો અવસર સાંપડ્યો છે, ત્યારે મનની વૃત્તિઓ શાંત પડે, સંસારથી વિમુખ થાય, પરમાત્મામાં લીન થાય તે માટે ચૈત્યવંદન કરતી વખતે તે તે સૂત્રોના અર્થને અનુરુપ તે તે મુદ્રા કરવાનું મહાપુરુષોએ જણાવેલ છે.

(૧) **યોગમુદ્રા :** ડાબો ઢીંચણ ઊભો રાખી, જમણા પગની એડી ઉપર બેસવું. આંગળીઓ એકબીજાના આંતરામાં રહે તે રીતે બે હાથ ચીપ્પટ જોડીને, કોણી પેટ ઉપર રાખવી તે, યોગમુદ્રા કહેવાય. આ મુદ્રા, નમસ્કારનો વિશિષ્ટ ભાવ પેદા કરવામાં સહાયક બને છે.

(૨) **મુક્તાસુક્તિમુદ્રા :** મુક્તા=મોતી. સુક્તિ=છિપ. મોતીના છીપલાની જેમ બે હાથ વચ્ચેથી પોલા જોડવા. તે વખતે આંગળીઓ એકબીજાના આંતરામાં ન રાખતાં, પરસ્પર અડાડેલી રાખવી. પગ યોગમુદ્રાની જેમ રાખવા. આ મુદ્રા પ્રણિધાન કરવા માટે ખૂબ ઉપયોગી છે. આ મુદ્રાથી એકાગ્ર થવાય છે.

(૩) **જિનમુદ્રા :** જિનેશ્વર ભગવંત કાયોત્સર્ગ જે મુદ્રામાં કરતા હતા; તે જિન-મુદ્રા કહેવાય. બે પગની આંગળીઓ વચ્ચે ચાર આંગળ અને પાછલી એડી વચ્ચે તેથી થોડું ઓછું અંતર રાખીને સ્થિર-ટટ્ટાર ઊભા રહેવું. બે હાથ નીચે સીધા લટકતા રાખવા.આ મુદ્રા શરીર પરની મમતા ઘટાડવામાં સહાય કરે છે.

પરમાત્માના ગુણગાન ગાવા તથા સર્વોત્કૃષ્ટ ગુણોના સ્વામી પરમાત્મા પ્રત્યે અનંતા અવગુણોથી ભરેલા પોતાની સહજ નમ્રતા દર્શાવવા યોગમુદ્રામાં ચૈત્યવંદના શરુ કરવી.

**સૌ પ્રથમ નીચેનું કાવ્ય બોલવું :**

**સકલ કુશલ વલ્લી, પુષ્કરાવર્ત મેઘો**
**દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ**
**ભવજલનિધિ-પોતઃ સર્વસંપત્તિ-હેતુઃ**
**સઃ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ**
**શ્રેયસે પાર્શ્વનાથઃ**

અર્થ : 'સર્વ પ્રકારના કુશળ (હિત)ને પેદા કરનારી વેલડી સમાન, પુષ્કરાવર્તના મેઘ સમાન, પાપો રુપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન, સંસાર રુપી સમુદ્રમાં (તારનારા) વહાણ સમાન, સર્વ પ્રકારની સંપત્તિઓને પ્રાપ્ત કરાવનાર પાર્શ્વનાથ ભગવાન, શાંતિનાથ ભગવાન સતત કલ્યાણ માટે થાઓ.'

ઉપર પ્રમાણે પરમાત્માની સ્તવના કર્યા પછી સામે રહેલા પરમાત્માનું ચૈત્યવંદન બોલવાનું છે. તે ચૈત્યવંદનોમાં પરમાત્માના ગુણગાન હોય છે. અહીં આપણે પ્રભુ મહાવીરદેવનું ચૈત્યવંદન અર્થસહિત જોઈએ.

## મહાવીરપ્રભુનું ચૈત્યવંદન

**સિદ્ધારથસુત વંદિયે, ત્રિશલાનો જાયો**
**ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો**
**મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા,**
**બોત્તેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા !**
**ખીમા વિજય જિનરાજનો એ, ઉત્તમ ગુણ અવદાત**
**સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત.**

**અર્થ :** (૧) સિદ્ધાર્થ રાજાના પુત્ર (૨) વીરજિનેશ્વરને વંદન કરીએ; જેઓ (૩) ત્રિશલાદેવીના પુત્ર છે (૪) ક્ષત્રિયકુંડમાં નગરમાં જન્મ્યા હતા ને દેવેન્દ્રો - નરેન્દ્રોએ જેમના ગુણો ગાયા હતા. (૫) જેમનું લંછન સિંહ હતું. (૬) જેમની કાયા ૭ હાથ ઊંચી હતી. (૭) ૭૨ વર્ષના આયુષ્યવાળા હતા આ વીરભગવાવના સુંદર ગુણોને ખીમાવિજયના શિષ્ય જિનવિજયના શિષ્ય ઉત્તમવિજયના શિષ્ય પદ્મવિજયે સાત બોલથી વર્ણવ્યા છે.

(**નોંધ :** પૂજ્ય પદ્મવિજયજી મ. સાહેબે ચોવીસે ય ભગવંતોના ચૈત્યવંદનો રચ્યા છે, જે ચોમાસી દેવવંદનમાં આવે છે. તે ચૈત્યવંદનોની વિશેષતા એ છે કે દરેક ભગવંતના ચૈત્યવંદનમાં તે તે ભગવાનની સાતજાતની માહિતી આપેલ છે; જે સાત બોલ તરીકે ઓળખાય છે. તે સાત બોલ આ પ્રમાણે છેઃ (૧) ભગવાનનું નામ (૨) ભગવાનના માતાનું નામ (૩) ભગવાનના પિતાનું નામ (૪) ભગવાનનું જન્મસ્થળ (૫) ભગવાનની ઊંચાઈ (૬) ભગવાનનું આયુષ્ય અને (૭) ભગવાનનું લંછન.જેમની પણ અનુકૂળતા હોય તેમણે આ ચોમાસી દેવવંદનમાંથી ચોવીસે ય ભગવાનના ચૈત્યવંદનો ગોખી લેવા જોઈએ. જેથી દર્શન

કરવા જઈએ ત્યારે ત્યાંના મૂળનાયક ભગવાનનું ચૈત્યવંદન બોલી શકાય.)

જિનાલયમાંજે પરમાત્મા બિરાજમાન હોય તેમના ગુણગાન ગાતું ચૈત્યવંદન બોલવું જોઇએ. બીજી પાંચમ, આઠમ વગેરે તિથિએ તે તે તિથિનું મહત્વ જણાવતું ચૈત્યવંદન પણ બોલી શકાય. કેટલાક ચૈત્યવંદનોમાં કોઇ ભગવાનનું નામ નથી હોતું પણ બધા ભગવાનને સામાન્યરીતે લાગુ પડતા હોય તેવા શબ્દોનો પ્રયોગ કર્યો હોય છે તે સામાન્યજિનના ચૈત્યવંદનો કહેવાય છે. તેવા ચૈત્યવંદનો દરેક સ્થળે બોલી શકાય છે. ચૈત્યવંદન બોલ્યા પછી જંકિંચી વગેરે સૂત્રો બોલવાના હોય છે.

## સામાન્ય જિન ચૈત્યવંદનો

(૧) તુજ મુરતિને નિરખવા, મુજ નયણાં તલસે,
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરખે; ...૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરશે,
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે ? ...૨
એમ જાણીને સાહિબાએ, નેક નજર મોહે જોય
જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તે શું જે નવિ હોય ? ...૩

(૨) પરમેશ્વર પરમાત્મા, પાવન પરમિઠ્ઠ
જય જગગુરુ દેવાધિદેવ, નયણેમેં દીઠ ...૧
અચલ અકલ અવિકાર સાર, કરુણારસ સિંધુ
જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ ...૨
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહિ કળ્યા ન જાય
રામ નમો જિનધ્યાનથી, ચિદાનંદ સુખ થાય ...૩

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે ...૧
આચારજ ગુણ છત્રીસ, પચવીસ ઉવજ્ઝાય
સત્તાવીસ ગુણ સાધુના, જપતાં શીવસુખ થાય ...૨
અષ્ટોતર શત ગુણ મળીએ, એમ સમરો નવકાર
ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નીત સાર ...૩

સૂત્ર-૧૩

# (૨) તીર્થવંદના સૂત્ર

## જંકિંચિસૂત્ર

**ભૂમિકા :-** જગચિંતામણિ સૂત્ર દ્વારા વિવિધ પ્રકારના ચૈત્યોને વંદના કરી જે જિનાલયમાં જે ભગવંત બિરાજમાન હોય તેમનું ચૈત્યવંદન બોલવા દ્વારા તે પરમાત્માની વંદના કરાય છે પરન્તુ પરમાત્માના ઉપકારોના અતિશય ભારથી નમ્ર બનેલા ભક્તને તેટલા માત્રથી સંતોષ શી રીતે થાય ? તેને તો તમામ તીર્થોની વંદના કરવાનો ભાવ ઊભરાયા કરે.

પોતાના ઊભરાતા તે ભાવના કારણે તે ભક્ત તમામ તીર્થોને વંદના કર્યા વિના રહી શક્તો નથી. તેથી તમામ તીર્થોને વંદના કરવા તે ભક્ત આ 'જંકિંચિ' સૂત્ર બોલે છે.

આ સૂત્ર બોલતી વખતે તમામ તીર્થોને માનસપટમાં લાવવાના છે, તે સર્વને ભાવવિભોર બનીને વંદના કરવાની છે.

વંદન કર્યા વિના બંધાયેલા પાપોની નિકંદના શી રીતે થાય ? પ્રત્યેક પળે જુદા જુદા પાપો તો આ જીવડો બાંધ્યા જ કરે છે. તેમાંથી મુક્ત થવા વંદના કર્યા વિના શી રીતે ચાલી શકે ?

### * (૧) શાસ્ત્રીય નામ :

તીર્થવંદના સૂત્ર

### * (૨) લોક પ્રસિદ્ધ નામ :

જંકિંચિ સૂત્ર

### * (૩) વિષય :

સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં રહેલા સર્વ તીર્થો અને તેમાં રહેલી પ્રતિમાઓને વંદના.

### * (૪) સૂત્રનો સારાંશ :

સંસારસમુદ્રમાં ડૂબતા આત્માને માટે તરવાનું સાધન કોઈ હોય તો તે પરમાત્માની ભક્તિ છે. તેમાં ય પરમાત્માના વિરહકાળમાં તો પરમાત્માની પ્રતિમા અને પરમાત્માના આગમ સિવાય બીજું તરવાનું સાધન કયું ?

તેથી એક પણ તીર્થને બાકાત રાખવાની ઈચ્છા ન હોવાથી આ સૂત્ર દ્વારા સઘળાંય તીર્થોને વંદના કરીને ભક્તજન પોતાના ભક્તિભાવને વ્યક્ત કરે છે.

## (૫) ઉચ્ચારશુદ્ધિ અંગે સૂચનો :

જાઈં, બિંબાઈં, તાઈં, સવ્વાઈં વગેરે પદો ઉપર મીંડું છે, તે બોલવું ભૂલવું નહિ.

## (૬) સૂત્ર:

જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઈં જિણ બિંબાઈં તાંઈ સવ્વાઈં વંદામિ.

## (૭) શબ્દાર્થ :

જંકિંચિ = જે કાંઈ
નામ = વાક્યનો અલંકાર
તિત્થ = તીર્થ
સગ્ગે = સ્વર્ગ
પાયાલિ = પાતાળમાં
માણુસે લોએ = મનુષ્યલોકમાં
જાઈં = જેટલાં
જિણ બિંબાઈં = જિનપ્રતિમાઓ
તાઈં = તેમને
સવ્વાઈં = બધાને
વંદામિ = વંદન કરું છું.

## (૮) સૂત્રાર્થ :

**સ્વર્ગ (ઊર્ધ્વલોક), પાતાળ (અધોલોક) અને મનુષ્યલોક (તીર્ચ્છાલોક)માં જે કોઈ તીર્થો છે, તથા જે કોઈ જિનપ્રતિમાઓ છે, તે સર્વેને હું વંદન કરું છું.**

## (૯) વિવેચન :

**નામ :** 'નામ' શબ્દનો અર્થ કાંઈ નથી. માત્ર વાક્યની શોભા (અલંકાર) માટે નામ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

સગ્ગે : સગ્ગ શબ્દનો અર્થ સ્વર્ગ થાય. પણ અહીં ઊર્ધ્વલોક કરવાનો છે. તેનાથી ઊર્ધ્વલોકમાં રહેલા ભગવંતોને વંદના કરવાની છે.

ઊર્ધ્વલોકમાં વૈમાનિકદેવોના વિમાનો આવેલા છે. બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર, વગેરે દેવલોકના વિમાનોમાં કુલ ૮૪,૯૭,૦૨૩ જિનાલયો આવેલા છે. તેમને આ સગ્ગે પદથી નજરમાં લાવવાના છે.

**પાયાલિ :** 'પાયાલિ' પદનો અર્થ 'પાતાળ' થતો હોવા છતાં અહીં અધોલોક કરવાનો છે. અધોલોકમાં ભવનપતિ દેવોના ૭,૭૨,૦૦,૦૦૦ ભવનો આવેલા છે, જે દરેકમાં એકેક ચૈત્ય છે. તેથી અધોલોકમાં કુલ સાત કરોડ બોત્તેર લાખ જિનાલયો થયા. તે દરેક ચૈત્યોને 'પાયાલિ' પદ બોલતી વખતે નજર સમક્ષ લાવવાના છે.

**માણુસેલોએ :** મનુષ્યલોક અર્થ થતો હોવા છતાં અહીં 'તીર્ચ્છાલોક' અર્થ કરવો. તીર્ચ્છાલોકમાં વ્યંતરોના અસંખ્યાતા નગરો આવેલા છે. જેમાં અસંખ્યાતા જિનાલયો છે. તેજ રીતે સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે જ્યોતિષ્ક દેવોના વિમાનો પણ તીર્ચ્છાલોકમાં આવેલા છે. સમગ્ર તીર્ચ્છાલોકમાં આવા અસંખ્યાતા વિમાનો જ્યોતિષ્ક દેવોના છે, જે દરેકમાં એકેક ચૈત્ય છે. આવા અસંખ્યાતા ચૈત્યો તીર્ચ્છાલોકમાં જ્યોતિષ્ક દેવલોકના થયા.

તે સિવાય પણ નંદીશ્વરદ્વીપ, રુચકદ્વીપ, મેરુપર્વત વગેરે સ્થળોએ કુલ ૩૨૫૯ ચૈત્યો આવેલા છે.

'માણુસે લોએ' પદો બોલતી વખતે આ વ્યંતર-જ્યોતિષ્કના અસંખ્યાતા-અસંખ્યાતા જિનાલયો તથા અન્ય ૩૨૫૯ ચૈત્યો નજર સમક્ષ લાવવાના છે. તેમને વંદના કરવાની છે.

**જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ :** ઊર્ધ્વલોકમાં ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ જિનપ્રતિમાઓ છે. અધોલોકમાં ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ જિનપ્રતિમાઓ છે. તીર્ચ્છાલોકમાં વ્યંતર-જ્યોતિષ્ક દેવલોકના અસંખ્યાતા ચૈત્યોમાં અસંખ્યાતી જિનપ્રતિમાઓ છે અને તે સિવાયના ૩૨૫૯ જિનચૈત્યોમાં ૩,૯૧,૩૨૦ જિનપ્રતિમાઓ છે, તે બધી મળીને, ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ જિનપ્રતિમાઓ તથા વ્યંતર-જ્યોતિષીની અસંખ્યાતી જિનપ્રતિમાઓ અને તે સિવાયના પણ અશાશ્વતા દેરાસરોની જિનપ્રતિમાઓ ઘણી છે. તે તમામ જિન પ્રતિમાઓને નજર સમક્ષ લાવીને વંદના કરવાની છે.

ત્રણે લોકના સર્વ ચૈત્યો અને તેમાં બિરાજમાન તમામ જિનપ્રતિમાઓ નજર સમક્ષ લાવીને ભક્તિના ભાવ ઉભરાવવાના છે. ઉત્કટ બહુમાનભાવ પેદા કરવાનો છે. કૃતજ્ઞતાભાવને વિકસાવવાનો છે. અનંતાનંત પાપકર્મોનો ખૂરદો બોલાવવા વારંવાર વંદના કરવાની છે.

સૂત્ર-૧૪

# (૩) શક્રસ્તવ સૂત્ર

## નમુત્થુણં સૂત્ર

ભૂમિકા :- ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માના પાંચે કલ્યાણકો મહાપવિત્ર ગણાય છે. તે પાંચે કલ્યાણકના સમયે ચૌદે રાજલોકમાં પ્રકાશ પથરાય છે. સર્વ જીવો ક્ષણ માટે આનંદનો અનુભવ કરે છે. બધા જીવોના કલ્યાણ માટે પરમાત્માના જીવનના આ પાંચ પ્રસંગો બને છે. તેથી તેને કલ્યાણક કહેવાય છે.

પ્રભુ પોતાની માતાની કુક્ષીમાં પધારે ત્યારે ચ્યવન કલ્યાણક થયું કહેવાય. જ્યારે પ્રભુનો જન્મ થાય ત્યારે જન્મકલ્યાણક ગણાય, પ્રભુ જ્યારે દીક્ષા સ્વીકારે ત્યારે દીક્ષાકલ્યાણક કહેવાય. પ્રભુ જ્યારે કેવળજ્ઞાન પામે ત્યારે કેવળજ્ઞાનકલ્યાણક થયું ગણાય. અને પ્રભુ જ્યારે નિર્વાણ પામે (મોક્ષમાં પધારે) ત્યારે નિર્વાણકલ્યાણક ગણાય.

પરમાત્માના કલ્યાણકોનો અવસર જ્યારે જ્યારે આવે છે ત્યારે ઈન્દ્ર મહારાજાનું સિંહાસન ચલાયમાન થાય છે. અવધિજ્ઞાનના ઉપયોગથી ઈન્દ્રમહારાજા જાણે છે કે અમુક ભગવાન દેવલોકથી ચ્યવીને મનુષ્યલોકમાં અમુક રાજાની રાણીની કુક્ષીમાં પધાર્યા છે, વગેરે....

તરત જ ઈન્દ્ર મહારાજા તે તારક પરમાત્મા પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કરવા સિંહાસન ઉપરથી ઊતરીને, પરમાત્માનો આત્મા જે દિશામાં હોય તે દિશામાં સાત-આઠ પગલાં આગળ વધે છે. પગની મોજડી દૂર કરે છે. ધરતી ઉપર જમણો ઢીંચણ ઢાળે છે. ડાબો ઢીંચણ ઊભો રાખે છે. પેટ ઉપર હાથની કોણી ટેકવે છે. પછી બે હાથ જોડીને આ નમુત્થુણં સૂત્રવડે પરમાત્માની સ્તવના કરે છે, આ સૂત્ર દ્વારા શક્ર (ઈન્દ્ર) પરમાત્માની સ્તવના (સ્તુતિ) કરતા હોવાથી આ સૂત્રને શક્રસ્તવ કહેવાય છે.

જેમ, સામાયિક લેવાના સૂત્રોમાં સૌથી મહત્ત્વનું કોઈ સૂત્ર હોય તો તે કરેમિભંતે સૂત્ર છે, તેમ ચૈત્યવંદનાના તમામ સૂત્રોમાં સૌથી મહત્ત્વનું સૂત્ર જો કોઈ હોય તો તે નમુત્થુણં સૂત્ર છે.

આ સૂત્રમાં અરિહંત ભગવંતના જુદા જુદા ૩૬ વિશેષણો જણાવીને,

સ્તવના કરવામાં આવી છે. આ સૂત્રને જો અર્થની વિચારણાપૂર્વક બોલીએ તો તારક તીર્થંકર પરમાત્મા પ્રત્યેનો વિશિષ્ટ કોટિનો અહોભાવ ઊછળ્યા વિના ન રહે. આ સૂત્રમાં 'નમુત્થુણં' પદ દ્વારા અનેક વિશેષતાવાળા અરિહંતપરમાત્માને વારંવાર નમન કરવામાં આવેલ છે.

આમ આ સૂત્રમાં અરિહંત ભગવંતને વિશિષ્ટ રીતે વારંવાર વંદના (પ્રણિપાત) કરવામાં આવેલ હોવાથી, આ સૂત્રને પ્રણિપાતદંડક સૂત્ર પણ કહેવામાં આવે છે.

શાસ્ત્રમાં જણાવેલી મુદ્રા (બેસવાની પદ્ધતિ) વડે જે સૂત્રો અસ્ખલિત રીતે બોલવાના હોય તે સૂત્રોને દંડક સૂત્રો કહેવાય છે. ઉત્કૃષ્ટ પ્રકારના ચૈત્યવંદનની વિધિમાં આવા પાંચ દંડક સૂત્રોનો સમાવેશ થાય છે. (૧) શક્રસ્તવ દંડક (નમુત્થુણં) (૨) ચૈત્યસ્તવ દંડક (અરિહંત ચેઇઆણં) (૩) નામસ્તવ દંડક (લોગસ્સ) (૪) શ્રુતસ્તવ દંડક (પુક્ખરવરદીવડ્ઢે) અને (૫) સિદ્ધસ્તવ દંડક (સિદ્ધાણં બુદ્ધાણં). આ પાંચે દંડક સૂત્રોમાં સૌ પ્રથમ આ નમુત્થુણં સૂત્ર આવે છે એટલું જ નહિ, પણ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનામાં આ સૂત્ર પાંચ વાર બોલવાનું હોય છે; જે આ સૂત્રનો વિશિષ્ટ મહિમા જણાવે છે. ચૈત્યવંદનાના સૂત્રો ઉપર, સૂરિપુરંદર, ૧૪૪૪ ગ્રન્થના રચયિતા, હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'લલિત વિસ્તરા' નામની ટીકાની રચના કરી છે.

તેમાં 'નમુત્થુણં' સૂત્રના વિશેષણોની ટીકા કરતી વખતે, આપણને પ્રાપ્ત થયેલા, ત્રણલોકના નાથ, દેવાધિદેવ પરમાત્માની વિશેષતા બતાવવા સાથે, તે તે વિશેષણો અન્ય દેવો કે તેમના મતમાં કઇ રીતે ઘટી શકતા નથી, તે ખૂબ સારી રીતે સમજાવેલ છે.

આ 'લલિતવિસ્તરા'ના પ્રભાવે તો આપણને સિદ્ધર્ષિગણી જેવા મહાપુરુષ પ્રાપ્ત થયા છે.

રસોઇ કરવામાં વહુનું મન જોડાયેલું નથી. વારંવાર ભૂલો થયા કરે છે. કારણ કે તેને ઝોકાં-બગાસાં આવે છે. રાત્રિનો ઉજાગરો છે.

**સાસુએ કારણ પૂછ્યું. વહુ કહે છે કે, "તમારા દીકરા રાત્રે ઘણા મોડા ઘરે** આવે છે. દરવાજો ખોલવા માટે તેમની વાટ જોવા જાગવું પડે છે. ઉજાગરો થવાના કારણે ચિત્ત રસોઇકામમાં ચોંટતું નથી."

સાસુ કહે છે કે, 'વહુ બેટા ! મને અત્યારસુધી કેમ વાત ન કરી ? શું રોજ એને મોડું થાય છે ? તો આજે વહુ બેટા ! તમે દરવાજો બંધ કરી વહેલા સૂઇ જજો. દીકરો આવશે ત્યારે દરવાજો ખોલવાનું કામ આજે હું કરીશ. તમે નિશ્ચિત થઇને રહેજો હોં.' અને રાત્રિના દોઢ-બે વાગે, દીકરો સિદ્ધ ગામમાં રખડતો ઘરે આવ્યો. જોરથી દરવાજો ખટખટાવ્યો.

મા પૂછે છે – 'કોણ છે ?'

'દરવાજો ખોલો. હું સિદ્ધ છું.'

'આટલો મોડો કેમ ? આજે દરવાજો નહિ ખૂલે. જે ઘરનો દરવાજો ખુલ્લો હોય ત્યાં પહોંચી જા.'

માના મુખમાંથી નીકળેલા શબ્દો સાંભળીને સિદ્ધ આશ્ચર્યમુગ્ધ બન્યો. પણ માનો સ્વભાવ તે જાણતો હતો. 'બોલવામાં હવે કાંઇ સાર નથી.' સમજીને તે ચાલવા લાગ્યો.

આટલી મોડી રાતે વળી કયું ઘર ખુલ્લું હોય ? ખુલ્લા દરવાજાવાળા ઘરની શોધમાં તે ફરી રહ્યો છે.

જેનાથી કોઇને ય ભય ન હોય અને જેને કોઇનાથી ય ભય ન હોય તેનું નામ જૈનસાધુ. તે જયાં રહેતા હોય તે ઉપાશ્રય વગેરે સ્થાનના દરવાજા સદા ઉઘાડા હોય. તેઓ અપરિગ્રહી હોવાથી તેમને કોઇ જાતની ચોરીની ચિંતા તો હોય જ નહિ ને !

ફરતો ફરતો સિદ્ધ પહોંચી ગયો ઉપાશ્રય પાસે. દરવાજા જોયા સાવ ખુલ્લા ! માતાનું વચન યાદ કરીને કર્યો અંદર પ્રવેશ.

સવારના ચારેક વાગ્યાનો સમય કદાચ થયો હશે. અંદર જઇને જોયું તો પ્રસન્નતાનો પમરાટ જેમના મુખ ઉપર પ્રસરી રહ્યો હતો, તેવા ગુરુભગવંતો પોતાની સાધનામાં લીન હતા. કોઇક સ્વાધ્યાય કરતા હતા, તો કો'ક ધ્યાન ધરતા હતા. કોઇક જાપ કરતા હતા તો કોક કાઉસ્સગ્ગ કરતા હતા.

કોઇ દિવસ નહિ જોયેલાં આ દશ્યને ધરાઇ ધરાઇને આજે જોયા જ કર્યું. આ દુનિયાના સુખીમાં સુખી માનવો તેને અહીં દેખાયા. તે આજે અંજાઇ ગયો. એને કાંઇક અદ્દ્ભુત અદ્દ્ભુત લાગવા માંડ્યું.

પૂ. ગુરુભગવંતનો સત્સંગ કર્યો. સાધુ બનવાના ભાવો ઊભરાયા. સવારે તપાસ કરતા કરતા મા ઉપાશ્રયે આવીને ઘરે પાછા આવવા સમજાવવા લાગી પણ

જેના હૃદયમાં વૈરાગ્ય ઊભરાઇ રહ્યો હોય તે હવે સંસારમાં શી રીતે ટકી શકે ? 'મા ! તે જ કહ્યુ હતું ને કે જેના દરવાજા ઉઘાડા હોય ત્યાં પહોંચી જા.' તારા વચનથી જ અહીં આવ્યો છું. હવે ઘરે પાછો નહિ આવું.'

અને છેવટે માતાએ સંમતિ આપવી પડી. સિદ્ધ હવે સિદ્ધર્ષિ બન્યા. ધર્મશાસ્ત્રોનું વિશિષ્ટ અધ્યયન કર્યું. વિદ્વાન બન્યા. હવે તેમને બૌદ્ધમતનો અભ્યાસ કરવાની ઈચ્છા પેદા થઇ. તે માટે બૌદ્ધસાધુના મઠમાં જવું પડે. તેમની પાસે જ્ઞાન મેળવવું પડે.

ગુરુ જ્ઞાની હતા. તેમને સિદ્ધર્ષિ માટે બૌદ્ધમતનો અભ્યાસ કરવો ઉચિત ન લાગ્યો. પણ સિદ્ધર્ષિએ આગ્રહ રાખ્યો. ગુરુએ કહ્યું કે, 'જૈનધર્મના સિદ્ધાન્તોનો તેં વિશિષ્ટ અભ્યાસ કર્યો નથી. તેથી બૌદ્ધમતની કોઇ વાત સાંભળતા, કદાચ તને જૈનધર્મ પ્રત્યે અણગમો થાય કે આ સાધુપણું છોડવાનું મન થાય તો મારો આપેલો ઓઘો મને પાછો આપવા આવજે. આટલું વચન આપીને જા.'

સાધુપણાના અત્યંત રાગી શિષ્યને આ વાત સાંભળતા આશ્ચર્ય થયું ! ગુરુજી આમ કેમ બોલે છે ? શું હું દીક્ષા છોડવાનો વિચાર કરું ? કદી ય ન બને ! છતાં ગુરુજી કહે છે, તો વચન આપવામાં ક્યાં તકલીફ છે ? વચન આપીને સિદ્ધર્ષિ ભણવા પહોંચ્યા બૌદ્ધિભિખ્ખુ પાસે.

બૌદ્ધિભિખ્ખુ પાસે પહોંચીને સિદ્ધિર્ષિ બૌદ્ધ ગ્રન્થોના અભ્યાસમાં લીન થઇ ગયા. તેમની વિશિષ્ટ બુદ્ધિ-પ્રતિમા જોઇને બૌદ્ધ ભિખ્ખુના મનમાં સિદ્ધર્ષિને પોતાના મતમાં ખેંચવાની ઈચ્છા થાય તે સહજ છે. જૈનધર્મના પદાર્થોને મારીમચડીને રજૂ કરી બૌદ્ધધર્મ જ સાચો છે, તેવા ભાવો સિદ્ધર્ષિના મનમાં પેદા કરવામાં તેઓ સફળ થયા. સિદ્ધર્ષિને જૈનધર્મના પદાર્થોમાં શંકાઓ પડવા લાગી. જેમ જેમ બૌદ્ધધર્મનો વિશેષ અભ્યાસ કરતા ગયા, તેમ તેમ જૈનધર્મ ખોટો અને બૌદ્ધધર્મ સાચો લાગવા માંડ્યો. અરે, બૌદ્ધભિખ્ખુ બનવાનું તેમને મન થઇ ગયું.

ગુરુનો દ્રોહ કર્યો છે. ગુરુની ઇચ્છા વિના ભણવા નીકળ્યા છે. પછી પતન થવાની શક્યતા કેમ પેદા ન થાય ? શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે કે ગુરુદ્રોહ કદી ન કરવો. ગુરુદ્રોહનું પાપ એટલું બધું ભયંકર છે કે તે પ્રાયઃ આ ભવમાં જ પોતાનું **ફળ બતાવ્યા વિના રહેતું નથી.**

પેલા કુલવાલકમુનિએ ગુરુદ્રોહ કર્યો હતો તો તેનું એક ગણિકાથી પતન થયા વિના ન રહ્યું. અરે ! ભગવાન મુનિસુવ્રતસ્વામીના સ્તુપને ઉખેડી નંખાવવામાં

તે નિમિત્ત બન્યો ! હરિભદ્રસૂરિજીના સગા ભાણિયા શિષ્યો હંસ-પરમહંસે પોતાના ગુરુના વચનનો દ્રોહ કર્યો તો તેઓ તે જ ભવમાં અકાળે મરણને શરણ થયા ! માટે કદી પણ ગુરુભગવંતના વચનનો અનાદર ન કરવો.

તેમના પ્રત્યે સદા સમર્પણભાવ કેળવવો. તેમની ઇચ્છા ખાતર પોતાની તમામ ઇચ્છાઓને ગૌણ કરી દેવી. પોતાની સારી કે સાચી ઇચ્છાને પણ જો ગુરુની સંમતિ ન હોય તો ત્યાગી દેવામાં ક્ષણનો વિલંબ ન કરવો.

હા ! એક વાત ધ્યાનમાં રાખવી કે ગુરુ પરમાત્માની આજ્ઞાને વફાદાર હોવા જોઇએ. ગીતાર્થ અને સંવિગ્ન હોવા જોઇએ. પવિત્ર જીવન જીવનારા જોઇએ. શાસ્ત્રકાર પરમર્ષિઓ તો કહે છે કે જો આવા વિશિષ્ટ ગુરુ મેળવવા ૭૦૦ યોજનનો વિહાર કરવો પડે તો કરવો, ૧૨ વર્ષ ફરવું પડે તો ફરવું, પણ સાચા ગુરુ શોધવા, તેમના ચરણે જીવન સમર્પિત કરવું. તેમનો પડ્યો બોલ ઝીલી લેવો. પણ ગુરુ વિના ન રહેવું. માથે ગુરુ તો રાખવા.

સિદ્ધર્ષિએ ગુરુનો દ્રોહ કર્યો. ભાવ પતિત થવા લાગ્યા. ગુરુની એ વાત યાદ આવી કે કદાચ સાધુપણું છોડવાની ઇચ્છા થાય તો મને રજોહરણાદિ (ઓઘો) પાછો આપવા આવજે. અને ગુરુના તે વચનને પૂર્ણ કરવા માટે ગુરુ પાસે જવાની ઇચ્છા થઇ. પણ બૌદ્ધ ભિખ્ખુએ વચન લીધું કે, ''ત્યાં રહી જવાનું મન થાય તો એક વાર મને મળીને પછી જવું.'' તેમની તે વાત સ્વીકારી ને તે પહોંચ્યો ગુરુ પાસે.

બૌદ્ધ ગ્રન્થો ભણીને તેમને જૈનધર્મની વાતોમાં જે શંકાઓ પડી હતી, તેના સચોટ જવાબો ગુરુએ આપ્યા. ગુરુ પાસેથી, સરસ સમાધાનો મળતા હવે તેઓ જૈન ધર્મમાં સ્થિર થયા. પણ વચન પ્રમાણે બૌદ્ધ ભિખ્ખુને મળવા ગયા.

ત્યાં બૌદ્ધભિખ્ખુએ જે નવી દલીલો કરી તેના આધારે બૌદ્ધધર્મ તેમને ફરી સાચો લાગવા માંડ્યો. સાધુવેશ પરત કરવા પાછા પહોંચ્યા ગુરુ પાસે. ગુરુએ આપેલા સમાધાન અને નવી દલીલોથી પાછો જૈનધર્મ સાચો લાગવા માંડ્યો. પહોંચ્યા બૌદ્ધભિખ્ખુને તે વાત કરવા. પણ ત્યાંની વાત સાંભળીને ત્યાં રહેવાનું મન થવા લાગ્યું.

આ રીતે ૨૧ વાર આવન-જાવન ચાલી. બૌદ્ધભિખ્ખુ પાસે જાય ત્યારે બૌદ્ધભિક્ખુ બનવાનું મન થાય. જ્યારે ગુરુ પાસે આવે ત્યારે જૈન ધર્મ જ સાચો લાગે અને તેથી સાધુપણામાં સ્થિર થવાનું મન થાય.

પણ છેલ્લીવાર જ્યારે બૌદ્ધભિખ્ખુ પાસે ગયા ત્યારે તેની અકાટ્ય દલીલોથી હવે તેને બૌદ્ધધર્મ જ સર્વથા સચોટ અને શ્રેષ્ઠ લાગ્યો. જૈનધર્મ પ્રત્યે અને પોતાના ગુરુ પ્રત્યે ભયંકર અનાદરભાવ પેદા થયો. અત્યારસુધી તો ગુરુ પાસે જ્યારે જતા હતા, ત્યારે પુષ્કળ વિનય સાચવતા હતા. હૈયામાં આદર ઊભરાતો હતો. પણ આ વખતે તો સાધુપણું છોડી દેવાનો નિશ્ચય છે. જૈનધર્મ પ્રત્યે જરાય આદર નથી. પછી જૈનસાધુ પ્રત્યે તો આદર ક્યાંથી હોય ?

અંદર પાટ ઉપર ગુરુભગવંત બિરાજેલા છે અને બહારથી જ સિદ્ધર્ષિ 'મત્થએણ વંદામિ' પણ કહ્યા વિના અનાદરપૂર્વક કહે છે, 'આ તમારો ઓઘો પાછો.'

તેના અનાદરભર્યા શબ્દો સાંભળીને ગુરુને થઇ ગયું કે હવે આ કેસ મારા હાથમાં નથી.

જ્યાં સુધી સામેની વ્યક્તિમાં આપણા પ્રત્યેનો સદ્ભાવ જીવતો હોય ત્યાં સુધી આપણે તેનામાં ગમે તેટલો ફેરફાર કરી શકીએ છીએ. તેને યોગ્ય માર્ગદર્શન આપીને સુધારી શકીએ છીએ. પણ જ્યારે સામાના હૃદયમાં આપણી પ્રત્યેનો સદ્ભાવ ખતમ થઈ જાય ત્યારે બાજી આપણા હાથમાં રહેતી નથી. તેવા વખતે તેના હિત માટે પણ જે કહેવાય તે તેને ઊંધું પડતું હોય છે. તેનામાં આપણા પ્રત્યે વિશેષ અસદ્ભાવ પેદા કરનાર બને છે.

માટે જ માતા-પિતાએ પોતાના પુત્રોને તે રીતે જ પ્રેરણા-હિતશિક્ષા કે સલાહ આપવી જોઇએ કે જેથી તેના હૃદયમાં રહેલો માતા-પિતા પ્રત્યેનો સદ્ભાવ ખતમ ન થાય. જો સદ્ભાવ ખતમ થઇ રહ્યો છે, તેવું લાગે તો ટકોર કરવાનું બંધ કરી દઇને, ફરી સદ્ભાવ પેદા કરવાનું કામ શરૂ કરી દેવું જોઇએ. પણ ભૂલેચૂકે ય સદ્ભાવ ખતમ ન થઇ જાય તેની કાળજી લેવી જોઇએ.

જો સદ્ભાવ ખતમ થઈ ગયો તો હવે તેને સુધારી શકવાની તે મા-બાપમાં કોઈ શક્યતા નથી. હવે તો તેવા મા-બાપે તેવા દીકરાને કાંઇપણ કહેવાનું પણ બંધ કરી દેવું જોઇએ. અને તે કેસ કાળને સોંપી દેવો જોઇએ. તેના જીવનમાં પરિવર્તન આવે તે માટે બહારના બધા ઉપાયોને છોડી દઇને, પરમાત્માને પ્રાર્થના કરવી જોઇએ. કાળ પાકશે ત્યારે ઓટોમેટીક સારું થશે.

સિદ્ધર્ષિના હૃદયમાં પોતાના પ્રત્યેનો સદ્ભાવ હવે ઊભો રહ્યો નથી, તે જાણતા ગુરુને હવે તેમની સાથે ચર્ચા કરવામાં કોઇ ફાયદો ન દેખાયો.

ઓઘો પાછો આપવા અંદર આવેલા સિદ્ધર્ષિને થોડી વાર બેસવાનું કહી પોતે સ્થંડિલ જવાના બહાને અન્ય શિષ્યને સાથે લઇને બહાર નીકળી ગયા. પણ તે વખતે તેમણે પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ રચિત લલિતવિસ્તરા ગ્રન્થ ત્યાં પાટ ઉપર મૂકી દીધો.

જ્ઞાનીને જ્ઞાન પ્રત્યેનો પ્રેમ હોય જ. ગુરુની ગેરહાજરીમાં સમય શી રીતે પસાર કરવો ? તે સવાલ હતો, ત્યાં આ લલિતવિસ્તરા ગ્રન્થ તરફ નજર ગઇ. હાથમાં ગ્રન્થને લઇને, તેના પાના એક પછી એક ઊથલાવવા માંડ્યા. વાંચવામાં ખૂબ રસ પડ્યો કારણ કે પોતાનો મનગમતો તે વિષય હતો.

આ ગ્રન્થમાં ચૈત્યવંદનાના નમુથ્થુણં વગેરે સૂત્રો ઉપર વિવેચન હતું. જેમાં નમુથ્થુણં સૂત્રમાં આપેલા પરમાત્માના વિશેષણો દ્વારા અન્ય મતોનું તાર્કિક ખંડન પણ કરવામાં આવ્યું હતું.

જે પાના તેમના વાંચવામાં આવ્યા તેમાં તેમની મૂંઝવણોના ઉકેલ હતા. જૈનધર્મની સર્વોપરિતાની સિદ્ધિ હતી. બૌદ્ધમતની અધૂરાશની ઝલક હતી. જેમ જેમ આગળને આગળ વાંચતા ગયા, તેમ તેમ તેમના હૃદયમાં જૈનધર્મ પ્રત્ય શ્રદ્ધા પેદા થતી ગઇ. વિશેષ વૃદ્ધિ પામવા લાગી.

વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભાના તેઓ સ્વામી હતા. વળી ૨૧-૨૧ વાર બંને તરફથી દલીલો સાંભળીને હવે બંનેના મતો તેમના મનમાં સ્પષ્ટ હતા. છતાં સાચું સમજવામાં જે મુશ્કેલી નડતી હતી, તે આ ગ્રન્થના વાંચને આજે દૂર થઇ. કલ્પના કરીએ કે હરિભદ્રસૂરિજીએ આ ગ્રન્થમાં કેવી કેવી અદ્‌ભુત વાતો જણાવી હશે કે જેણે અત્યંત વિરોધી બનેલા આ સિદ્ધર્ષિને આજે બકરી બેં બનાવી દીધો હતો !

મનની શંકાઓ સર્વથા ટળી જતા તે હવે કટ્ટર જૈનધર્મી બની ગયો. બૌદ્ધોની ચાલાકી તેના ધ્યાનમાં આવી ગઇ. કોઇપણ સંયોગમાં બૌદ્ધમત હવે પછી ન સ્વીકારવાના નિશ્ચય સાથે તેણ મનોમન જૈનમત સ્વીકારી લીધો.

પીળીયાને સર્વત્ર પીળું દેખાય. પણ જો પીળીયો દૂર થઇ જાય તો તેને કહેવું ન પડે કે આ સફેદ છે ! સ્વાભાવિક રીતે જ તે સફેદ ચીજ તેને સફેદ દેખાવા લાગે.

પૂર્વગ્રહો હોય ત્યાં સુધી જ બીજી સાચી વ્યક્તિ પણ ખોટી લાગવા માંડે. જયાં પૂર્વગ્રહો ટળી જાય કે તરત જ સાચી વસ્તુ સાચી લાગવા માંડે. કાંઇ તેને સાચી સિદ્ધ કરવાની જરૂર ન પડે. માટે જો આત્મકલ્યાણ માટે કાંઇ કરવાની જરૂર હોય તો સૌ પ્રથમ પૂર્વગ્રહ દૂર કરવાની જરૂર છે.

જો કે આકાશમાં ઉપગ્રહો છોડવા સહેલા છે, પણ બંધાઇ ગયેલા પૂર્વગ્રહો છોડવા ખૂબ મુશ્કેલ છે. તેથી કોઇ દિવસ કોઇના માટે અશુભ (નેગેટીવ) પૂર્વગ્રહ બાંધવા જ નહિ.

જૈનધર્મ ખોટો છે, તેવો સિદ્ધર્ષિના મનમાં પેદા થયલો પૂર્વગ્રહ લલિતવિસ્તરા ગ્રન્થ વાંચતા ટળી ગયો. પૂર્વગ્રહ રૂપ પીળીયો દૂર થતાં સ્વચ્છ દર્શન તેમને થયું. જૈનધર્મ અને જૈનધર્મના સાધુઓ-શાસ્ત્રો વગેરે પ્રત્યે વિશેષ બહુમાનભાવ પેદા થયો. પોતાની નપાવટતા પ્રત્યે તથા ગુરુ તરફ થોડી વાર પહેલા કરેલા બેહૂદા વર્તન બદલ ભારોભાર ધિક્કાર પેદા થયો. ગુરુભગવંત પાસે તેની ક્ષમા માંગવાની તલપ પેદા થઇ. રાહ જુએ છે ગુરુ ભગવંતના પાછા ફરવાની.

દૂરથી ગુરુ ભગવંતને નિહાળી ઊભો થઇ સામે ગયો. હૃદયમાં ઊછળી રહ્યો છે બહુમાનભાવ. બે હાથ જોડીને જોરથી 'મત્થેણ વંદામિ' કરીને આવકારે છે.

એકાએક બદલાઇ ગયેલા વર્તને તેમના હૃદયમાં પેદા થયેલા ભારોભાર બહુમાનની જાણ ગુરુદેવને કરી દીધી. આ બધો પ્રભાવ પેલા લલિતવિસ્તરા ગ્રંથનો છે તે સમજતા ગુરુદેવને વાર ન લાગી.

સિદ્ધર્ષિએ ગુરુદેવના ચરણોમાં ધ્રુસકે ધ્રુસકે રડીને પોતાના અપરાધની ક્ષમા માંગી. ગુરુદેવના ભરપુર વાત્સલ્યે કાયમ માટે તેમને જૈન શાસનમાં સ્થિર કરી દીધા.

વિશિષ્ટ બુદ્ધિપ્રતિભાના સ્વામી તેમણે જૈનધર્મના શાસ્ત્રોનો વિશેષ ઊંડાણથી અભ્યાસ કરીને, બાળજીવોની ઉપર ઉપકાર કરનારા 'ઉપમિતિ ભવ પ્રપંચા કથા' નામના ગ્રંથની રચના કરી. તેમાં સંસારના બિહામણા સ્વરૂપનું કથાના માધ્યમથી સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. પાંચ ઈન્દ્રિયો, કષાયો અને અવ્રતોને પણ માનવના પાત્રોમાં રજૂ કરીને તેમણે કમાલ કરી છે.

આ ગ્રંથ પ્રત્યેક વ્યક્તિએ મનન-પૂર્વક વાંચવા જેવો છે. હવે તો તેનું ગુજરાતી ભાષામાં તૈયાર થયેલું ભાષાન્તર પણ મળે છે. મનન-ચિંતનપૂર્વક આ ગ્રંથ વાંચનારના જીવનમાંથી ક્રોધાદિ દોષો પાતળા પડ્યા વિના પ્રાયઃ ન રહે. વૈરાગ્ય પેદા થયા વિના પ્રાયઃ ન રહે. આવો અદ્ભુત ગ્રંથ આપણને સિદ્ધર્ષિ ત્યારે જ આપી શક્યા કે જ્યારે આ નમુત્થુણં સૂત્ર ઉપરની લલિતવિસ્તરા ટીકાએ તેમને સાધુજીવનમાં સ્થિર કર્યા.

આ લલિતવિસ્તરા ગ્રન્થ ઉપર ગુજરાતી ભાષામાં વિવરણ પૂજ્યપાદ

વર્ધમાન તપોનિધિ ગચ્છાધિપતિ ભુવનભાનુસૂરિશ્વરજી મહારાજાએ કરેલ છે, જે 'પરમતેજ' નામે દિવ્યદર્શન કાર્યાલયે પ્રગટ કરેલ છે. તેનું વાંચન કરવાથી જૈન શાસન પ્રત્યે વિશેષ અહોભાવ અને પરમાત્મભક્તિમાં વૃદ્ધિ થયા વિના નહિ રહે.

આ નમુથ્થુણં સૂત્રમાં નવ સંપદા છે, એટલે કે જુદા જુદા પદોના નવ ઝુમખા છે. જે દરેક ઝૂમખાને બોલ્યા પછી સહેજ અટકીને પછી નવું ઝૂમખું બોલવાનું છે.

આ સૂત્રનો 'નમો જિણાણં જિઅભયાણં' સુધીનો મૂળ પાઠ કલ્પસૂત્ર, ઔપપાતિક સૂત્ર, રાજ પ્રશ્નીય સૂત્ર વગેરે આગમોમાં આવે છે. પરંતુ 'જે અ અઈઆ સિદ્ધા' વગેરે પાઠ ભલે આગમમાં નથી, છતાં પૂર્વશ્રુતધરે તેની રચના કરેલી હોવાથી તે પાઠને તે સ્થાને પૂર્વના મહાપુરુષોએ સ્વીકારેલ છે. તે પાઠથી ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના જિનોને વંદના કરાય છે.

* (૧) **શાસ્ત્રીય નામ :** શક્રસ્તવ અથવા પ્રણિપાત - દણ્ડક સૂત્ર

* (૨) **લોક પ્રસિદ્ધ નામ :** નમુથ્થુણં સૂત્ર.

* (૩) **વિષય :** પરમાત્મા તીર્થંકર દેવની તેમના ગુણો દ્વારા સ્તવના.

* (૪) **સૂત્રનો સારાંશ :** સમગ્ર જગત ઉપર જેમનો અસીમ ઉપકાર છવાઇ ગયો છે તે તારક તીર્થંકર દેવોની સ્તવના દ્વારા કૃતજ્ઞતાગુણનો વિકાસ કરવો જોઇએ. આવા ઉપકારીઓને વારંવાર વંદના કરવી જોઇએ.

*** (૫) સૂત્ર :**

**નમુથ્થુણં અરિહંતાણં, ભગવંતાણં,** ॥ ૧ ॥
**આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં** ॥ ૨ ॥
**પુરિસુત્તમાણં, પુરિસ - સીહાણં**
**પુરિસ - વર - પુંડરિયાણં. પુરિસ - વર - ગંધહત્થીણં** ॥ ૩ ॥
**લોગુત્તમાણં, લોગ-નાહાણં, લોગ - હિયાણં,**
**લોગ - પઈવાણં, લોગ-પજ્જોઅગરાણં.** ॥ ૪ ॥
**અભય - દયાણં, ચક્ખુ - દયાણં.**
**મગ્ગ - દયાણં, સરણ - દયાણં, બોહિ - દયાણં,** ॥ ૫ ॥
**ધમ્મ - દયાણં, ધમ્મ - દેસયાણં, ધમ્મ - નાયગાણં,**
**ધમ્મ સારહીણં, ધમ્મ - વર - ચાઉરંત ચક્કવટ્ટીણં,** ॥ ૬ ॥

અપ્પડિહય - વર - નાણ - દંસણ ધરાણં,
વિયટ્ટ છઉમાણં
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં,
બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥ ૮ ॥
સવ્વન્નૂણં સવ્વદરિસીણં
સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય
મવ્વાબાહ-મપુણરાવિત્તિ, સિદ્ધિગઈ - નામ-ધેયં,
ઠાણં સંપત્તાણં,
નમો જિણાણં, જિઅ - ભયાણ ॥ ૯ ॥
જે અ અઈઆ સિદ્ધા
જે અ ભવિસ્સંતિણાગયકાલે
સંપઈ અ વટ્ટમાણા
સવ્વે તિવિહેણ વંદામિ. ॥ ૧૦ ॥

## * (૬) ઉચ્ચારશુદ્ધિ અંગે સૂચનો :

(૧) આ સૂત્રની નવ સંપદાઓને બરોબર ધ્યાનમાં લેવી જોઇએ, જેથી સૂત્ર અત્યન્ત સુંદર રીતે બોલી શકાય. દરેક સંપદા પૂરી થાય એટલે થોડુંક અટકીને પછી જ બીજી સંપદા બોલવી જોઇએ. તેની વચમાં ક્યાંય વધુ અટકવું ન જોઇએ. સંપદા પૂરી થાય ત્યારે જ કંઇક વધુ અટકવું જોઇએ.

## * (૭) આટલું ધ્યાનમાં રાખવા જેવું

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| સયંસબુદ્ધાણં | સયંસંબુદ્ધાણં | જિણ્ણાણં | જિણાણં |
| પુરિસિહાણં | પુરિસસિહાણં | તારિયાણં | તારયાણં |
| લાગિયાણં | લોગહિયાણં | સવ્વનૂણં | સવ્વન્નૂણં |
| મગદયાણં | મગ્ગદયાણં | મપુણરાવિતિ | મપુણરાવિત્તિ |
| ધમ્દયાણં | ધમ્મદયાણં | જે અઈઆ | જે અ અઈઆ |
| ધમ્દેશીયાણં | ધમ્મદેસયાણં | જે ભવિસ્સંતિ | જે અ ભવિસ્સંતિ |
| અપડિયા વરનાણં | અપ્પડિહય વરનાણ | સંપઈ વટમાણા | સંપઇ અ વટ્ટમાણા |
| દંસણં ધરાણ | દંસણ ધરાણં | | |

## * (૮) શબ્દાર્થ :

નમુથ્થુણં = નમસ્કાર થાઓ
અરિહંતાણં = અરિહંતને
ભગવંતાણં = ભગવંતને
આઈગરાણં = શરૂઆત કરનારને
તિત્થયરાણં = તીર્થંકરને
સયંસંબુદ્ધાણં = જાતે બોધ પામનારને
પુરિસુત્તમાણં = પુરુષોમાં ઉત્તમને
પુરિસ = પુરુષોમાં
સીહાણં = સિંહ સમાનને
વર = શ્રેષ્ઠ
પુંડરીયાણં = પુંડરિક કમળ સમાનને
ગંધ હત્થીણં = ગંધ હાથીને.
લોગુત્તમાણં = લોકમાં ઉત્તમને
નાહાણં = નાથને
હિયાણં = હિતકારીને
પઈવાણં = દીપક સમાનને
પજ્જોઅગરાણં = સૂર્યસમાન પ્રકાશ કરનારને
અભય = નિર્ભયતા
દયાણં = આપનારને
ચક્ખુ = ચક્ષુ - આંખ
મગ્ગ = મોક્ષમાર્ગ
સરણ = શરણું
બોહિ = સમ્યગ્દર્શન
દેસયાણં = દેશના આપનારને
નાયગાણં = નાયકને
સારહીણં = સારથિને
ચાઉરંત ચક્કવટ્ટીણં = ચતુરંગ ચક્રવર્તીને
અપ્પડિહય =કોઈથી હણાય નહિ તેવું
વરનાણ = કેવળજ્ઞાન
ધરાણં = ધારણ કરનારને
વિયટ્ટછઉમાણં = છદ્મસ્થપણા રહિતને
જિણાણં = જીતેલાને
જાવયાણં = જીતાડનારાને
તિન્નાણં = તરેલાને
તારયાણં = તારનારને
બુદ્ધાણં = બોધ પામેલાને
બોહયાણં = બોધ પમાડનારને
મુત્તાણં = મુક્ત થયેલાને
મોઅગાણં = મુક્ત કરનારને
સવ્વન્નૂણં = સર્વજ્ઞને
સવ્વદરિસીણં = સર્વદર્શીને
સિવ = કલ્યાણકારી
મયલ = અચલ
મરુઅ = રોગરહિત
મણંત = અનંત
મક્ખય = અક્ષય
મવ્વાબાહ = પીડા વિનાના
મપુણરાવિત્તિ = જ્યાંથી ફરી જન્મ લેવાનો નથી તેવા
સિદ્ધિ ગઈ = મોક્ષ
નામધેયં = નામના

| | |
|---|---|
| ઠાણં = સ્થાનને | ભવિસ્સંતિ = થશે |
| સંપત્તાણં = પામેલાને | (અ)ણાગએ = ભવિષ્યકાળમાં |
| નમો = નમસ્કાર થાઓ | સંપઈ = વર્તમાનકાળમાં |
| જિણાણં = જિનેશ્વરોને | વટ્ટમાણા = વર્તે છે |
| જિઅભયાણં = ભયોને જિતનારને | તિવિહેણ = ત્રિવિધેન |
| જે = જેઓ | વંદામિ = વંદન કરું છું. |
| અઈઆ = ભૂતકાળમાં | |

## * (૯) સૂત્રાર્થ :

અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. ધર્મની શરૂઆત કરનારાને, તીર્થને પ્રવર્તાવનારાને, જાતે બોધ પામનારાને (નમસ્કાર થાઓ)

(પરોપકરાદિ ગુણો વડે) પુરુષોમાં ઉત્તમને (આંતર શત્રુઓને હણવા માટેના શૌર્યાદિ ગુણો વડે) પુરુષોમાં સિંહ સમાનને, (સંસાર રૂપી કાદવ વગેરેથી નહિ લેપાયેલા જીવનવાળા હોવાથી) પુરુષોમાં ઉત્તમ કમળ સમાનને, (સ્વચક્ર-પરચક્ર વગેરે સાત પ્રકારની ઈતિ-આપત્તિઓને દૂર કરવામાં) પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાનને, (નમસ્કાર થાઓ.)

(ભવ્યજીવો રૂપી) લોકમાં ઉત્તમને, ભવ્ય લોકોના (યોગ્ય-ક્ષેમ કરતા હોવાથી) નાથને, ભવ્ય લોકનું (સમ્યક્પ્રરૂપણા કરવા દ્વારા) હિત કરનારાને, ભવ્ય લોકોના (મિથ્યાત્વ રૂપી અંધકારને દૂર કરવામાં) દીપક સમાનને, ભવ્ય લોકોને (સૂક્ષ્મ સંદેહોને પણ દૂર કરવા દ્વારા) પ્રકાશ કરનારાને (નમસ્કાર થાઓ.)

(શ્રુતધર્મ અને ચારિત્રધર્મ રૂપ બે પ્રકારના) ધર્મને આપનારાને, (૩૫ ગુણયુક્ત વાણી વડે) ધર્મની દેશના આપનારાને, ધર્મના નાયકને, ધર્મ રૂપી રથને ચલાવવામાં (નિષ્ણાત) સારથિને, ચાર ગતિનો અંત લાવનારા ધર્મ રૂપ શ્રેષ્ઠ ચક્રને ધારણ કરનારા ધર્મ ચક્રવર્તીને નમસ્કાર થાઓ.

કોઈથી પણ હણાય નહિ તેવા શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનારાને તથા છદ્મસ્થપણાથી (ઘાતીકર્મથી) રહિતને (નમસ્કાર થાઓ.)

સ્વયં રાગ-દ્વેષને જીતેલા હોવાથી જિનને, બીજાઓને રાગ-દ્વેષ ઉપર જય પમાડનારને (જિન બનાવનારને), સ્વયં (સંસારસમુદ્રથી) તરેલાને, બીજાઓને (સંસાર સમુદ્રથી તારનારને, સ્વયં બોધ પામેલાને, બીજાઓને બોધ પમાડનારને, સ્વયં (કર્મથી) મુક્તને, બીજાઓને (કર્મથી) મુક્ત બનાવનારને (નમસ્કાર થાઓ.)

સર્વજ્ઞને, સર્વદર્શીને, કલ્યાણકારી, સ્થિર, રોગરહિત, અનન્ત, અક્ષય, પીડા વિનાના, જ્યાંથી ફરી સંસારમાં જન્મ લેવા આવવાનું નથી તેવા સિદ્ધિગતિ (મોક્ષ) નામના સ્થાનને પામેલાને, જિનેશ્વરને, સર્વ ભયોને જીતી લેનારને (નમસ્કાર થાઓ.)

(ઋષભદેવ વગેરે) જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા છે.

(શ્રેણિક વગેરે) જેઓ ભવિષ્યકાળમાં સિદ્ધ થવાના છે.

તથા (સીમંધરસ્વામી વગેરે) જેઓ વર્તમાનકાળમાં (તીર્થંકરપણે) વિદ્યમાન છે, તે બધાને હું મન-વચન-કાયાથી (ત્રિવિધે) વંદના કરું છું.

## * (૧૦) વિવેચન :

નમુત્થુણં : નમસ્કાર થાઓ. આ પદ અરિહંત ભગવાનના પ્રત્યેક વિશેષણ સાથે જોડવાનું છે. તેથી અરિહંતને નમસ્કાર થાઓ, ભગવાનને નમસ્કાર થાઓ. એ રીતે દરેક પદોનો અર્થ થશે. આ દરેક પદ બોલતાં મસ્તક ઝૂકવું જોઇએ. જુદી જુદી વિશેષતાવાળા પરમાત્માને નમસ્કાર કરતી વખતે, તે વિશેષતાને નજરમાં લાવવાથી હૃદયમાં અહોભાવ ઊછળ્યા વિના નહિ રહે. જૈનકુળમાં જન્મ થવાના કારણે આપણને મળેલા અદ્ભુત ભગવાનની વિશેષતાઓનો અનુભવથી સાક્ષાત્કાર થવા લાગશે. દરેક વખતે નમવાથી વંદનામાં જીવંતતા આવશે. અનંતા પાપકર્મોની નિકંદના થશે. જીવંતતા વિનાની વંદના શી રીતે કર્મોની નિકંદના કરી શકે ?

અરિહંતાણં : અરિ = રાગ-દ્વેષ વગેરે આંતર શત્રુઓ. તેને હણનારા, અથવા અરુહંતાણં = ફરીથી સંસારમાં નહિ ઊગનારાને, અરિહં = યોગ્ય જીવોના તાણં = રક્ષણહારને. અથવા અરિહંતાણં = અષ્ટ પ્રતિહાર્ય યુક્ત તીર્થંકર લક્ષ્મીને ભોગવવાને યોગ્યને નમસ્કાર થાઓ.

ભગવંતાણં : ભગ = સમૃદ્ધિ. તેનાવાળા પરમાત્મા છે. કેવળજ્ઞાન-કેવળદર્શન-અનંતશક્તિ વગેરે આંતરસમૃદ્ધિ સાથે સમવસરણ-અષ્ટપ્રાપ્તિહાર્ય વગેરે બાહ્ય સમૃદ્ધિથી પણ પરમાત્મા યુક્ત છે. તેમની આ સમૃદ્ધિ સામે માનવ-દેવ વગેરેએ ભેગી કરેલી સમૃદ્ધિ તુચ્છ છે. આવી વિશિષ્ટ સમૃદ્ધિવાળાને નમસ્કાર થાઓ.

આઈગરાણં : જૈનધર્મ તો અનાદિ છે. તેની શરૂઆત ક્યારેય કોઇએ ય કરી નથી. પરન્તુ તે તે કાળે જિનશાસનને તીર્થંકારો પ્રકાશિત કરે છે. તે રીતે તે તે કાળમાં તે તે જીવોને વિષે ધર્મની આદિ થાય છે. તેવી ધર્મની આદિ કરનારા અરિહંત ભગવંત છે. કારણકે સૌ પ્રથમ કેવળજ્ઞાન તે કાળમાં તેઓ પામે છે.

તિત્થયરાણં : તીર્થ = ચતુર્વિધ સંઘ = અથવા પ્રથમ ગણધર

પરમાત્માની ગેરહાજરીમાં પણ વિશ્વના જીવો આ તીર્થના બળે સંસાર સમુદ્રથી તરવા સમર્થ બની શકે છે. આવા પવિત્ર તીર્થની સ્થાપના કરનાર અરિહંત ભગવંત છે. તીર્થને સ્થાપતા હોવાથી તેઓ તીર્થંકર કહેવાય છે. પૂર્વના ત્રીજા ભવમાં વિશિષ્ટ પ્રકારનું કર્મ - તીર્થંકર નામકર્મ-નિકાચિત કરેલ હોય તેઓ જ તીર્થંકર બની શકે છે.

પ્રભુ મહાવીરદેવના આત્માએ નંદન રાજર્ષિ તરીકેના ૨૫મા (પૂર્વના ત્રીજા) ભવમાં માસક્ષમણના પારણે માસક્ષમણ કરીને વીસસ્થાનકની આરાધનાપૂર્વક સર્વ જીવો પ્રત્યેની કરુણાથી આ તીર્થંકર નામકર્મ નિકાચિત બાંધ્યું હતું.

સયંસંબુદ્ધાણં : તીર્થંકર પરમાત્માઓ જન્મથી જ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, એ ત્રણ જ્ઞાનના સ્વામી હોય છે. ત્યાર પછી પણ તેમણે લૌકિક જ્ઞાન મેળવવાની જરૂર હોતી નથી. પોતાની જાતે જ તેઓ જ્ઞાની હોય છે.

પ્રભુવીરના માતા-પિતાએ મોહને વશ થઈ, નિશાળમાં ભણવા બાળ વર્ધમાનને મૂક્યા તો તરત ધર્મ મહાસત્તાએ ઇન્દ્રમહારાજનું સિંહાસન કંપાયમાન કર્યું. ધર્મસત્તાથી તીર્થંકરની થતી આશાતના સહન થઈ નહિ. ઇન્દ્ર મહારાજ બ્રાહ્મણનું રૂપ લઇને આવી ગયા.

વર્ધમાનકુમારને પંડિતજીના આસને બેસાડી દીધા અને પંડિતજીને જે શંકાઓ હતી, જેના જવાબ તેઓ હજુ સુધી મેળી શક્યા નહોતા તે શંકાઓ ઇન્દ્રમહારાજા પ્રભુને-બાળ વર્ધમાનને-પૂછવા લાગ્યા અને બાળ વર્ધમાને તે શંકાઓના એવા સચોટ સમાધાન આપ્યા કે પેલા પંડિતજી તો એ સાંભળીને આભા બની ગયા !

'કમાલ ! આટલા નાના બાળકને, મને ન આવડતા જવાબો આવડે છે ! આટલું બધું જ્ઞાન હોવા છતાં ય આ વર્ધમાનકુમારની ગંભીરતા તો જુઓ ! એક શબ્દ પણ પૂછ્યા વિના બોલ્યા નથી. માતા-પિતા ભણવા મૂકવા આવે છે, તો કહેતા નથી કે મને તો બધું આવડે છે ! કેટલા નિરભિમાની ! ધન્ય છે બાળ વર્ધમાનને ! તેમના દર્શને આજે હું પાવન થઇ ગયો !'

પરમાત્માના આત્માને વૈરાગ્ય પમાડવા કોઇએ ઉપદેશ આપવાની પણ જરૂર નથી. તેમને સહજ વૈરાગ્ય હોય છે અને દીક્ષા લીધા પછી પણ પોતાની જાતે જ કેવળજ્ઞાન પામે છે.

પ્રભુના સાધનાકાળની શરૂઆતમાં ઇન્દ્રે પ્રભુ મહાવીરને વિનંતી કરેલ કે,

'હે પ્રભો ! મારા અવધિજ્ઞાનમાં હું જોઈ રહ્યો છું કે આપની ઉપર ઘણા ઉપસર્ગો આવવાના છે. તેથી આપશ્રીને વિનંતી કરું છું કે મને આપની સેવામાં રહેવા દો.

ત્યારે પ્રભુ મહાવીરે કહ્યું હતું કે, 'એવું ક્યારેય બન્યું નથી, બનવાનું નથી કે તીર્થંકરનો આત્મા કોઇની સહાયથી કેવળજ્ઞાન પામે,' અર્થાત્ તીર્થંકરો પોતાની જાતે જ કેવળજ્ઞાન પામતા હોય છે. આવા સ્વયંસંબુદ્ધ (જાતે જ બોધ પામેલા) ભગવાનને નમસ્કાર થાઓ.

**પુરિસ વર પુંડરિયાણં :** કમળ, કાદવ અને પાણીમાં ઊગે છે. તેમાં જ મોટું થાય છે. છતાં તેનાથી સંપૂર્ણ નિર્લેપ રહે છે. પાણી કે કાદવથી તે જરાય લેપાતું નથી તેમ પરમાત્મા પણ સંસારના ભોગસુખો રૂપી કાદવથી પેદા થવા છતાંય, સંસારના ભોગસુખોની વચ્ચે જીવન પસાર કરતાં હોવા છતાં ય સ્વયં ભોગસુખોથી જરાય ખરડાતા નથી. લેપાતા નથી. માટે ભગવંત પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરિકકમળ સમાન છે.

પુરિસ વર ગંધહત્થીણં : ગંધહસ્તિ એટલે મદ ઝરતો હસ્તિ. જેના મદમાંથી એવી વિશિષ્ટ ગંધ નીકળતી હોય કે જેના કારણે અન્ય હાથીઓ તેનાથી સહજ રીતે દૂર રહે. તે જ રીતે પરમાત્મા વિચરતા હોય ત્યાં ચારેબાજુ ૧૨૫ યોજનમાં મારી-મરકી ઇતિ ઉપદ્રવ વગેરે આવી ન શકે. આવ્યા હોય તો દૂર થયા વિના ન રહે; માટે પરમાત્મા ગંધહસ્તિ સમાન છે.

**અભયદયાણં વગેરે :** એકવાર એક કાફલો જઇ રહ્યો હતો. જંગલમાંથી જ્યારે તે પસાર થતો હતો, ત્યારે એક મહાધાડપાડુએ લૂંટ ચલાવી. બધા લોકો આમતેમ નાસભાગ કરવા લાગ્યા. એક માણસ પણ પોતાનો જાન બચાવવા દોડી રહ્યો હતો. તેની પાછળ પેલો ક્રૂર-ખૂંખાર ધાડપાડુ પડ્યો હતો.

બિલાડીની ઝાપટમાં આવેલો ઉંદર કેટલું ટકી શકે ? ધાડપાડુએ પેલા માણસને પકડી લીધો. ઢોરમાર મારવાનું શરૂ કર્યું. પેલો માણસ તો ભયથી થરથર ધ્રુજી રહ્યો છે.

તેની પાસે રહેલી મિલકત વગેરે લૂંટી લઇને, તે ધાડપાડુએ તે માણસની આંખે પાટા બાંધી દીધા. પછી તે માણસને જંગલની અંદરના ભાગમાં આડોઅવળો લઇ જઇને, એક ઝાડ સાથે બાંધી દીધો !

ભૂખ્યો-તરસ્યો તે માણસ સહાય વિનાનો, ભયથી થરથર ધ્રૂજતો ઝાડ સાથે બંધાઇ ગયો છે. કો'કની સહાયની આવશ્યકતા છે. પણ આ તો છે જંગલ ! અહીં તો જે મળે તે ચોર, ડાકુ કે બહારવટિયો જ હોય ને ! અહીં વળી સારી સહાય

આપનાર કોણ મળે ? સતત ભયગ્રસ્ત બનીને સમય પસાર કરે છે. ભયના માર્યા તેના મોઢામાંથી 'બચાવો... બચાવો...' ચીસ નીકળી રહી છે.

તે ચીસ સાંભળીને એક સજ્જન ત્યાં આવી પહોંચે છે. 'ભાઇ ! ચિંતા ન કરીશ. હું આવી ગયો છું, હવે તારે જરાય ગભરાવાની જરૂર નથી.'

સહાનુભૂતિભર્યા આ શબ્દો સાભળતાં જ તેને ટાઢક થઇ. હાય ! કોઇ મદદે આવ્યું, હવે વાંધો નહિ. તે હવે નિર્ભય બન્યો.

પેલા સજ્જને ધડાધડ દોરડાં કાપીને તેને ઝાડથી મુક્ત કર્યો. પછી ધીમે ધીમે તેની આંખે બાંધેલ પાટા છોડી દીધા. આંખો ખૂલતા તેને જાણે કે નવી દૃષ્ટિ મળી. તે ખુશખુશાલ થઇ ગયો. તેને સમજાઇ ગયું કે, સહાયે આવેલ માણસ ખરેખર સજ્જન છે. તેનાથી નિશ્ચે મારું હિત થવાનું છે.

આંખ ખૂલ્યા પછી આભાર માનીને ચારે બાજુ જુએ છે તો ક્યાંય કોઇ રસ્તો કે કોઇ કેડી દેખાતી નથી. હવે મૂંઝવણ છે કે જવું ક્યાં ?

ત્યાં પેલા સજ્જન કહે છે, 'મુંઝાવાની જરૂર નથી. લાવો ! હું તમને નગરનો મુખ્ય માર્ગ બતાડી દઉં.'

નગરમાં જવાની ઇચ્છા તો ઘણી છે. પણ બે તકલીફ હજુ ઊભી છે : (૧) એક તો કકડીને ભૂખ લાગી છે. ભૂખ્યો માણસ ચાલી શી રીતે શકે ? અને (૨) કદાચ નગરના માર્ગમાં વચ્ચે ફરી કો'ક લુંટારા મળી જાય તો શું કરવું ?

આવનાર વ્યક્તિ સજ્જન-શિરોમણિ હતા. કહે છે, ''જરા ય મૂંઝાવાની જરૂર નથી. લો, આ રહ્યું ભોજન. પેટ ભરીને જમી લો.

અને પછી ચાલવા માંડો નગર તરફ. ના, ચિંતા કરવાની જરૂર નથી. હું પણ તમારી સાથે નગર સુધી આવીશ. મારા શરણે રહેશો તો કોઇ તમને તકલીફ આપી નહિ શકે.''

પેલો માણસ તો કૃતજ્ઞતાભરી નજરે આવનાર સજ્જન સામે જોઇ રહ્યો. ભોજન કરીને, તે સજ્જનને પૂર્ણ સમર્પિત થવા દ્વારા તેનું શરણું સ્વીકારીને ઇચ્છિત સ્થાને પહોંચ્યો. વાણી દ્વારા વારંવાર તે સજ્જનનો આભાર માની રહ્યો.

બસ ! આપણને મળેલા ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા આનાથી ય **વિશેષ સજ્જન શિરોમણિ છે.**

સંસારરૂપી જંગલમાં પસાર થતા આપણી પાછળ મોહરાજ નામનો ધાડપાડુ પડ્યો છે. તેણે આપણા ગુણોને લૂંટી લીધા છે. આંખે મિથ્યાત્વનો પાટો બાંધીને

અંધાપો લાવી દીધો છે. ચારિત્રમાર્ગથી કરોડો યોજન દૂર કરી દીધા છે. આપણે ભયભીત બની ગયા છીએ. સંસારમાં ડૂબીને દુર્ગતિમાં જવાનું પોષાતું ન હોવાથી જ્યારે 'બચાવો, બચાવો' બૂમો પાડીએ છીએ ત્યારે પરમાત્મા આવીને કહે છે. 'નિર્ભય થઇ જા. કોઇ ભય રાખીશ નહિ. હું તારી મા છું.'

અને અભયને આપનારા ભગવાન મળતાં જ ભક્ત હૃદયને એટલું બધું સાન્ત્વન મળે છે, જેટલું માને જોઇને બાળકને મળે છે.

નાનકડું બાળક આંગણામાં રમી રહ્યું હતું. ત્યાં દૂરથી ઘૂઘરિયો બાવો આવતો દેખાયો. બાવાને જોઇને બાબો ગભરાઇ ગયો. દોડતો દોડતો રસોડામાં જઇને રસોઇ કરતી માને વળગી પડ્યો. ભયથી શરીર થરથર ધ્રૂજતું હતું. બોલવાની હામ નહોતી. ગભરાટનો પાર નહોતો.

ત્યાં તો પેલો બાવો તેના જ ઘરની બહાર આવીને કહે છે, 'મૈયા ! ભિક્ષાં દેહિ !' અને આ શબ્દો સાંભળતા પેલી માતાએ આટો ભરેલી વાટકી તેડેલા બાબલાના હાથમાં પકડાવી, દરવાજે પહોંચી. બાવાને જોઇને થોડી વાર પહેલાં જે બાબલો ગભરાયો હતો, તે જ બાબલાને મા કહે છે , 'બેટા ! બાવાજીને આટો આપ !'

અને આશ્ચર્ય ! ખરેખર ! પેલા બાબલાએ જરા પણ ગભરાયા વિના બાવાજીને વાટકી લોટ આપી દીધો. થોડી વાર પહેલાં બાવાજીને જોઇને ગભરાટમાં થરથર ધ્રૂજતો બાળક હવે મસ્તીથી તે જ બાવાજીને પોતાના હાથે લોટ આપી શકે છે ! તેનું શું કારણ ?

તેનું કારણ એ છે કે, તેને ખબર છે કે મારી માની પાસે હું છું. અને જ્યાં સુધી મને મારી માનું શરણ છે, ત્યાં સુધી આ બાવો મારું કાંઇ પણ બગાડી શકે તેમ નથી !

માએ બાળકને જેવું અભય આપ્યું તેવું અભયનું દાન પરમાત્મા આપણને આપે છે. અને જ્યાં પરમાત્મા આવીને ઊભા રહે ત્યાં ભય પણ શી રીતે ઊભો રહી શકે ?

પરમાત્મા અભયદાન કરીને અટકી જતા નથી, પણ પેલા મોહનીય ગુંડાએ મિથ્યાત્વનો પાંટો બાધીને જે અંધાપો લાવ્યો છે, તેને પણ દૂર કરે છે. સમ્યગ્દર્શન આપીને નવી દૃષ્ટિ ખોલે છે. તેથી તેઓ ચક્ષુનું દાન કરનારા કહેવાય છે.

માત્ર સમ્યગ્દર્શનરૂપી આંખો જ નથી આપતા, સાથે સાથે, ચારિત્રધર્મ રૂપી મોક્ષમાર્ગ બતાવે છે. ''હે આત્મન્ ! ચાલ્યો આવ સડસડાટ આ રસ્તે... મોક્ષનગરમાં તને પહોંચાડી દઇશ.''

પ્રભુ કહે છે કે, ''રસ્તામાં પેલા મોહ... ચોરટાથી ગભરાવાની જરૂર નથી.'' મારી આજ્ઞાના પાલન કરવા રૂપ મારી હાજરી સતત તારી સાથે છે. તેં મારું શરણું માંગ્યું, તો મેં તને તે આપ્યું છે. મારા શરણે રહેનારાએ હવે કોઇનો ય ડર રાખવાની જરૂર નથી.

અને આ ચારિત્ર્યમાર્ગે ચાલતા પહેલાં તારી ભૂખને દૂર કરવા લે આ સમ્યગ્દર્શનરૂપ ભોજન કરી લે. આ ભોજન વાપર્યા વિના ચારિત્રના માર્ગે કદમ પણ ભરી શકવાની તારામાં તાકાત નથી.''

કેવા મહાકરુણાસાગર છે આ પરમાત્મા ! જેઓ અભય - આંખ - માર્ગ - બોધિ અને શરણના દાતા છે. નિષ્કારણ આપણી ઉપર અખૂટ વાત્સલ્ય વરસાવી રહ્યાં છે ! સતત આપણી કાળજી લઇ રહ્યા છે. જાણે કે એક માત્ર આપણને તારી દેવાની પ્રવૃત્તિમાં મસ્ત છે.

પણ આપણે જો આ પરમાત્માની આવી ભવ્ય કરુણાને ન સ્પર્શી શકીએ તો આપણા જેવો અભાગી બીજો કોઇ નહિ.

**ધમ્મ સારહીણં :** પરમાત્મા આપણા ધર્મરથના સારથિ છે. આપણે ધર્મમાર્ગે આગળ વધતા વધતા ક્યારેક અનાદિકાળના અશુભસંસ્કારને વશ થઇને ખોટા માર્ગે ચાલવા માંડીએ તો પરમાત્મા આપણા જીવનરથને સાચા માર્ગે પાછા લાવનારા સારથિ છે.

પેલા મેઘકુમારને દીક્ષા લીધા પછી સાધુઓની ચરણરજના કારણે પ્રતિકુળતા મળતા દીક્ષા છોડી દેવાના વિચાર આવ્યા. ત્યારે ઉન્માર્ગે જતા તેના જીવનરથને પરમાત્મા મહાવીરદેવ સાચા માર્ગે ક્યાં નહોતા લાવ્યા ? પ્રભુવીર મેઘના જીવનરથના સારથિ બન્યા હતા.

આપણો જીવનરથ પણ પાપના માર્ગે કદમ ન ભરે તે માટે પ્રભુને વિનંતી કરીએ કે, ''હે પ્રભો, આપ મેઘકુમારની જેમ અમારા પણ ધર્મરથના સારથિ બનો અને અમારા જીવનને સદા પવિત્ર રાખવામાં સહાય કરો. ખોટા વિચારો-ઉચ્ચારો કે વર્તન કરતા અમને સદ્બુદ્ધિ આપીને સાચા રાહે લઇ જાઓ.''

**જાવયાણં - તારયાણં - બોહયાણં - મોઅગાણં :**

પરમાત્માની અદ્ભુત વિશેષતાઓ આ પદોમાં જણાવી છે - આ દુનિયાની વ્યક્તિઓ સામાન્યતઃ પોતાની જાતને મહાન બનાવવાના અનેક પ્રયત્નો કરતી હોય છે પણ પોતે જેવા મહાન બન્યા, તેવા મહાન બીજાઓને બનાવવા ઇચ્છતી નથી.

કોઇ શેઠ પોતાના નોકરને પોતાના જેવો શેઠ બનાવવાને ઇચ્છતો નથી.

જ્યારે આપણને મળેલા પરમાત્માનું સ્વરૂપ જ અચિન્ત્ય છે. તેઓ મહાકરુણાસાગર છે અને તેથી રાગ-દ્વેષને જીતીને તેઓ માત્ર જિન જ બન્યા નથી, આપણને પણ રાગ-દ્વેષ ઉપર વિજય પ્રાપ્ત કરાવીને જિન બનાવનારા છે.

માત્ર પોતે જ સંસારસમુદ્રને તરનારા નથી, આપણને પણ સંસારસમુદ્રના પારને પમાડનારા છે.

કેવળજ્ઞાન પામીને માત્ર પોતે જ બુદ્ધ થયા છે, એમ નહિ આપણા જેવાને પણ કેવળજ્ઞાન પમાડીને બુદ્ધ બનાવનારા છે.

તથા કર્મોથી જાતે તો મુક્ત બન્યા છે, આપણને પણ સર્વ કર્મોથી મુક્ત બનાવનારા છે.

સ્વયં જિન-તીર્ણ-બુદ્ધ કે મુક્ત બનવાની તાકાત તો બીજા પણ આત્માઓમાં હોઇ શકે પણ અન્ય જીવોને જિન-તીર્ણ-બુદ્ધ કે મુક્ત બનાવવાની તાકાત તો માત્ર તીર્થંકર ભગવંતમાં જ છે. તેથી તીર્થંકર ભગવંતોને જ જિનેશ્વર (જિનોના પણ સ્વામી) કહેવાય છે.

ગૌતમસ્વામી વગેરે જિન બન્યા છે, પણ જિનેશ્વર બનવાની તાકાત તો મહાવીરસ્વામી વગેરેમાં જ હતી.

બધાને ઉગારવાની ભાવનાથી આ જિનેશ્વર ભગવંતોએ એવી તારક શક્તિ મેળવી છે કે જેનાથી તેઓ શાસન સ્થાપીને અનેકોને જિન-તીર્ણ-બુદ્ધ અને મુક્ત બનાવવાનું કાર્ય કરે છે. આવા તારક દેવાધિદેવ પરમાત્માની આ વિશિષ્ટ તાકાતનો ખ્યાલ આપણને આવશે ત્યારે તેમની કરુણાની પરાકાષ્ઠા તરફ હૈયું ભાવોથી ઝૂકી ગયા વિના રહેશે નહિ. અનંતશઃ વંદના હો તેઓના ચરણે.

**સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ સિદ્ધિગઇ નામધેયં ઠાણં.**

આ શબ્દોમાં મોક્ષનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે. મોક્ષનું નામ છે : સિદ્ધિગતિ. તે સર્વ ઉપદ્રવોથી રહિત કલ્યાણકારી સ્થાન છે. તે નિશ્ચલ સ્થાન છે. ત્યાં રોગાદિ પીડા કદી હોતી નથી. અનંતકાળ સુધી ટકનારું છે. અક્ષય છે. કોઇ પણ જાતની વ્યાબાધા ત્યાં નથી. એટલું જ નહિ, આ મોક્ષમાં પહોંચ્યા પછી કદીય સંસારમાં ફરી જન્મ લેવાનો હોતો નથી. સદા-શાશ્વતકાળ માટે ત્યાં જ આનંદમાં મસ્ત રહેવાનું હોય છે.

જો મોક્ષમાં જઈને પણ પાછો જન્મ લેવાનો હોય, માતાના પેટમાં નવ મહિના ઊંધા મસ્તકે લટકવાનું હોય, એકડો ફરીથી ઘૂંટવાનો હોય, નવા નવા દુઃખોમાં સબડવાનું હોય, ઘડપણ અને મોતને અનિચ્છાએ પણ સ્વીકારવાના હોય અને અનેક જન્મો લેવા રૂપે ફરી સંસારમાં રખડપટ્ટી કરવાની હોય તો તેવા મોક્ષનો શું અર્થ ? તેવો મોક્ષ મેળવીને ફાયદો શો ? શા માટે તેવા મોક્ષને મેળવવા બધા કષ્ટો સહેવાના ?

મોક્ષમાં જતાંની સાથે જ બધા દુઃખો નાશ પામી જતા હોવાથી, સંસારની રખડપટ્ટી ટળી જતી હોવાથી, આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ થતું હોવાથી અને શાશ્વતકાળ સુધી આનંદમય અવસ્થા પ્રાપ્ત થતી હોવાથી મોક્ષમાં જવાનું છે. મોક્ષમાં ગયા પછી જન્મ લેવાનો નથી. ધરતી ઉપર આવવાનું નથી.

મોક્ષનું આવું વિશિષ્ટ સ્વરૂપ જૈન ધર્મ સિવાય ક્યાંય બતાડેલ નથી. જૈન ધર્મની આ એક જબરી વિશિષ્ટતા છે.

ચાલો... આપણે સૌ પણ ઉપરોક્ત સ્વરૂપવાળા મોક્ષને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ તે માટે શુદ્ધ ધર્મને જીવનમાં સ્થાન આપીએ અને આત્માનું જલ્દીથી કલ્યાણ કરીએ.

**નમો જિણાણં...જિઅભયાણં**

ઉપરોક્ત સ્વરૂપવાળા મોક્ષને પ્રાપ્ત કરનારા અને સર્વ પ્રકારના ભયોને જિતનારા જિનને નમસ્કાર થાઓ.

આપણને તો ડગલેને પગલે અનેક પ્રકારના ભયો સતાવે છે. પરમાત્માએ તમામ ભયોને જીતી લીધા છે. તેથી ભયરહિત અવસ્થા પ્રાપ્ત કરવા આપણે આ ભયરહિત ભગવાનને ભજવા જોઈએ.

**જે એ અઈઆ સિદ્ધા...**

ભૂતકાળ- વર્તમાનકાળ- અને ભવિષ્યકાળના સિદ્ધોને આ છેલ્લી ગાથામાં નમસ્કાર કર્યા છે. માત્ર વિચરતા તિર્થંકરો જ વંદનીય છે, એમ નહિ. માત્ર ભગવાનનું નામ લઈને કે પ્રતિમાની પૂજા કરીને જ અટકી જવાનું નથી, પણ ભૂતકાળમાં થયેલા ને ભવિષ્યમાં થનારા એવા દ્રવ્યતિર્થંકર ભગવંતોને પણ વંદના કરવાની છે. તે વંદના પણ માત્ર કાયાથી કે વચનથી જ નહિ મનથી પણ કરવાની છે.

# (૪) સર્વ ચૈત્યવંદન સૂત્ર

## જાવંતિ ચેઈઆઈં સૂત્ર

**ભૂમિકા :-** ચૈત્યવંદન કરતી વખતે 'જંકિંચી' સૂત્ર બોલવા દ્વારા સામાન્યથી સર્વ તીર્થોને વંદના કરી હતી. પણ ભક્તહૃદય આ રીતે માત્ર સામાન્યથી વંદના કરીને સંતોષ માની શકતું નથી. પોતાનામાં ઊભરાઈ રહેલા પરમોપકારી પરમાત્મા પ્રત્યેના વિશિષ્ટ કૃતજ્ઞતાભાવ તથા અહોભાવને પ્રદર્શિત કરવા તે તો વિશેષ રીતે તેને વંદના કરવા માગે છે.

તેથી તે તીર્થોમાં રહેલાં તમામ ચૈત્યોને પણ ઊભરાતા ભાવો વડે વંદના આ સૂત્ર બોલવા દ્વારા કરે છે. ના..... માત્ર આ સૂત્ર બોલીને કે તેમાં રહેલું 'વંદે' પદ બોલતી વખતે મસ્તક નમાવીને ભક્ત અટકી જવા માંગતો નથી. તે તો આગળ વધીને, આ સૂત્ર બોલ્યા બાદ, ખમાસમણ સૂત્ર બોલવાપૂર્વક પંચાંગ પ્રણિપાત કરવા પણ માંગે છે. અને તેથી આ સૂત્ર બોલ્યા બાદ ચૈત્યવંદનમાં ખમાસમણ દેવામાં આવે છે.

જિનશાસનમાં માત્ર આદર્શોની વાત નથી, તેનો વ્યવહારું ઉકેલ પણ છે. ભક્ત હૃદયમાં ઊભરાતા કૃતજ્ઞતાભાવને કારણે ત્રણ લોકના સર્વ ચૈત્યોને વંદના કરવાની ઇચ્છા પ્રગટે તે સ્વાભાવિક છે. પણ તેનો અમલ શી રીતે કરવો ? છે એવો કોઈ ઉપાય કે જેનાથી અહીં રહીને ય ત્યાં રહેલાં સર્વ જિનચૈત્યોને વંદના કરી શકાય ?

જિનશાસન કહે છે કે, "હા ! એનો ઉપાય છે. ઉછળતા ભાવે, મુક્તાસુક્તિ મુદ્રા કરીને, પ્રણિધાનપૂર્વક, 'જાવંતિ ચેઈઆઈ સૂત્ર' બોલીને કરો પંચાંગ પ્રણિપાત અને લાભ મળી જશે અહીં રહીને ત્રણ લોકમાં રહેલાં સર્વ ચૈત્યોને વંદના કરવાનો.

* (૧) **શાસ્ત્રીય નામ :** સર્વ ચૈત્યવંદન સૂત્ર

* (૨) **લોકપ્રસિદ્ધ નામ :** જાવંતિ ચેઈઆઈ સૂત્ર

* (૩) **વિષય :** ત્રણ લોકમાં રહેલા જિનચૈત્યોને વંદના

* (૪) **મહત્ત્વનો ફલિતાર્થ :** જેના હૃદયમાં અપરંપાર ભક્તિભાવ ઊભરાય છે, તેની વાતો બધી ન્યારી હોય છે. તેનું હૃદય વારંવાર ભગવાનને વંદન કર્યા વિના રહી શકતું નથી. એક પણ ચૈત્યને વંદના કર્યા વિના રહી ન જવાય, તેની તે કાળજી લેતો હોય છે.

અરે ! ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકના ચૈત્યોમાંથી કોઈ પણ ચૈત્યની

વંદના બાકી ન રહી જાય તે માટે ઉર્ધ્વ - અધો - તિર્ચ્છા લોકના શબ્દનો પ્રયોગ કરવા પૂર્વક તેને યાદ કરીને વંદના કરે છે.

### * (૫) સૂત્ર :

**જાવંતિ ચેઈઆઈં, ઊડ્ઢે અ અહે અ તિરિય-લોએ અ;**
**સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં ॥ ૧ ॥**

### * (૬) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :

- દરેક શબ્દ જુદા જુદા બોલવા.
- ચેઈઆઈં, સવ્વાઈં, તાઈં, સંતાઈં વગેરે પદોના છેલ્લા અક્ષર ઉપર '૦' (અનુસ્વાર) છે,તે બોલવાનું ભૂલવું નહિ.
- ઊડ્ઢે, અહે, તિરિયલોએ, આ દરેક પદો પછી 'અ' છે તે બોલવો રહી ન જવો જોઈએ.

### * (૭) શબ્દાર્થ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| જાવંતિ | = | જેટલાં | તાઈં | = | તે |
| ચેઈઆઈં | = | ચૈત્યો | વંદે | = | વંદન કરું છું. |
| ઊડ્ઢે | = | ઊર્ધ્વલોકમાં | ઈહ | = | અહીં |
| અ | = | અને | સંતો | = | રહેલો |
| અધો | = | અધોલોકમાં | તત્થ | = | ત્યાં |
| તિરિયલોએ | = | તિર્ચ્છાલોકમાં | સંતાઈં | = | રહેલાને |
| સવ્વાઈં | = | બધા | | | |

### (૮) સૂત્રાર્થ :

**ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકમાં જેટલો ચૈત્યો છે, અહીં રહેલો હું ત્યાં રહેલાં તે સર્વ(ચૈત્યો)ને વંદના કરું છું.**

### (૯) વિવેચન :

'જાવંતિ' શબ્દ વડે તમામ જિનચૈત્યોને વંદના કરવાનો ભાવ છે. જેટલાં ચૈત્યો હોય તે બધાં જ. તેમાંનું એકપણ ચૈત્ય બાકી નહિ.

ત્રણ લોકમાંથી એકપણ લોક બાકી ન રહી જાય તે માટે ત્રણે ય લોકના નામોનો પણ નિર્દેશ કર્યો છે.

વળી જિનચૈત્યો કહેવાથી જિનબિંબો પણ સમજી લેવાના છે. તે તમામ જિનબિંબોને પણ આ સૂત્રથી નમસ્કાર કરવાના છે.

સૂત્ર-૧૬

# (૫) સર્વ સાધુવંદન સૂત્ર

## જાવંત કે વિસાહૂ સૂત્ર

ભૂમિકા :- અનંત ઉપકારી ચૈત્યોને વંદના કરતી વખતે ભક્ત સારી રીતે જાણે છે કે હું આજે જે આ વંદના કરી રહ્યો છું, તેના મૂળમાં પૂજનીય સાધુ ભગવંતો છે.

જો તે ગુરુભગવંતોએ અવસરે અવસરે ચૈત્યોની રક્ષા ન કરી હોત, જો તેઓએ ચૈત્યોની મહત્તા ન સમજાવી હોત, ચૈત્યોની વંદના - પૂજા શી રીતે કરવી ? તેનું માર્ગદર્શન ન આપ્યું હોત તો મારા નસીબમાં વળી આ ચૈત્યવંદના ક્યાંથી હોત ?

આજે આ પરમાત્મા, પરમાત્માનું પૂજન, પરમાત્માના વચનો; મને જે કાંઈ મળે છે, તે બધામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપકારી આ પંચમહાવ્રતધારી ગુરુ ભગવંતો જ છે. તેમણે જ મને આ પરમાત્માની સાચી ઓળખાણ કરાવી છે. મારા હૃદયમાં તેમના પ્રત્યે અપરંપાર બહુમાન પેદા કરાવનાર પણ તે ગુરુભગવંતો છે.

મારા આ અસીમ ઉપકારી ગુરુભગવંતોને હું કોઈ પણ સંયોગમાં ભૂલી શકું તેમ નથી. કારણે કે ઉપકારીઓને ભૂલી જવા રુપ કૃતઘ્નતા જેવું ભયંકર પાપ દુનિયામાં બીજું કયું હોઈ શકે ? આવું વિચારનારો ભક્ત, મહોપકારી ગુરુભગવંતોને વંદના કરવા માટે ચૈત્યવંદનમાં આ સર્વસાધુવંદન સૂત્ર ઉચ્ચાર્યા વિના રહી શકતો નથી.

આપણે જે દુનિયામાં વસીએ છીએ તે મનુષ્યલોકમાં જ સાધુ-સાધ્વીજી ભગવંતો હોય.પરંતુ આપણી ઉપર રહેલી દેવોની દુનિયામાં કે આપણી નીચે રહેલી નરકની દુનિયામાં સાધુ - સાધ્વીજી ભગવંતો ન હોય.

આપણી આ દુનિયા આપણને જે દેખાય કે સંભળાય છે, તેટલી જ નથી બલ્કે તેના કરતાં ઘણી બધી મોટી છે. આપણે જાણીએ છીએ તેના કરતાં ય ઘણું મોટું ભરતક્ષેત્ર છે, તેટલું જ બીજું એક ઐરાવતક્ષેત્ર છે. તે બંને કરતાં ય ઘણું મોટું મહાવિદેહક્ષેત્ર છે. આ ત્રણેય ક્ષેત્રોમાં સાધુ-સાધ્વીજી ભગવંતો વિચરી રહ્યા છે.

• અરે ! આ તો જંબુદ્વીપની અંદર આવેલાં ભરત, ઐરાવત તથા મહાવિદેહ ક્ષેત્રની વાત થઈ. આ જંબુદ્વીપ સિવાય ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપ પણ આ ધરતી ઉપર આવેલાં છે.

આ ધાતકીખંડમાં બે ભરતક્ષેત્ર, બે ઐરાવત ક્ષેત્ર અને બે મહાવિદેહક્ષેત્ર આવેલાં છે, તે જ રીતે પુષ્કરવરદ્વીપના પ્રથમ અડધા ભાગમાં પણ બે ભરતક્ષેત્ર, બે ઐરાવતક્ષેત્ર અને બે મહાવિદેહક્ષેત્ર આવેલાં છે. આમ, બધું મળીને આપણી આ ધરતી ઉપર પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ ક્ષેત્રો આવેલાં છે.

તે દરેકમાં પંચ મહાવ્રતોને ધારણ કરનાર સંયમધર સાધુ-સાધ્વીજી ભગવંતો વિચરી રહ્યા છે. તે તમામે તમામ સાધુ-સાધ્વીજી ભગવંતોને એકી સાથે વંદના આ સૂત્રથી કરી શકાય છે.

શ્રાવક તેને જ કહેવાય, જે સાધુજીવન સ્વીકારવા તલપતો હોય. કર્મોની પરાધીનતાના કારણે, કદાચ તે સાધુજીવન ન સ્વીકારી શકે તો ય તેના રોમરોમમાં સાધુજીવન મેળવવાની ઝંખના તો સદા પડેલી જ હોય. પોતાની તે ઝંખના જલ્દીથી સાકાર થાય તે માટે, જેમણે તે સાધુજીવન સ્વીકારી લીધું છે; તે સાધુ ભગવંતોને સતત વંદના કર્યા વિના તે શી રીતે રહી શકે? તેથી ''જલદીથી મને સાચું સાધુપણું પ્રાપ્ત થાવ,'' તેવી ભાવનાથી ઓળઘોળ બનીને તે આ સૂત્ર બોલવા દ્વારા વારંવાર સાધુ ભગવંતોને વંદના કરે છે.સાધુભગવંતો પોતાને પ્રાપ્ત થયેલું સંયમજીવનવધુ નિર્મળ બને તે માટે તેવા નિર્મળ સંયમને ધારણ કરનારા સાધુભગંતોને આ સૂત્ર દ્વારા વંદના કરે છે.

* (૧) **શાસ્ત્રીય નામ :** સર્વ - સાધુવંદન સૂત્ર

* (૨) **લોક પ્રસિદ્ધ નામ :** જાવંત કે વિ સાહૂ સૂત્ર

* (૩) **વિષય :** સર્વ સાધુ ભગવંતોને ભાવ વિભોર બનીને વંદન.

* (૪) **મહત્ત્વનો ફલિતાર્થ :** ગમે તે સ્થિતિમાં કે ગમે તે વિધિમાં ઉપકારીઓને ભૂલાય નહિ. જે ઉપકારીઓને ભૂલી જાય છે, અરે ! તેની ઉપર વળતો અપકાર કરે છે, તેઓ કૃતઘ્ની છે. આવા કૃતઘ્ની કદી ન બનવું જોઈએ.

માત્ર પરમાત્માનો જ ઉપકાર યાદ કરીને તેમની ભક્તિ કરીએ અને પરમાત્માની ઓળખાણ કરાવનાર માતા-પિતા કે ગુરુજનોને યાદ પણ ન કરીએ તો તે કોઈ પણ સંયોગોમાં ચાલી શકે નહિ.

ભગવાનની ચૈત્યવંદના કરતી વખતે પણ જે ભકત આ જાવંત કે વિસાહૂ સૂત્ર દ્વારા ગુરુને ભૂલતો નથી, તે ભક્ત હવે દેરાસરમાંથી દર્શન કે પૂજન કરીને બહાર નીકળ્યા બાદ નજીકના ઉપાશ્રયમાં રહેલા ગુરુ ભગવંતોને વંદના કર્યા વિના પોતાના ઘરે ન જ જાય, તે તો સમજી શકાય તેવી વાત છે. અને ગુરુભગવંતને વંદન કર્યા પછી, તેમની સુખશાતા પૂછ્યા પછી, જરુર જણાય તો સેવા કર્યા વિના પણ ન જ રહે ને?

## * (૫) સૂત્ર :

જાવંત કે વિ સાહૂ, ભરહે-રવય-મહાવિદેહ અ;
સવ્વેસિં તેસિં પણમો, તિવિહેણ તિદંડ વિરયાણં

## * (૬) આટલું ધ્યાનમાં રાખવા જેવું :

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| જાવંતિ | જાવંત | સવ્વેસિ | સવ્વેસિં |
| ભરહે રવય | ભરહેરવય | તિવિએણ | તિવિહેણ |
| વિદેહ | મહાવિદેહે અ | ત્રિદંડ | તિદંડ |
| પ્રણમો | પણમો | વિરિયાણં | વિરયાણં |

## * (૭) શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| જાવંત | = જેટલા | સવ્વેસિં | = બધાને |
| કે વિ | = કોઈ પણ | તેસિં = | તેઓને |
| સાહૂ | = સાધુ ભગવંતો | પણમો | = નમેલો છું |
| ભરહેરવય | = ભરત, ઐરવત ક્ષેત્ર | તિવિહેણ | = ત્રણ પ્રકારે |
| મહાવિદેહે | = મહાવિદેહક્ષેત્ર | તિદંડ= | ત્રણ દંડથી |
| અ | = અને | વિરયાણં | = વિરામ પામેલા |

## * (૮) સૂત્રાર્થ :

**(પાંચ) ભરત, (પાંચ) ઐરવત અને (પાંચ) મહાવિદેહક્ષેત્રમાં જે કોઈ પણ (જેટલાં) સાધુ ભગવંતો (મન-વચન-કાયા રુપી) ત્રણ દંડથી અટકેલા છે, તે સર્વને હું (મન-વચન-કાયાથી) ત્રિવિધે નમેલો છું.**

## * (૯) વિવેચન :

આ દુનિયામાં તો ઘણી જાતના બાવા-ફકીર-સંન્યાસી-સાધુઓ હોય, તે બધાને કાંઈ નમસ્કાર કરવામાં આવ્યો નથી. તે રીતે બધાને કાંઈ નમસ્કાર થઈ શકે પણ નહિ. મન-વચન અને કાયાના અશુભ વિચારો-ઉચ્ચારો અને આચારોના જેઓ ત્યાગી હોય તેવા સાધુભગવંતોને જ પ્રણામ કરવાની વાત આ સૂત્રમાં જણાવવામાં આવી છે.

જેઓ સાચા સાધુ હોય, પરમાત્માની આજ્ઞા પ્રમાણે જીવન જીવવા માંગતા હોય તેવા સાધુ ભગવંતને નમસ્કાર કરવાનો છે. તે માટે આ સૂત્રમાં ખાસ તિદંડ વિરયાણં શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

સૂત્ર-૧૭

# (૬) સંક્ષિપ્ત પરમેષ્ઠિ - નમસ્કાર સૂત્ર

## નમોઽર્હત્ સૂત્ર

ભૂમિકા : માનવ જીવનને સફળ બનાવવા માટેનો જો કોઈ જરુરી ગુણ હોય તો તે છે પાપભીરુતા. પાપનો સતત ડર.

જિનશાસનને પામેલો આત્મા ડગલે ને પગલે પાપથી ડરતો હોય, કારણ કે તેને સામે પરલોક દેખાતો હોય. મોક્ષ ન મળે તો ત્યાં સુધી પરભવે દુર્ગતિ તો નથી જ જોઈતી, તેવો તેનો નિશ્ચય હોય. દુર્ગતિ ન થઈ જાય તે માટે પળે પળે તે જાગ્રત હોય. એક પણ પાપ ન થઈ જાય તેની કાળજી લેતો હોય; કેમ કે જે પાપ કરે તે દુર્ગતિમાં જતો શી રીતે અટકી શકે ?

આવા પાપભીરુતા ગુણને જીવનમાં પેદા કરવાનો સંદેશ આપતું આ સૂત્ર છે. આ નમોર્હત્ સૂત્ર કહે છે કે કોઈ કદી પાપ કરશો મા ! ભૂલમાં જો કોઈ પાપ થઈ જાય તો તેનાથી અટક્યા વિના ન રહેજો. થઈ ગયેલા પાપોનો ભરપૂર પશ્ચાત્તાપ કરજો. ના, માત્ર પશ્ચાત્તાપ કરીને અટકી ન જતા; પણ ગુરુ ભગવંત પાસે જઇને તેની શુદ્ધિ કરજો. તેમણે આપેલા પ્રાયશ્ચિત્તને જલદીથી વહન કરજો. ફરી તેવા પાપો થઈ ન જાય તેવા પચ્ચક્ખાણ કરજો.

આ પશ્ચાત્તાપ - પ્રાયશ્ચિત અને પચ્ચક્ખાણની ત્રિપુટી આપણા જીવનનું કલ્યાણ કરનારી માસ્ટર કી છે. જેની પાસે આ ત્રિપુટી આવી ગઈ, તેનું માનવજીવન સફળ થઈ ગયું. તેના આત્માનું કલ્યાણ થઈ ગયું.

મહાતાર્કિક, મહાબુદ્ધિશાળી, પ્રખર સાહિત્યકાર, શાસનપ્રભાવક, સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી નામના મહારાજસાહેબ થઈ ગયા.

એક દિવસ તેમને થયું કે આપણા સૂત્રો સાવ સામાન્ય ગણાય તેવી પ્રાકૃત ભાષામાં કેમ રચાયા હશે ? આ બરોબર થયું જણાતું નથી. લાવ ! હું તેને સંસ્કૃતભાષામાં ફેરવી દઉં. બધા સૂત્રો સંસ્કૃતભાષામાં હોય તો તેનો પ્રભાવ ઘણો પડે.

પોતાને આવેલા આ વિચારનો અમલ કરવા તેમણે નવકાર મહામંત્રના પ્રથમ પાંચ પદોનું સંસ્કૃતમાં રુપાંતર કરીને જે એક સંક્ષિપ્ત સૂત્ર બનાવ્યું તે જ આ નમોઽર્હત્ સૂત્ર.

પણ આ સૂત્ર રચાયા પછી તે ભવભીરુ મહાત્માને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. મારા કરતાં ગણધર ભગવંતો તો કેટલા બધા જ્ઞાની હતા ! ક્યાં સૂર્ય સમાન તેજસ્વી તેઓ અને ક્યાં આગિયા જેવો હું ? તેમની ભૂલો કાઢવા હું બેઠો ! ધિક્કાર છે મારી જાતને !

જો સંસ્કૃત સૂત્રો રચવા દ્વારા જગતનું હીત થઈ શકે તેમ હોત તો તેઓ તેમ જ કરત. પણ સંસ્કૃતભાષા તો વિદ્વદ્ભોગ્ય છે. જો સંસ્કૃતભાષામાં સૂત્રો રચાય તો વિદ્વાનો સિવાય આમ પ્રજાનું કલ્યાણ શી રીતે થાય ?

પૂર્વના મહાપુરુષો જે કરે તે સદા યોગ્ય જ હોય. હું કેવો પાપી કે મેં તો તેમાં ય દોષ જોયો ? ધિક્કાર છે મારી તે અનધિકાર બાલિશ ચેષ્ટાને !

ભવભીરું પૂજ્યપાદ આચાર્યભગવંતનું રોમરોમ પશ્ચાત્તાપથી પ્રજ્વલિત બની ગયું. તેમને હવે ચેન પડતું નથી. ''જ્યાં સુધી મારી થઈ ગયેલી આ ભૂલનું હું પ્રાયશ્ચિત્ત ન કરું ત્યાં સુધી મારાથી શાંતિથી જીવાય શી રીતે ? તેવા વિચારો ચાલે છે.

અને પોતાનાથી થઈ ગયેલી આ ભૂલનું પારાંચિત પ્રાયશ્ચિત્ત તેમણે સ્વીકાર્યું.

શાસ્ત્રોમાં પાપોના દસ પ્રકારના પ્રાયશ્ચિત્તો બતાડ્યા છે. તેમાં અઘરામાં અઘરું આ પારાંચિત નામનું દસમા નંબરનું પ્રાયશ્ચિત્ત છે. પોતાની નાનીશી ભૂલને ય તેમણે પર્વત જેવી ભયકંર મોટી માની અને તે રીતે મોટામાં મોટું પ્રાયશ્ચિત્ત કર્યું.

ધન્ય છે તેમની પાપભીરુતાને ! આવી પાપભીરુતા આપણે આપણા જીવનમાં પેદા કરવાની છે. નાનું પણ પાપ ન થઈ જાય તેની કાળજી લેવાની છે. કદાચ ભૂલ થઈ જાય તો ય તેની પ્રશંસા તો નથી કરવાની, પણ થઈ ગયેલી ભૂલનો પસ્તાવો કરી, તેનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે. તે વખતે આપણી નાની પણ ભૂલને મેરુપર્વત જેવી મોટી માનવાની છે. તેમ કરવાથી પસ્તાવો વધારે થતાં તે ભૂલનું પાપ તો નાશ પામે પણ સાથે સાથે ભૂતકાળમાં બંધાયેલાં બીજા અનંતાનંત પાપકર્મો પણ સાથેને સાથે નાશ પામી જાય.

યાદ રાખીએ કે થઈ ગયેલા પાપની પ્રશંસા કે બચાવ કરીએ તો તે પાપો વધુ મજબૂત બને છે. પણ જો થયેલા પાપોનો પસ્તાવો કરીએ તો તે પાપો બળીને ખાખ થઈ જાય છે. દુ:ખો કે દુર્ગતિ આપી શકવાની તેમની તાકાત નાશ પામી જાય છે.

પૂજ્યપાદ સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાની આ પાપભીરુતાને નજરમાં રાખીને, જૈનસંઘે આવા મહાન શાસનમાન્ય ગીતાર્થ આચાર્યભગવંતની આ કૃતિને આગમસૂત્રો સિવાયના ગુજરાતી પદો, સ્તવનો વગેરે પૂર્વે મંગલ રુપે બોલવાનું નક્કી કર્યું.

પ્રાચીન કાળમાં સ્ત્રીઓને તેમના સ્વભાવ દોષના કારણે સંસ્કૃતભાષાનો નિષેધ હતો તે કારણે આ સૂત્ર સંસ્કૃત ભાષામાં હોવાથી સાધ્વીજી તથા શ્રાવિકાને આ સૂત્ર બોલવાનું હોતું નથી. પણ સાધુ ભગવંતો તથા પુરુષોને તમામ ગુજરાતી થોય-સ્તવન વગેરે કૃતિઓ બોલતાં પહેલાં મંગલ માટે આ સૂત્ર બોલવાનું હોય છે.

* (૧) **શાસ્ત્રીય નામ :** સંક્ષિપ્ત પરમેષ્ઠિ નમસ્કાર સૂત્ર.
* (૨) **લોક પ્રસિદ્ધનામ :** નમોર્હત્ સૂત્ર
* (૩) **વિષય :** પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર.
* (૪) **મહત્ત્વનો ફલિતાર્થ :** પાપ કરવા માત્રથી પાપી કોઈ બનતું નથી, જો તે પાપનો પછી તીવ્ર પશ્ચાત્તાપ કરાતો હોય તો. અરે ! ભૂલમાં થઈ ગયેલા પાપનો પશ્ચાત્તાપ કરનાર તો મહાત્મા કહેવાય. પુરુષોત્તમ કહેવાય. તેમનું નામસ્મરણ કરવાથી ય અનંતા કર્મોનો ખાત્મો બોલાય.

તેથી કોઈ ભૂલને નજરમાં લઈને કોઈ પણ વિશિષ્ટ મહાત્માઓની નિંદા કે આશાતના કદી કોઈ કરશો નહિ. તેમના હૃદયમાં પ્રજવલતા પશ્ચાત્તાપ તથા તેમણે કરેલા પ્રાયશ્ચિત્તને પણ નજરમાં લેતા રહેજો.

દુનિયામાં દેખાતા કોઈ પણ પાપીને પાપી કહીને ધિક્કારતા નહિ. કદાચ તે પાપી પરિસ્થિતિવશ પાપ કર્યા બાદ અંદરથી પશ્ચાત્તાપ વડે રડતો જળતો કેમ ન હોય ? માટે કદી ય કોઈની ભૂલ જોવી નહિ. કદી ય કોઈને તિરસ્કારવા નહિ.

## * (૫) ઉચ્ચાર અંગે સૂચનો :

આ આખું સૂત્ર સળંગ એક વાક્ય રુપે છે. તેથી તે બોલતા વચ્ચે ક્યાંય અટકવાનું નથી, પણ સળંગ બોલવાનું છે. ઘણા આ સૂત્રના નમોર્હત, સિદ્ધાચાર્યો, પાધ્યાય, સર્વ સાધુભ્ય : આવા ચાર ટુકડા પાડે છે, પણ તે જરાય ઉચિત નથી.

## * (૬) આટલું ધ્યાનમાં રાખવા જેવું

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| નમોરહત્ | નમોર્હત્ | સવ્વ | સર્વ |
| સિદ્ધાચાર્ય પાધ્યાયે | સિદ્ધાચાર્યો પાધ્યાય | સાધુભ્યમ્ | સાધુભ્યઃ |

## * (૭) સૂત્ર

**નમોઽર્હત્ - સિદ્ધાચાર્યોપાધ્યાય - સર્વ સાધુભ્ય :**

## * (૮) શબ્દાર્થ :

નમો = નમસ્કાર થાઓ
અર્હત્ = અરિહંત ભગવંતને
સિદ્ધાચાર્યોપાધ્યાય = સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાયને
સર્વ = બધા
સાધુભ્ય = સાધુ ભગવંતોને

## * (૯) સૂત્રાર્થ :

**અરિહંત-સિદ્ધ-આચાર્ય - ઉપાધ્યાય અને સર્વ સાધુભગવંતોને નમસ્કાર થાઓ.**

## * (૧૦) વિવેચન :

પાંચ પરમેષ્ઠિભગવંતો પરમ મંગલરુપ છે. ઈષ્ટ તેને કહેવાય કે જે આપણી ઇચ્છાઓને પૂર્ણ કરે. પરંતુ પૂર્ણ થયેલી ઇચ્છાઓ ફરી પેદા થાય પણ ખરી.

પરંતુ જેઓ આપણી ઇચ્છાઓને એવી રીતે પૂર્ણ કરે કે જેથી આપણને ફરી કોઈ ઇચ્છા જ ન થાય. આપણે સદા માટે અત્યંત તૃપ્ત બની જઈએ. તે પરમેષ્ટ કહેવાય.

આવા પરમેષ્ટને પરમેષ્ઠિ કહેવાય. તેઓ પાંચ છે : અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ ભગવંત. આ પાંચેય પરમેષ્ઠિઓને નમસ્કાર કરવો તે મંગલ છે. માટે મંગલ રુપે અહીં પાંચે યને નમસ્કાર કરવામાં આવ્યો છે.

સૂત્ર-૧૮

# (૭) ઉપસર્ગહર - સ્તોત્ર

## ઉવસગ્ગહરં સૂત્ર

**ભૂમિકા :** ઉપસર્ગો (મુશ્કેલી-કષ્ટ-તકલીફ-ઉપદ્રવો)નો નાશ કરવાની અપ્રતિમકક્ષાનીતાકાતઆસૂત્રનીછે. ચૌદપૂર્વધર, શ્રુતકેવલી, સૂરિપુરંદર, ભદ્રબાહુ સ્વામીજી મહારાજાએ પૂર્વોમાંથી ઉદ્ધાર કરીને આ સ્તોત્રની રચના કરી છે.

ભદ્રબાહુસ્વામીના મોટાભાઈ વરાહિમિહિરે પણ દીક્ષા લીધી હતી. પણ તેમનામાં વિશેષ યોગ્યતા ન જણાતાં ગુરુમહારાજે તેમને આચાર્યપદવી ન આપી. જિનશાસનમાં પાત્રતાનું મૂલ્ય ઘણું છે. જો અપાત્રને ચીજ અપાય તો તે ફૂટી નીકળે. આચાર્યપદવી ન મળવાથી છંછેડાયેલા વરરાહમિહિરે સાધુપણું જ છોડી દીધું.

ભદ્રબાહુસ્વામી તરફ વૈરને ધારણ કરતા તે વરાહમિહિર મૃત્યુ પામીને વ્યંતર બન્યા. તેમણે મારી મરકીનો જબરદસ્ત ઉપદ્રવ કર્યો. પ્રજાજનો ટપોટપ મરવા લાગ્યા. સંઘના અગ્રણીઓએ ભદ્રબાહુસ્વામીજીને આ ઉપદ્રવમાંથી મુક્તિ અપાવવા વિનંતી કરતા, કરુણાથી પરિપ્લાવિત હૃદયવાળા ભદ્રબાહુસ્વામીજીએ આ ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી. આ સ્તોત્રના પ્રભાવથી વરાહમિહિર દ્વારા કરાયેલો તે ભયાનક ઉપદ્રવ શાંત થઈ ગયો.

પછી તો આ મહાપ્રભાવિક સ્તોત્રના પ્રભાવે લોકોના નાના - મોટા અનેક ઉપદ્રવો શાંત થવા લાગ્યા. ચારેબાજુ તેનો મહિમા પ્રસરવા લાગ્યો.

પણ એમ કહેવાય છે કે, એક બાઈએ પોતાના તુચ્છ કાર્ય માટે આ મહાપ્રભાવિક સ્તોત્રનો ઉપયોગ કર્યો. તેથી ત્યારબાદ આ સ્તોત્રના મૂળભૂત પ્રભાવને તેમાંથી સંહરી લેવામાં આવ્યો.

ખેર ! તો ય આજે પણ આ સ્તોત્ર અત્યન્ત પ્રભાવક બની રહ્યું છે. આજે ય તેનો મહિમા જરા ય ઓછો નથી. તેના સ્મરણ-જાપ વગેરે દ્વારા તકલીફો દૂર થયાના ઢગલાબંધ અનુભવો આજે ય મોજૂદ છે. તમામ પ્રકારના કષ્ટોને દૂર કરવાની જીવતી-જાગતી શક્તિ આજે ય તેમાં જોવા મળે છે.

જિનશાસનને પામેલો આત્મા તો મોક્ષાર્થી હોય. તેથી તે કર્મના ઉદયે આવનારી આફતોને પણ સંપત્તિ સમજીને વધાવતો હોય. તે આપત્તિમાં પણ સમાધિ કેળવીને તે ઢગલાબંધ કર્મોની નિર્જરા કરતો હોય.

પરંતુ બધા જૈનોની માનસિક સ્થિતિ આ ન પણ હોય. વિશેષ સત્ત્વ ન હોવાના કારણે જેઓ આવનારા દુઃખોમાં ડગમગવા લાગે તેમ હોય, તેઓ જો આવી ઉવસગ્ગહરં સ્તોત્રનો પાઠ કરે, તો તેમના વિઘ્નો દૂર થવાની પૂરેપૂરી શક્યતા છે. પણ વિઘ્નનાશ માટે અન્ય દેવ-દેવીઓની આરાધના કરવી જરા ય ઉચિત નથી.

આ સૂત્રમાં પરમાત્મા પાર્શ્વનાથ ભગવાનની સ્તવના કરવામાં આવી છે. તેથી ચૈત્યવંદનમાં આ સૂત્ર સ્તવન તરીકે પણ બોલી શકાય છે.

* **(૧) શાસ્ત્રીય નામ :** ઉપસર્ગહર સૂત્ર

* **(૨) લોક-પ્રસિદ્ધ નામ :** ઉવસગ્ગહરં સ્તોત્ર

* **(૩) વિષય :** ધર્મમાર્ગમાં અંતરાયભૂત થતાં ધાર્મિક કે સાંસારિક વિઘ્નોના નિવારણની પ્રાર્થના-ગર્ભિત પાર્શ્વનાથ ભગવાનની સ્તવના.

* **(૪) મહત્ત્વનો ફલિતાર્થ :**

દુઃખોને દૂર કરવાની તાકાત પરમાત્માની સ્તવનામાં છે. તેને છોડીને દુઃખો દૂર કરવા આમ તેમ ભટકવાની કોઈ જરૂર નથી.

દુઃખો ભલે ખરાબ લાગતાં હોય, પણ હકીકતમાં તો દુઃખો કરતાં ય વધારે ભયંકર દુર્ગતિઓ છે. આવી દુર્ગતિઓમાં જતાં અટકાવવાની તાકાત પણ પરમાત્માની સ્તવનામાં છે.

જો દુઃખ અને દુર્ગતિ ખરાબ હોય, તો સદ્ગતિ પણ કાંઈ સારી નથી. તે ય છોડવા જેવી છે, માટે ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં જન્મ લેવો એ ભયંકર છે. જો હવે મેળવવા જેવું કાંઈ હોય તો તે છે એક માત્ર મોક્ષ.

જો આ પાંચમી મોક્ષગતિ મળી જાય તો બેડોપાર થઈ જાય. દુઃખ, દુર્ગતિ, સદ્ગતિ, બધું ટળી જાય. જન્મ-જરા-મરણની ઘટમાળમાંથી મુક્તિ મળી જાય.

તેથી પરમાત્મા પાસે દુઃખ કે દુર્ગતિના નિવારણના બદલે મોક્ષગતિ પ્રાપ્ત કરવાની માંગણી કરવી જોઈએ.

## * (૫) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :

★ જોડાક્ષરો બોલતી વખતે બરોબર ધ્યાન રાખવું.

★ મહાયસ ! દેવ ! પાસ-જિણચંદ ! આ બધાંય સંબોધન રુપે પદો છે, તેથી તે પદોને તે રીતે બોલવા.

## * (૬) આટલું ધ્યાનમાં રાખવા જેવું

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ઉવસગહરં | ઉવસગ્ગહરં | મહાશય | મહાયસ |
| કલ્યાણ | કલ્લાણ | નિભરેણ | નિબ્ભરેણ |
| મંત | મંતં | બોહિ | બોહિં |
| ચિઠઉ | ચિટ્ઠઉ | જિણચંદં | જિણચંદ |
| પ્રણામો | પણામો | | |

## * (૭) સૂત્ર :

ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ કમ્મઘણમુક્કં
વિસહર વિસ નિન્નાસં મંગલ કલ્લાણ આવાસં. ૧
વિસહર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ
તસ્સ ગહ રોગ મારિ દુટ્ઠ જરા જંતિ ઉવસામં. ૨
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજઝ પણામો વિ બહુ ફલો હોઈ;
નર-તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં. ૩
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં. ૪
ઈઅ સંથુઓ મહાયશ ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ
તા દેવ દિજ્જ બોહિં ભવે ભવે પાસ જિણચંદ ! ૫

## * (૮) શબ્દાર્થ :

ઉવસગ્ગહરં પાસં : ઉપસર્ગોનો નાશ કરનાર પાર્શ્વ યક્ષ છે જેનો તેવા
પાસં : પાર્શ્વનાથ ભગવાનને

| | | | | | |
|---|---|---|---|---|---|
| વંદામિ | = | વંદન કરું છું. | વિસ | = | ઝેર |
| કમ્મ | = | કર્મ | નિન્નાસં | = | નાશ કરનારા |
| મુક્કં | = | મૂકાયેલા | કલ્લાણ | = | કલ્યાણ |
| વિસહર | = | સર્પ (વિષધર) | આવાસં | = | ઘર |

| | | |
|---|---|---|
| વિસહર ફુલિંગ મંતં | = | વિસહર ફુલિંગ નામનો મંત્ર |
| કંઠે | = | ગળામાં |
| ધારેઈ | = | ધારણ કરે છે |
| જો | = | જે |
| સયા | = | હંમેશા |
| મણુઓ | = | મનુષ્યો |
| તસ્સ | = | તેના |
| ગહ | = | ગ્રહોની પીડાઓ |
| રોગ | = | રોગ |
| મારિ | = | મારિ-મરકી |
| દુટ્ઠ જરા | = | દુષ્ટ તાવ |
| જંતિ | = | પામે છે. |
| ઉવસામં | = | શાંતિને |
| ચિટ્ઠઉ | = | રહો |
| દૂરે | = | દૂર |
| મંતો | = | મંત્ર |
| તુજ્ઝ | = | તને કરેલો |
| પણામો | = | પ્રણામ |
| વિ | = | પણ |
| બહુફલો | = | ઘણા ફળવાળો |
| હોઈ | = | છે. |
| નરતિરિએસુ | = | મનુષ્ય તથા તિર્યંચગતિમાં રહેલા |
| જીવા | = | જીવો |
| પાવંતિ | = | પામતા |
| ન | = | નથી |
| દુક્ખ | = | દુઃખ |
| દોગચ્ચં | = | દુર્ગતિ |
| તુહ | = | તમારું |
| સમ્મતે | = | સમ્યક્ત્વ |
| લદ્ધે | = | પ્રાપ્ત કર્યે છતે |
| ચિંતામણિ | = | ચિંતામણિરત્નથી |
| કપ્પપાયવ | = | કલ્પવૃક્ષથી |
| અબ્ભહિએ | = | અધિક |
| અવિગ્ઘેણં | = | નિર્વિઘ્નપણે |
| અયરામરં | = | અજરામર સ્થાન |
| ઠાણં | = | સ્થાન |
| ઈઅ | = | આ રીતે |
| સંથુઓ | = | સ્તવના કરી |
| મહાયસ | = | મહાયશવાળા |
| ભત્તિબ્ભર | = | ભક્તિથી ભરાયેલા |
| નિબ્ભરેણ | = | ઊભરાયેલા |
| હિયએણ | = | હૃદયથી |
| તા | = | તો / તેથી |
| દેવ | = | હે ભગવંત |
| દિજ્જ | = | આપો |
| બોહિં | = | સમ્યક્ત્વ |
| ભવે ભવે | = | દરેક ભવમાં |
| પાસ | = | પાર્શ્વનાથ |
| જિણચંદ | = | જિનોમાં ચંદ્રસમાન |

## * (૯) સૂત્રાર્થ :

ઉપસર્ગોને દૂર કરનારા પાર્શ્વયક્ષવાળા પાર્શ્વનાથ ભગવાનને હું વંદના કરું છું,

જેઓ કર્મોના સમૂહથી મુકાયેલા છે;

જેઓ વિષધર સર્પના ઝેરનો નાશ કરનારા છે;

જેઓ સર્વ પ્રકારના મંગલો અને સર્વ કલ્યાણોના નિવાસસ્થાન રુપ છે.

'વિસહર ફુલિંગ' નામના મંત્રને જે માણસ સદા (પોતાના) ગળામાં ધારણ કરે છે તેની ગ્રહોની પીડાઓ, રોગો, મારિ-મરકી વગેરે સાત ઉપદ્રવો, મેલેરિયા-ટાઈફોઈડ વગેરે ખરાબ તાવ વગેરે શાંત થાય છે. ૨

(હે પ્રભો !) આપનો આ "વિસહર ફુલિંગ" મંત્ર તો દૂર રહો, આપને કરવામાં આવેલો એક પ્રણામ પણ ઘણું ફળ આપનારો છે. કેમ કે તે પ્રણામથી મનુષ્ય અને તિર્યંચગતિમાં ગયેલા જીવો પણ દુઃખ કે દુર્ગતિને પામતા નથી...૩

ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ વધારે (મહિમાવાળું) તારું સમ્યગ્દર્શન પામે છતે જીવો કોઈપણ પ્રકારનાં વિઘ્નો વિના (જીવો) અજરામર-મોક્ષ-સ્થાનને પામે છે-૪.

હે મહાયશના સ્વામી પાર્શ્વપ્રભુ ! આ રીતે મેં આપની ભક્તિથી ભરાયેલા અને ઊભરાયેલાં હૃદય વડે સ્તવના કરી;

તો જિનોમાં ચન્દ્ર સમાન હે પાર્શ્વપ્રભુ !
ભવોભવ મને સમ્યક્ત્વ આપો.

## * (૧૦) વિવેચન :

આ સ્તોત્રમાં ગોઠવાયેલી અર્થઘનતા અત્યંત અદ્ભુત છે. સમ્યગ્દૃષ્ટિ આત્માની માનસિક સ્થિતિનું અદ્ભુત વિશ્લેષણ આ સ્તોત્રમાં આબેહૂબ રજૂ થયું છે.

આવી પડેલાં દુઃખોથી હેબતાઈ ગયેલો એકાન્તે મોક્ષાર્થી આત્મા પણ એક વાર કેવી ઇચ્છા કરી બેસે !

પણ ત્યારબાદ સાવધાન બનીને તે આત્મા પોતાની તે ઇચ્છાને કંટ્રોલમાં લઈ ભગવાનની પાસે શું માંગે ?

અને છેલ્લે તે માંગણીથી પણ પાછો ફરીને શું પ્રાર્થના કરે ? તે ત્રણે ય તબક્કાને આ સૂત્રમાં ખૂબ જ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા છે.

સમ્યગ્દષ્ટિને આત્માના રોમરોમમાં એક માત્ર મોક્ષનો અભિલાષ છે. સંસાર છોડવાનું તેનું લક્ષ છે. સર્વવિરતિજીવન સ્વીકારવા તે થનગની રહ્યો છે. પણ કર્મને વશ થયેલા તેણે લાચારીથી સંસારમાં રહેવું પડ્યું છે. સંસારમાં તેને સંસારનાં સુખો પણ અત્યારથી ભયંકર લાગી રહ્યાં છે.

આવી વિશિષ્ટ કક્ષાને પામેલો આ સમકિતી આત્મા પણ ક્યારેક પાપકર્મોના એકાએક હુમલો થતાં હતપ્રહત બની જાય છે. આવી પડેલી દુ:ખમય વિષમ સ્થિતિના કારણે જ્યારે તેની ધર્મારાધનામાં વિક્ષેપ પડવા લાગે છે, ત્યારે તેનું અંતર રડું-રડું થયા કરે છે. ધર્મારાધનામાં પડતો આ વિક્ષેપ તેનાથી શી રીતે સહન થાય?

અચાનક તેણે એવી જ નોકરી સ્વીકારવાની ફરજ પડે કે જેમાં ના છૂટકે તેણે રાત્રીભોજન કરવું જ પડે ! નિરોગી શરીર પણ અચાનક દગો દે; જીવલેણ માંદગી આવીને ઊભી રહે. પરિણામે તેની તમામ ધર્મારાધનાઓ અટકી પડે. આવી પરિસ્થિતિઓ પેદા થતાં તે સમકિતી આત્માનું હૃદય અત્યંત દુ:ખી બની જાય. જ્યારે તે દુ:ખ તેનાથી સહન ન થાય ત્યારે તે ભગવાન પાસે દોડી જઈને પુકાર કરી બેસે કે, "હે પ્રભો ! મારા ધર્મધ્યાનમાં પુષ્કળ વિક્ષેપ પડી રહ્યો છે. તો તે ખાતર પણ મને બીજી નોકરી મળે કે મારું શરીર જલ્દી સારું થઈ જાય તો ખૂબ સુંદર !"

આ ઉવસગ્ગહરં સ્તોત્રની બીજી ગાથા દ્વારા જાણે કે આ સમકિતી આત્મા આવી કોઈક સ્થિતિમાં આવી પડીને કહી રહ્યો છે કે, ''હે પ્રભુ ! તારો મંત્ર-જાપ મારા તમામ દુ:ખોનો નાશ કરશે. તો શું હું મંત્રજાપ કરું ?''

પણ જાણે કે તેની અંદર રહેલું સત્ત્વ છંછેડાય છે, તેનું અંતર આ માંગણી સામે ના...... ના.... પોકારે છે.

એટલે જ પછી ત્રીજી ગાથામાં જાણે કે તે દુ:ખનાશના બદલે દુર્ગતિનાશની પ્રાર્થના કરે છે કે, ''હે પ્રભુ ! તને પ્રણામ કરવા માત્રથી જ મારી દુર્ગતિનો નાશ થયા વિના રહેવાનો નથી.

પણ તે વખતે પાછો જાણે કે આ સમકિતી આત્મા વિચાર કરે છે કે, ''જેમ મને દુ:ખનાશ કે દુર્ગતિનાશ ખપતો નથી, તેમ મને શું સદ્ગતિ ખપે છે ખરી ?''

અને તેનું અંતર જાણે કે પોકારી ઊઠે છે : "ના......ના......મારે જેમ દુર્ગતિ ન જોઈએ તેમ સદ્ગતિ પણ ના જોઈએ. જો દુ:ખ ના જોઈએ તો સુખ પણ ના જોઈએ. મને ખપે છે એક માત્ર મોક્ષ. કાયમી જન્મ જરા-મરણમાંથી છૂટકારો,

આત્મિક સુખની સદા માટે અનુભૂતિ. તો પછી હવે દુર્ગતિનાશના બદલે મોક્ષની જ ઈચ્છા કેમ ન કરું? તે મોક્ષને અપાવનાર સમ્યક્ત્વની જ માંગણી કેમ ન કરું?

અને તેથી તે આત્મા આ ઉવસગ્ગહરં સૂત્રની ચોથી તથા પાંચમી ગાથામાં પોતાની અંતિમ માંગણી દોહરાવતાં કહે છે કે, ''હે પ્રભુ ! ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવાળું તારું જે સમ્યગ્દર્શન પામવાથી જીવો અજરામર મોક્ષ સ્થાનને પામે છે, તે સમ્યગ્ દર્શનને હે પ્રભુ ! માત્ર આ ભવમાં જ નહિ, મારે જ્યાં સુધી આ સંસારમાં ભવો કરવા પડે ત્યાં સુધી દરેકે દરેક ભવમાં મને આપો.''

પ્રણામ તો પોતાના પુરુષાર્થથી પણ થઈ શકે પરંતુ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ કાંઈ પુરુષાર્થથી ન થાય, તે તો પરમાત્માના પ્રભાવથી થાય. એમ વિચારીને ભક્તહૃદયઆત્મા ભક્તિની ભાષામાં, ભક્તિથી ઉભરાયેલા હૃદયપૂર્વક છેલ્લે સમ્યગ્દર્શનની જ માંગણી કરે છે, જેના દ્વારા જન્મનો જ નાશ થઈ જવો શક્ય છે.

જન્મ જ ગયો પછી દુઃખ પણ ક્યાં રહ્યું? અને દુર્ગતિ પણ ક્યાં રહી?

**ઉવસગ્ગહરં પાસં પાસં :** પાર્શ્વનાથ પરમાત્મા તો આપણા ઉપસર્ગોને દૂર કરે છે, પણ તેમનો સેવક જે પાર્શ્વયક્ષ છે, તે પણ પરમાત્માના પ્રભાવે ઉપસર્ગો દૂર કરવાની તાકાત ધરાવે છે.

કલ્પના કરી જુઓ કે જેનો સામાન્ય સેવક પણ આવી વિશિષ્ટ તાકાત ધરાવતો હોય તે પરમાત્મા પોતે તો કેવી અજબગજબની શક્તિના સ્વામી હોય ! આવા પરમાત્માનું ધ્યાન ધરીએ પછી બાકી શું રહે? તમામ આપત્તિઓ સંપત્તિમાં ફેરવાયા વિના શી રીતે રહે?

**મંગલ કલ્લાણ આવાસં :** પરમાત્મા સઘળાં ય મંગલો ને સઘળાં ય કલ્યાણોના નિવાસ સ્થાન રુપ છે. એ વાત જાણ્યા પછી હવે દુનિયાના કહેવાતા મંગલો પાછળ ભટકવાની જરૂર ખરી? જો પામવું છે કલ્યાણ તો શરણું સ્વીકારીએ તારક દેવાધિદેવ પ્રભુ પાર્શ્વનું.

**વિસહર ફુલિંગમંતં :** પરમાત્મા પાર્શ્વપ્રભનું ધ્યાન ધરવા માટેનો જે નમિઉણ મંત્ર છે, તેમાં 'વિસહર' અને 'ફુલિંગ' શબ્દો આવે છે. અહીં 'વિસહર ફુલિંગમંતં' શબ્દો દ્વારા આ નમિઉણ મંત્રનું સૂચન કરવામાં આવેલ છે.

**કંઠે ધારેઈ :** મંત્રને ગળામાં બે રીતે ધારી શકાય છે. (૧) મંત્રનો જપ કરવા

દ્વારા અને (૨) મંત્રનું માદળિયું બનાવીને ગળામાં પહેરવા દ્વારા. બેમાંથી કોઈ પણ રીતે મંત્રને ધારણ કરનાર વ્યક્તિને આ સ્તોત્રમાં જણાવેલ લાભ થાય છે.

ચિઠ્ઠઉ.....'મંત્ર તો દૂર રહો' કહીને, મંત્રનું અવમૂલ્યન નથી કરવું, પણ પરમાત્માને કરાતો પ્રણામ પણ કેટલો બધો ફલદાયી છે, તે જણાવવું છે.

મંત્રની તાકાત તો અપ્રતિમ કક્ષાની છે જ. પણ સંપૂર્ણ મંત્રનો જપ કરવાનો પૂરતો સમય ન હોય અને માત્ર પ્રણામ જ કરવામાં આવે તો ય તે જીવો પ્રણામના પ્રભાવે દુઃખ અને દુર્ગતિમાં જતા અટકી જાય છે.

પાર્શ્વપ્રભુને પ્રણામ કરનારો આત્મા પ્રાયઃ સમકિતી હોય. અને સમકિતી આત્મા સમ્યક્ત્વની હાજરીમાં દેવ કે મનુષ્યનું જ આયુષ્ય બાંધતો હોય છે, પણ તિર્યંચગતિનું આયુષ્ય તો બાંધતો જ નથી. છતાં, આ ગાથામાં જે જણાવેલ છે કે પાર્શ્વપ્રભુને પ્રણામ કરનારનો આત્મા મનુષ્ય કે તિર્યંચગતિમાં ય દુઃખ કે દુર્ગતિ પામતોનથી, તેનો અર્થ એ કરવો કે પ્રણામ કરનારા તે આત્માએ સમકિત પામ્યા પૂર્વે જ તિર્યંચગતિનું આયુષ્ય બાંધ્યું હોય તો (સમકિતની હાજરીમાં તિર્યંચાયુષ્ય ન બંધાય, પણ સમકિતની ગેરહાજરીમાં તો તે બંધાઈ શકે છે) તેને તિર્યંચગતિમાં જવું તો પડે જ, પણ તેવી ગતિમાં ય જવા છતાં, ત્યાં તે દુઃખ પામતો નથી પણ સુખનો અનુભવ કરે છે. ત્યાં તે દુર્ગતિ-વિષમ પરિસ્થિતિ-પામતો નથી.

તે ગાય - કૂતરા વગેરેનો અવતાર પામે તો ય તેવા માલિક પાસે કે જે તેની પાસે ભાર વહન ન કરાવે, ત્રાસ ન આપે, તેની પણ કાળજી લે. જેમ કે મંદિરમાં મહંત પાસે રહેતી શણગાર પામેલી ગાય કે રાણી એલીઝાબેથનો પાળેલો કૂતરો.

'તુહ સમ્મતે લદ્ધે' આ ગાથામાં સમક્તિની મહત્તા સમજાવી છે. જે સમક્તિ પામ્યો તેનો મોક્ષ નિશ્ચિત. તેને હવે સંસારમાં બહુ રખડવાનું નહિ. કારણ કે ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષ કરતાં ય અધિક આ સમક્તિ છે.

એવી કઈ ચીજ છે કે જે ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ પાસેથી ન મળે ? પણ કલ્પવૃક્ષ કે ચિંતામણિ રત્ન પાસે તો માંગો તો જ મળે. ન માંગો તો ન જ મળે.

જ્યારે આ સમક્તિ તો એટલું બધું મહાન છે કે તેની પાસે માંગવાની ય જરૂર નથી. વગર માંગે તે મોક્ષ અપાવીને જ રહે છે. સમક્તિ પામેલો આત્મા કદી ય મોક્ષ ન પામે તેવું કદી ય ન બને.

આમ, કલ્પવૃક્ષ કે ચિંતામણિ રત્ન માંગ્યા વિના ન આપતું હોવાથી અને સમક્તિ તો વગર માંગે પણ આપતું હોવાથી આ સમક્તિને કલ્પવૃક્ષ અને ચિંતામણિ

રત્ન કરતાં ય વધારે મહાન જણાવેલ છે.

**પાવંતિ અવિગ્ઘેણં :** સમક્તિ પામેલો આત્મા મોક્ષે જાય જ, પણ તે જ ભવમાં તે મોક્ષે જાય જ તેવો નિયમ નથી. ક્યારેક સમક્તિ પામ્યા પછી પણ તે આત્માએ કેટલાક ભવો કરવા પડે છે. તે ભવોમાં તેને પુણ્યના ઉદયે ભોગસુખોની જે ઉત્તમ સામગ્રીઓ મળ્યા કરે, તેમાં તે જીવ જો આસક્ત બની જાય તો તેનો સંસાર ઘણો વધી જાય ને ? પછી મોક્ષ તો તેનો ઘણો દૂર થઈ જાય ને ? તેવા પ્રશ્નો આપણા મનમાં કદાચ ઉદ્ભવે.

તેનો જવાબ આ પદમાં પડ્યો છે. સમક્તિની હાજરીમાં ભોગ સુખોની જે કોઈ ઉત્તમ સામગ્રી મળે, તેમાં આસક્ત બનાવીને સંસાર વધારનારું કોઈ વિઘ્ન આવતું નથી. એ આત્મા તેવી સ્થિતિ વચ્ચે પણ અનાસક્ત રહેતો હોવાથી કશા ય વિઘ્ન વિના તે અજરામર = મોક્ષસ્થાનને પામી જાય છે.

**તા દેવ ! દિજ્જ બોહિં :** ભક્તને જયારે સમકિતનો આટલો બધો મહિમા સમજાઈ ગયો છે, ત્યારે તેના રોમ રોમ ઉપરોક્ત વાક્ય પોકાર્યા વિના રહી શકતા નથી. "હે ભગવંત ! મને તે સમકિત આપો." ભક્તના આ પોકારમાં સમકિત પામવાની આજીજીભરી કાકલૂદી, તમન્ના-તલસાટભરી વૃત્તિનું હૂબહૂદર્શન થાય છે. આપણે પણ આ વાક્ય ગદ્ગદ બનીને, કાકલૂદીપૂર્વક બોલવાનું છે.

જો આપણે સમકિત પામેલા હોઈએ તો ય તે સમકિત વધુ નિર્મળ બનાવવા માટે પણ આ કાકલૂદી કરવાનું ચૂકવાનું નથી. આ પદ ગદ્ગદ થઈને વારંવાર બોલવા દ્વારા નિર્મળ સમકિતની માંગણી કરવાની છે.

**ભવે ભવે : આ સમકિત મને માત્ર આ ભવ માટે જ મળે તે ન પોષાય. મારે તો તમામે તમામ ભવોમાં તારું સમકિત જોઈએ જ. તેવો પોકાર કરવાનું કારણ એ છે કે આ ભવે સમકિત પામવા છતાં ય જો તે પાછું ચાલ્યું જાય તો વધુમાં વધુ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તકાળ સંસારમાં ભમવાની શક્યતા છે. ના...ભક્ત હૃદયને તેટલો બધો સંસાર ભમવાની જરા ય ઈચ્છા નથી. તે તો તેવા વિચારથી પણ ત્રાસી જાય છે. તેથી જલદીથી મોક્ષ મેળવવા જેટલા ભવ કરવા પડે તે તમામ ભવોમાં સમક્તિ આપવાની વિનંતી કરે છે.**

સૂત્ર-૧૯

# (૮) પ્રણિધાન સૂત્ર

## જયવીયરાય સૂત્ર

ભૂમિકા : પરમપિતા પરમાત્માની અનેકવિધ દ્રવ્યોથી સુંદર મજાની દ્રવ્યપૂજા કરી. વિધવિધ પદાર્થો વડે પરમાત્માની સુંદર અંગરચના કરી. હીરા, માણેક, મોતી વગેરેના આભૂષણોથી પરમાત્માની આંગી કરી. તે બધું કરતાં કરતાં ભક્તના હૃદયમાં ભાવોના ઉછાળા આવવા લાગ્યા.

ત્રીજી નિસીહી બોલી, ભક્ત હવે ભાવપૂજામાં મસ્ત બન્યો. ચૈત્યવંદનામાં નમુથ્થુણં વગેરે સૂત્રો બોલતાં બોલતાં ભાવો વધુ ને વધુ ઉછળવા લાગ્યા. તેમાં ય પરમાત્માની સ્તવના કરતી વખતે ભક્ત હૃદય ગાંડુ બની ગયું.

આ બધી મહેનત કરવા દ્વારા, જે ફળ પ્રાપ્ત કરવાનું છે, તેનો હવે અવસર આવીને ઊભો છે. અત્યાર સુધી કરેલી બધી જ આરાધનાના અંતે હવે, ઉલ્લસિત હૃદયે આ સૂત્ર બોલવા દ્વારા, કેટલીક માંગણીઓ કરવાની છે.

પરમાત્મા પાસે આપણે અનેકવાર જઈએ છીએ. પણ શેના માટે જઈએ છીએ ? તેની જ કેટલાકને ખબર હોતી નથી !

ભગવાન પાસે જઈને કાંઈ મંગાય કે ન મંગાય ? મંગાય તો શું મંગાય ? અને શું ન મંગાય ? તેનો પણ ઘણાને ખ્યાલ હોતો નથી.

આ જયવીયરાય સૂત્રમાં આ અંગે સુંદર પ્રકાશ ફેંકવામાં આવેલ છે. પરમાત્મા પાસે જઈને, આપણે તેમની પાસે તેર પ્રકારની જુદી જુદી પ્રાર્થનાઓ કરવાની છે. તે પ્રાર્થનાઓ આ સૂત્ર દ્વારા થતી હોવાથી આ સૂત્ર પ્રાર્થનાસૂત્ર તરીકે પણ ઓળખાય છે.

અનંતા ભવોમાં પરિભ્રમણ કરીને, એટલા બધા કુસંસ્કારો આપણા આત્મામાં મજબૂત થયા છે કે, જેને લઈને ઘણીવાર આપણું જીવન વાનર કરતાં ય વધારે અટકચાળું બન્યું છે. પશુને ય ન છાજે, તેવું વર્તન-કરનારું થઈ જાય છે. આ વાનરમાંથી નર બનવા માટે જરૂરી છ પ્રાર્થનાઓ આ સૂત્રમાં સૌપ્રથમ કરવામાં આવી છે.

તે છ ચીજો જો આપણને પ્રાપ્ત થાય તો જ આપણે પ્રકૃતિના માનવ બની શકીએ. માનવનો જ મોક્ષ થાય, તે વાત કબૂલ. પણ કયા માનવનો ? માત્ર

આકૃતિના માનવનો નહિ, પણ સાથે સાથે જે પ્રકૃતિનો પણ માનવ બને તેનો. આવા પ્રકૃતિના માનવ બનવાની માસ્ટર કી આ સૂત્રમાં શરૂઆતમાં બતાડવામાં આવી છે.

વાનરમાંથી નર બનીને બેસી રહેવાનું નથી. નર બન્યા બાદ નારાયણ પણ બનવાનું છે. માનવમાંથી ભગવાન બનવાનું છે. તે બનવા માટે જરુરી સાત વસ્તુઓની માગણી જયવીયરાય સૂત્રમાં પાછળથી કરવામાં આવી છે.

આમ, આ જયવીયરાય સૂત્ર દ્વારા સૌપ્રથમ છ વસ્તુઓની પ્રાર્થના કરીને વાનરમાંથી નર બનવાનું છે તો બીજી સાત વસ્તુઓ મેળવીને નરમાંથી નારાયણ બનવાની ભૂમિકા સર્જવાની છે.

પરમાત્મા ભલે વીતરાગ છે. રાગ કે દ્વેષ તેમનામાં નથી. તેઓ તો મોક્ષમાં બિરાજમાન થયા છે. છતાં ય તેમનો પ્રભાવ અચિન્ત્ય છે. તેમને રાગ ન હોવા છતાં ય જે માનવ આ પરમાત્માનો પ્રભાવ ઝીલવા સન્મુખ થાય છે, તેની તમામ પ્રાર્થનાઓ પરમાત્માના પ્રભાવે પૂર્ણ થયા વિના રહેતી નથી.

આમ તો અગ્નિમાંય ક્યાં રાગ કે દ્વેષ છે ? છતાં ય જે તેને વિધિપૂર્વક તાપે છે, તેની ઠંડી અગ્નિ ઉડાડે જ છે ને ? તે માટે અગ્નિને કાંઈ તાપણું કરનાર પર રાગ કરવાની જરૂર પડતી નથી. તે જ રીતે અગ્નિની જવાળામાં જે સીધો હાથ નાંખે છે, તેનો હાથ બળ્યા વિના ય રહેતો નથી. ના, તે હાથને બાળવા અગ્નિને કાંઈ તેના પ્રત્યે દ્વેષ કરવો પડતો નથી !

રાગ કે દ્વેષ ન હોવા છતાં ય જેમ અગ્નિનું વિધિપૂર્વક સેવન કરનાર વ્યક્તિ ઠંડી ઉડાડવા રૂપ સુંદર ફળ પ્રાપ્ત કરે છે અને વિધિપૂર્વક સેવન કરવાના, બદલે, વચ્ચે હાથ નાંખનાર પોતાનો હાથ બળવારૂપ અશુભ ફળ પામે છે, તેમ પરમાત્માને પણ જે વિધિપૂર્વક સેવે છે, પૂજે છે, આરાધે છે, તે પરમાત્માના પ્રભાવે સુંદર ફળને અચુક પ્રાપ્ત કરે જ છે, પરન્તુ જેઓ પરમાત્માની આશાતના કરે છે, તેમને તેનું અશુભ ફળ પણ મળ્યા વિના રહેતું નથી.

સૂર્ય ક્યાં ઈચ્છે છે કે હું બધાને પ્રકાશ આપું ? પણ તેનો સ્વભાવ જ એવો છે કે જે તેની સન્મુખ થાય, તેને પ્રકાશ મળ્યા વિના ન રહે.

ભોજન સામગ્રી પોતે કદી ક્યાં ઈચ્છે છે કે હું શક્તિ-આરોગ્ય આપું ? પણ તેનો સ્વભાવ જ એવો છે કે જે તેનું વિધિપૂર્વક (યોગ્ય પ્રમાણમાં) સેવન કરે તેને શક્તિ-આરોગ્ય વગેરે મળ્યા વિના ન રહે.

તે જ રીતે પરમાત્માનો પણ તેવો આગવો વિશિષ્ટ પ્રભાવ છે. જો આપણે બરોબર તેમની સન્મુખ થઈએ, તેમનું અંતઃકરણથી શરણું સ્વીકારીએ, તો ચોક્કસ તેમના પ્રભાવને પામીએ.

પરમાત્માના પ્રભાવને પામીને આપણે આ તેર વસ્તુની પ્રાર્થના કરવાની છે. તે પ્રાર્થના પણ એકાગ્ર બનીને, તલ્લીન થઈને પ્રણિધાનપૂર્વક કરવાની છે.

જિનશાસનમાં પ્રણિધાનનું ખૂબ જ મહત્ત્વ છે. પ્રણિધાન વિનાની આરાધના પોતાનું વિશિષ્ટ ફળ આપવા સમર્થ બની શકતી નથી. ચૈત્યવંદનાદિ જે ક્રિયા ભક્તજન કરી રહ્યો છે, તેમાં પ્રણિધાન કેળવવા માટે આ સૂત્ર બોલવાનું છે.

પ્રણિધાન એટલે લક્ષ. મેં જે આ ચૈત્યવંદનાદિ આરાધના કરી, તેની પાછળ મારું આ જ પ્રણિધાન = લક્ષ છે કે, હે ભગવંત ! તારા પ્રભાવે મને આ તેર વસ્તુઓની પ્રાપ્તિ થાઓ.

આમ, પ્રણિધાન પેદા કરનારું આ સૂત્ર હોવાથી આ સૂત્રનું શાસ્ત્રીય નામ પ્રણિધાન સૂત્ર છે.

કોઈ માણસ પાંચ લાખ રૂપિયાનો ચેક લખે, તે ચેકની બધી વિગતો બરોબર ભરે, પણ સહી જ ન કરે તો તે ચેકની શી કિંમત ?

પરમાત્માના પ્રક્ષાલથી માંડીને કરેલી અંગરચના વગેરે તમામ આરાધનાઓ ચેક લખવા સમાન છે. અને પ્રણિધાનપૂર્વક, ગદ્ગદ્ થઈને, કાકલૂદીપૂર્વક આ જયવીયરાય સૂત્ર બોલવું તે ચેકમાં સહી કરવા બરોબર છે. આ વાત જાણ્યા પછી હવે જયવીયરાય સૂત્ર બોલતી વખતે વેઠ ન વળે તેની કાળજી લેવી. મન, વચન, કાયાને બરોબર એકાગ્ર કરવા. હૃદયના ઊંડાણથી પરમાત્મા પાસે આ તેર ચીજોની માગણી કરવી.

પ્રાર્થનાઓ કરવી, તે જ આ જયવીયરાય સૂત્રનું હાર્દ નથી, પણ તે પ્રાર્થનાઓ કરવા પાછળ પણ ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માના અચિન્ત્ય પ્રભાવને સ્વીકારવાની જે વાત છે, તેનું મહત્ત્વ છે.

આપણા પુરુષાર્થથી કાંઈ ન થાય. અરે ! પુણ્યથી પણ બધું ન મળે. જ્યાં પુરુષાર્થ અને પુણ્ય, બંને પાંગળા પુરવાર થાય, ત્યાં પ્રભાવની આવશ્યકતા પેદા થાય.

પુરુષાર્થથી ચશ્મા મળે, પુણ્યથી આંખ મળે, પણ આંખમાં નિર્વિકારભાવ તો પરમાત્માના પ્રભાવે જ મળે ને ?

પુરુષાર્થથી મફલર કે સાફો મળે, પુણ્યથી માથું મળે, પણ સદ્‌બુદ્ધિ તો પરમાત્માના પ્રભાવે જ મળે તેવી ચીજ છે ને ?

આમ, પુરુષાર્થ અને પુણ્ય કરતાં ય ચડિયાતા પદાર્થ 'પ્રભાવ' નો સ્વીકાર કરાવનારા આ સૂત્રનું મહત્ત્વ ખૂબ જ વધી જાય છે.

* (૧) **શાસ્ત્રીય નામ :** પ્રણિધાનસૂત્ર/પ્રાર્થનાસૂત્ર

* (૨) **લોકપ્રસિદ્ધ નામ :** જયવીયરાય સૂત્ર

* (૩) વિષય : તેર પ્રાર્થનાઓનું પ્રણિધાન

* (૪) **મહત્ત્વનો ફલિતાર્થ :** પુરુષાર્થ અને પુણ્ય કરતાં ય પરમાત્માના પ્રભાવની અચિન્ત્ય તાકાત છે. પરમાત્માના તે પ્રભાવને ઝીલવા સતત પરમાત્માની સન્મુખ થવું જોઈએ.

વળી, તમામ આરાધનાઓ પ્રણિધાનપૂર્વક કરવી જોઈએ. અને પરમાત્માના પ્રભાવે, મોક્ષ સાથે સંબંધ ધરાવતી તેર વસ્તુની પ્રાર્થનાઓ કરવા દ્વારા આત્માને મોક્ષ સન્મુખ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## * (૫) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :

★ પહેલી તથા ચોથી ગાથામાં રહેલા વીયરાય ! જગગુરુ ! નાહ ! વગેરે પદો સંબોધન રૂપ હોવાથી તેને તે રીતે જ - છેલ્લે સ્વર લંબાવીને - બોલવા.

'મગ્ગાણુસારિઆ' એક જ પદ છે. તેથી તેને એક પદ રૂપે જ બોલવું. પણ 'મગ્ગા' અને 'ણુસારીઆ' એમ અટકી અટકીને છૂટાં બે પદો રૂપે ન બોલવું.

'વારિજ્જઈ જઈ' એમ બોલીને અટકવું નહિ, પણ 'વારિજ્જઈ જઈવિ' ભેગું બોલવું.

## * (૬) આટલું ખાસ ધ્યાનમાં લેવા જેવું :

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| જયવીરાય | જય વીયરાય |
| હોમ મમ | હોઉ મમં |
| આભવં ખંડા | આભવ મખંડા |
| વારિજ્જઈવિ | વારિજ્જઈ જઈવિ |
| નિયાણં | નિયાણ |
| તહવિ મમ્ | તહવિ મમ |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| તુહ ચલ્લાણં | તુમ્હ ચલણાણં |
| દુક્કખઓ | દુક્ખક્ખઓ |
| કમ્મકઓ | કમ્મક્ખઓ |
| માંગલ્યમાગલ્યં | મંગલ માંગલ્યં |

| | |
|---|---|
| કલ્લાણ | કલ્યાણ |
| ધમ્માણં | ધર્માણાં |

## (૭) સૂત્ર :

જય વીયરાય ! જગ-ગુરુ !
હોઉ મમં તુહ પભાવઓ, ભયવં !
(૧)ભવ-નિવ્વેઓ,(૨) મગ્ગણુસારિઆ
(૩) ઈટ્ઠફલસિદ્ધિ ॥૧॥
(૪) લોગ વિરુદ્ધચ્ચાઓ (૫) ગુરુજણ પૂઆ
(૬) પરત્થ-કરણં ચ (૭) સુહગુરુ જોગો
(૮) તવ્વયણ-સેવણા આભવમખંડા ॥૨॥
વારિજ્જઈ, જઈવિ નિયાણ-બંધણં
વીયરાય ! તુહ સમએ;
તહ વિ (૯) મમ હુજ્જ સેવા
ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥
(૧૦) દુક્ખક્ખઓ (૧૧) કમ્મક્ખઓ
(૧૨) સમાહિમરણં ચ (૧૩) બોહિલાભો અ
સંપજ્જઉ મહ એઅં
તુહ નાહ ! પણામ-કરણેણં ॥૪॥
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ-કલ્યાણ-કારણં,
પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

## (૮) શબ્દાર્થ

જય = જય પામો
વીયરાય = વીતરાગ
જગગુરુ = જગતના ગુરુ
હોઉ = થાઓ
મમં = મને
તુહ = તારા
પભાવઓ = પ્રભાવથી
ભયવં = હે ભગવંત !
ભવનિવ્વેઓ = ભવ નિર્વેદ
મગ્ગાણુસારિઆ = માર્ગાનુસારીપણું

| | |
|---|---|
| ઇટ્ઠફલ સિદ્ધિ = ઈષ્ટ ફળની પ્રાપ્તિ | હુજ્જ = હોજો. |
| લોગ વિરુદ્ધચ્ચાઓ = લોક વિરુદ્ધનો ત્યાગ | ભવે ભવે = દરેક ભવમાં |
| ગુરુજણપૂઆ = ગુરુજનોની પૂજા | તુમ્હ = તમારા |
| પરત્થકરણં = પરોપકાર કરવાનું | ચલણાણં = ચરણોની |
| ચ = અને | દુકખક્ખઓ = દુઃખોનો નાશ |
| સુહગુરુ જોગો = સારા ગુરુની પ્રાપ્તિ | કમ્મક્ખઓ = કર્મનો નાશ |
| તવ્વયણ = તેમના વચનનું | સમાહિમરણં = સમાધિમરણ |
| સેવણા = સેવન | બોહિલાભો = જિનકુળમાં જન્મ પ્રાપ્તિ |
| આભવં= આ ભવમાં | સંપજ્જઉ = પ્રાપ્ત થાઓ |
| અખંડા = અખંડિત રીતે | મહ = મને |
| વારિજ્જઈ = નિષેધ્યું છે | એઅં = આ બધું |
| જઈ વિ = જો કે | તુહ = તને |
| નિયાણબંધણં = નિયાણું બાંધવાનું | નાહ = નાથ |
| તુહ = તારા | પણામ કરણેણં = પ્રણામ કરવાથી |
| સમએ = સિદ્ધાન્તમાં | માંગલ્યં = માંગલિક |
| તહ વિ = તો પણ | પ્રધાનં = મુખ્ય |
| મમ = મને | ધર્માણાં = ધર્મોમાં |
| | જયતિ = જય પામે છે. |

## * (૯) સૂત્રાર્થ :

**હે વીતરાગ ! હે જગતના ગુરુ ! આપ જય પામો. હે ભગવંત ! આપના પ્રભાવથી મને (આ તેર વસ્તુઓ) પ્રાપ્ત થાઓ.**

(૧) સંસાર પ્રત્યે કારમો વૈરાગ્ય, (૨) માર્ગાનુસારીપણું (૩) મારી ધર્મ-ચિત્ત સમાધિમાં અનિવાર્ય-રૂપે જરૂરી ભૌતિક ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ (૪) શિષ્ટ લોકોને અમાન્ય/વિરુદ્ધ આચરણનો ત્યાગ (૫) માતા-પિતાદિ તમામ ગુરુજનોનું પૂજન (બહુમાન) (૬) પરોપકાર કરવાપણું (૭) સાચા ધર્મગુરુનો સતત સંપર્ક (૮) તેમની આજ્ઞાનું અખંડિતપણે આજીવન પાલન (૯) હે વીતરાગ ! (હું જાણું છું કે) આપના સિદ્ધાન્તોમાં જો કે નિયાણું કરવાનું નિવારવામાં આવ્યું છે. તો પણ (ચોક્કસપણે આપની પાસે એક વાતની તો યાચના કરવી છે કે) "તમારાં ચરણોની

મને ભવોભવ સેવા પ્રાપ્ત હોજો.'' (૧૦) સર્વ દુઃખોનો નાશ (૧૧) સર્વ કર્મોનો નાશ (૧૨) સમાધિ મરણ (૧૩) પરભવે જૈનકુળમાં જન્મ

હે નાથ ! તમને પ્રણામ કરવાથી મને આ (તેર) વસ્તુઓ પ્રાપ્ત થાઓ.

સર્વ મંગલોમાં માંગલિક રુપ, સર્વ કલ્યાણોનું કારણ,

સર્વ ધર્મોમાં પ્રધાન, જૈન શાસન જયવંતુ વર્તે છે.

# (૯) પ્રભુજી ! પધારો !

**જય વીયરાય :** હે વીતરાગ પરમાત્મા ! જય પામો.

અરે ! વીતરાગ પરમાત્મા તો ક્યારના ય જય પામી ગયા છે. પોતાના છેલ્લા ભવમાં જયારે તેમણે ક્ષપકશ્રેણી માંડીને મોહનીય કર્મનો ખુરદો બોલાવ્યો, રાગ ખતમ કર્યો, વીતરાગ બન્યા ત્યારે જ તેઓ તો જય પામી ગયા હતા, હવે તેમને વળી, 'જય પામો' એમ કહેવાની શી જરૂર ?

ઓ વીતરાગ પરમાત્મા ! મોહ સાથેના સંગ્રામમાં આપ તો ક્યારના ય જય પામી ગયા છો, પણ આજે મારો મોહનીયકર્મ સાથે સંગ્રામ ચાલી રહ્યો છે. આ યુદ્ધમાં હું સતત હાર ખાઈ રહ્યો હોઉં તેવું મને ભાસે છે. કારણ કે ગુણોનો કરોડપતિ હું આજે ભિખારી બન્યો છું. યયાતિ જેવી કામવાસના મારામાં સળગી ઊઠી છે, તો અગ્નિશર્માથી ય વધારે ક્રોધી હું બન્યો છું. હું મંગુ આચાર્ય જેવો ખાવાનો લાલચું છું તો મમ્મણ જેવો ધનલંપટ છું. પંકપ્રિય કુંભાર જેવો ઈર્ષ્યાળુ છું તો અયોધ્યાની ધોબણ જેવો નિંદક બન્યો છું. રાવણ જેવો મહા - અહંકારી બન્યો છું તો કંડરિક જેવો આસક્ત બન્યો છું. મોહરાજે મારા ગુણોનો ખુરદો બોલાવ્યો છે ને તેના સૈન્યનો પગ પેસારો કરાવીને મારા રાજયને ખતમ કરવાનો પેંતરો રચ્યો છે.

મારા આત્મામાં પ્રવેશેલા નાના નાના દોષોને મેં પાળી પોષીને મોટા કર્યાં છે. હવે આ દોષો એટલા બધા તગડા થયા છે કે નીકાળવા મથું તો ય નીકળતા નથી. ડેરા-તંબુ તાણીને તેઓએ મારા આત્મામાં અડ્ડો જમાવ્યો છે. એટલું જ નહિ, તેમની સામે પડું ત્યારે તેઓ મને જ ચત્તોપાટ પાડી દેવાનું કામ કરે છે !

પણ આ દોષોએ મારું સ્વપ્ન જે અતિશય વિકૃત બનાવ્યું છે, તે મારાથી સહન થાય તેમ નથી. તેમના કારણે જે અનંતા દુઃખો મારે ભોગવવા પડ્યા છે, અનંતા ભવો મારે સંસારમાં ભટકવું પડ્યું છે, પાપમય જીવનો જીવવા પડ્યાં છે, ઈચ્છા વિનાના જન્મો સ્વીકારવા પડ્યા છે, રિબામણભરપૂર મોત વધાવવા પડ્યા છે. તે મને હવે જરા ય પસંદ નથી. તેથી હે પરમાત્મા ! મેં તેમની સામે મોરચો માંડ્યો છે. યુદ્ધ શરુ થયું છે. મેદાનમાં બરોબર ઊતર્યો છું.જીતવા માટે મેં પૂરો દાવ લગાવ્યો છે.

પણ પરમાત્મા ! મને લાગે છે કે મારા પુરુષાર્થે હું આ યુદ્ધમાં વિજય મેળવી શકું તેમ નથી. જેમ જેમ યુદ્ધમાં આગળ વધું છું, તેમ તેમ આ દોષોની સામે મારે

પીછેહઠ કરવી પડે છે.

મને લાગે છે કે મારે આ યુદ્ધ લડવા માટે કુશળ સારથિની જરૂર છે. પેલો અર્જુન મહાભારતના યુદ્ધને ત્યારે જ જીતી શકેલો કે જ્યારે તેના પક્ષે સારથિ તરીકે શ્રીકૃષ્ણ હતા.

મને લાગે છે કે મારા પક્ષે સારથિ તરીકે જો આપ પધારશો તો જ મને કર્મસંગ્રામમાં વિજય મળી શકશે, તે સિવાય જય પામવું મારા માટે તો અશક્ય પ્રાયઃ જણાય છે.

મેઘકુમારનો ધર્મરથ જ્યારે ખોટા રસ્તે હતો, ત્યારે તેના ધર્મરથના સારથિ પ્રભુ ! આપ જ બન્યા હતા ને ? આપના પ્રભાવે તેનો ધર્મરથ સડસડાટ સાચા માર્ગે દોડવા લાગેલો. બસ પ્રભુ ! હું પણ આપની પાસે એજ માંગણી કરું છું કે,

હે વીતરાગ પરમાત્મા !

આપ મારા મનમંદિરમાં પધારો ! દોષો સામેના યુદ્ધમાં આપ મારા સારથિ બનો ! તેમાં આપ વિજયવંતા બનો. મને પણ વિજય અપાવો."

આમ, કર્મ સામે ચાલી રહેલું આપણું જે યુદ્ધ છે, તેમાં જય પામવાની વિનંતી આપણે પરમાત્માને કરી રહ્યા છીએ. પરમાત્મા આપણા મનમંદિરમાં આવે એટલે આપણને વિજય મળ્યો જ સમજો.

બાવના ચંદનના વનમાં ઠંડક લેવા આવેલા સાપોને દૂર શી રીતે કરવા ? સાણસાથી પકડીને એકેક સાપને દૂર કરવા જઈએ તો સાપ આપણને જ ડંખ મારીને યમસદનમાં પહોંચાડી દે !

પણ જો તે જંગલમાં એક મોરલો લાવી દેવામાં આવે તો તેનો એકાદ ટહુકો જ તે જંગલને સર્પરહિત બનાવી દેશે. અરે ! મોરના અસ્તિત્વ માત્રથી બધા સાપ નાસી છૂટશે.

વીતરાગ પરમાત્મા છે આ મોરલો ! તે જો આપણા મનમંદિરમાં આવી જાય તો દોષો રૂપી સાપો શી રીતે ઊભા રહી શકે ? માટે વીતરાગ પરમાત્મા રૂપી મોરલાને આપણા મનમંદિરમાં આમંત્રણ આપવા બોલવાનું છે. 'જય વીયરાય' !

"જગગુરુ" : જગતના ગુરુ.

જગતના ગુરુ એટલે ત્રણે લોકના ગુરુ. સમગ્ર વિશ્વના ગુરુ.

રાગ-દ્વેષ અને અજ્ઞાન, આ ત્રણ દોષોના કારણે જ જૂઠ બોલી શકાય છે. જેનામાં આ ત્રણ દોષો નથી, તેને જૂઠ બોલવાનું કોઈ કારણ જ નથી. તેઓ સદા સત્ય જ બોલે.

પરમાત્મા વીતરાગ-વીતદ્વેષ અને સર્વજ્ઞ છે. માટે પરમાત્મા કદી પણ જૂઠું બોલે જ નહિ. તેઓ સદા સત્ય જ બોલે. પરમાત્મા દીક્ષા લીધા બાદ જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી પ્રાયઃ મૌન રહે છે; તેનું કારણ પણ એ જ છે કે પરમાત્મા ત્યાં સુધી સર્વજ્ઞ બન્યા નહોતા. તેમનામાં રાગ-દ્વેષ હતા. તેથી અસત્ય બોલવાની સંભાવના હતી.

પણ જ્યારે તેઓ વીતરાગ, વીતદ્વેષ અને સર્વજ્ઞ બને (કેવળજ્ઞાન પામે) ત્યારે દેવો તેમના માટે સમવસરણની રચના કરે. જ્યાં સુધી જીવે ત્યાં સુધી પરમાત્મા પ્રાયઃ રોજ સવાર-સાંજ એક એક પ્રહર (ત્રણ-ત્રણ કલાક) દેશના આપે.

જે પરમાત્મા સાધનાકાળમાં સંપૂર્ણ મૌન હતા, તેઓ હવે સતત બોલવા લાગ્યા; તેનું કારણ એ છે કે હવે અસત્ય બોલાવાની કોઈ જ સંભાવના નથી. હવે રાગ-દ્વેષ-અજ્ઞાન ન હોવાના કારણે જે કાંઈ બોલાશે તે સત્ય જ બોલાશે.

આ સત્યવાણીને વહાવનારા, લોકોને ધર્મ માર્ગે જોડનારા, ઉપદેશ આપનારા તેઓ ત્રણે જગતના ગુરુ બન્યા.

"જગગુરુ" પદથી આપણે પરમાત્માને જેમ જગતના ગુરુ તરીકે નિહાળવાના છે, તેમ સત્યવાદી તરીકે પણ સ્વીકારવાના છે. આ સત્યવાદી પરમાત્મા કદી જૂઠું બોલે જ નહિ. જો સાત નરક ન હોય તો તેઓ સાત નરક કહે જ નહિ. રાચીમાચીને કરાતું રાત્રિભોજન નરકનો નેશનલ હાઈવે ન હોય તો પરમાત્મા તેમ કહેત જ નહિ.

પણ પરમાત્માએ જ્યારે તેવી વાતો કરી છે, ત્યારે તેને સત્ય તરીકે આપણે સૌએ સ્વીકારી લેવાની જરૂર છે, કારણ કે પરમાત્મા જગતના ગુરુ છે, સંપૂર્ણ સત્યવાદી છે. આ પરમાત્મા કદી પણ જૂઠું બોલે જ નહિ.

હે પરમાત્મન્ ! આજે 'જગગુરુ' બોલવા દ્વારા, મારા હૃદયમાં આપને ત્રણ જગતના ગુરુ તરીકે એટલે કે સંપૂર્ણ સત્યવાદી તરીકે સ્વીકારું છું. હવે આપના વચનમાં હું ક્યારે ય કોઈ પણ પ્રકારની શંકા નહિ કરું, તેની આપને ખાતરી આપું છું, આપની તમામેતમામ વાતોને હું સંપૂર્ણ શ્રદ્ધા અને સમર્પણભાવથી સ્વીકારીશ. મારા મનમાં ક્યારે ય તે બાબતમાં કોઈ વિરોધ પેદા નહિ થવા દઉં તેવો મારો દૃઢ નિર્ધાર આજે જાહેર કરું છું.

**"તુહ પભાવઓ"**

હે ભગવંત ! તારા પ્રભાવથી મને આ તેર વસ્તુઓ પ્રાપ્ત થાઓ. ના, મારા પુરુષાર્થથી જરા ય નહિ. પૈસાના જોરે પણ નહિ. સત્તાના બળે પણ નહિ. પુણ્યના

યોગે પણ નહિ; પરન્તુ માત્ર તારા હા ! એક માત્ર તારા પ્રભાવે જ મને આ ચીજોની પ્રાપ્તિ થાઓ.

હે પરમાત્મા ! માનવ બન્યો હોવા છતાં ય મારા લક્ખણ તો વાનરને ય મહાન કહેવડાવે તેવા છે. હજુ સુધી વાનરવેડા ગયા નથી. મારે તો માનવ બનીને બનવું હતું નારાયણ. પણ રે કમનસીબી ! નારાયણ બનવાની વાત તો દૂર રહો, મારા નરપણાનાય ઠેકાણાં નથી.

દોષો આત્મામાં જામ થયા છે. દુર્ભાવો મજબૂત થતા જાય છે. જેમ જેમ મહેનત કરું છું; તે દુર્ભાવોને દૂર કરવાની, તેમ તેમ તે દુર્ભાવો દૂર થવાના બદલે વધુ ને વધુ મજબૂત થતાં જણાય છે. મારા સદ્ભાવો દ્વારા ય આ દુર્ભાવો ખતમ થતાં નથી. અને મારી પાસે વાનરવેડા કરાવે છે.

મારા આ વાનરવેડાને દૂર કરવાની તાકાત મારા પુરુષાર્થની નથી, તે વાત હવે મને બરાબર સમજાઈ ગઈ છે.

પૈસા ખર્ચવાથી પદાર્થો મળી શકે છે, પણ પ્રેમ થોડો મળે ? પૈસા ખર્ચવાથી દુન્યવી ચીજો મેળવી શકું, પણ પૈસાથી દુર્ભાવોને શી રીતે ખતમ કરી શકું ? પૈસો જ સર્વસ્વ છે, પૈસાથી બધું જ થાય, તેવી મારી માન્યતા હવે કકડભૂસ થઈને તૂટી પડી છે.

મને બરોબર સમજાઈ ગયું છે કે મારા પુરુષાર્થે કે પૈસાના જોરે હું કદી ય મારા વાનરવેડા અટકાવી શકું તેમ નથી. હું કદી ય નારાયણ બની શકું તેમ નથી. અરે ! પુણ્યના ઉદયે પણ વાનરવેડા ટળી શકે તેમ જણાતું નથી. આમ, પૈસો, પુરુષાર્થ અને પુણ્ય, આ ત્રણે ય મારા વાનરવેડાને અટકાવવા માટે તો વામણા પુરવાર થયા છે.

હવે તો મારા વાનરવેડા અટકાવવાની શક્તિ, હે પરમાત્મન્ ! મને તારા અચિન્ત્ય પ્રભાવમાં જ જણાય છે.

તારો પ્રભાવ જો હું પામી જાઉં, તારી અનુગ્રહ દૃષ્ટિને જો હું ઝીલી લઉં, તારી કૃપા મારી પર જો થઈ જાય તો મારા વાનરવેડા દૂર થયા વિના ન રહે. હું વાનર મટી નર બનું, અરે ! નર મટીને નારાયણ બનું.

વાનરમાંથી નર બનવા જરૂરી છ વસ્તુઓ અને નરમાંથી નારાયણ બનવા માટે જરૂરી બીજી સાત વસ્તુઓ મારે જોઈએ છે, જે મને માત્ર તારા પ્રભાવે જ મળી શકે તેમ છે, તેથી હે પરમાત્મા ! આજે તારી પાસે આવીને પોકાર કરું છું કે તારા પ્રભાવે (મારા પ્રયત્ને, પૈસે કે પુણ્યે તો નહિ જ.) મને આ તેર વસ્તુઓની પ્રાપ્તિ થાઓ.

# (૧૦) હું સારો, સ્વસ્થ અને સમજું બનું

ભયવં : તેર માગણીઓ કરતાં પહેલાં 'હે ભગવંત !' કહીને આ પદ દ્વારા સંબોધન કરવામાં આવેલ છે.

જયવીયરાય અને જગગુરુ પદ દ્વારા પરમાત્માનો જયજયકાર વ્યક્ત કર્યા બાદ હવે પ્રાર્થનાઓ શરૂ કરવા માટે પરમાત્માને પોતાની સન્મુખ કરવા આ પદ છે.

આ પદ બોલતાં જ આખા શરીરમાં ઝણઝણાટી પેદા થાય. સાડા ત્રણ કરોડ રૂંવાડાં ખડાં થઈ જાય. કોઈ યાચક કોઈ શ્રીમંત પાસે માંગણી કરતો હોય ત્યારે તેના હાવભાવ કેવાં થાય ? તેના કરતાં ય વધારે અહોભાવ, આરઝૂ અને કાકલૂદીભર્યા સ્વરે, હાવભાવપૂર્વક આ પદ બોલવાનું છે.

## (૧) ભવ નિવ્વેઓ :

હે પ્રભો ! મારામાં વાનરવેડા પેદા કરાવનાર છે સંસાર પ્રત્યેની કારમી આસક્તિ ! સંસારના કયા પદાર્થો એવા છે કે જેમાં હું આસક્ત ન હોઉં ? તે સવાલ છે.

મારી આ ભોગસુખો પ્રત્યેની કાતિલ આસક્તિએ મને નથી સુખી બનાવ્યો કે નથી સારો રહેવા દીધો ! આસક્તિએ મને ઇન્શાન તો રહેવા નથી દીધો, પણ ઘણીવાર હેવાન અને શેતાન બનાવ્યો છે. બાઈબલના શેતાનને ય શરમાવે તેવું મારું જીવન આ આસક્તિએ કર્યું છે.

આ આસક્તિને વશ થઈને હું ભોગસુખોમાં બેફામ બન્યો છું. પ્રભો ! શું વાત કરું ? મને ક્યાંય સંતોષ નથી. હું ક્યાંય અટકતો નથી. દરેક પદાર્થમાં મારી અતૃપ્તિ વધતી જ જાય છે. મારી ઈચ્છાઓનો કોઈ અંત નથી.

હજારો રૂપિયા થયા પછી લાખોની, લાખો થયા પછી કરોડોની અપેક્ષા ઉભી થાય છે. ક્યાંય હું ધરાતો નથી. મેં પૈસાની બાબતમાં ક્યાંય ડેડલાઈન મૂકી જ નથી. પરિગ્રહ પરિમાણવ્રત લેવાની વાત વિચારતાં ય મને કંપારી આવે છે !

સમાજના ભયે, આબરૂના ડરે ઘરમાં એક પત્ની છે તે વાત જુદી....પણ મારા નાથ ! શું આગળ કહું ? મારા મનની હાલત તો સાવ ન્યારી છે. ટી. વી. ના પડદે જેટલી વિજાતીય વ્યક્તિઓને જોઉં છું, રસ્તામાં પસાર થતી જે જે વિજાતીય વ્યક્તિ નજરમાં આવે છે, તે દરેકની બાબતમાં મારા મનમાં ક્યાં સુધીના કેવા વિચારો આવે છે ? તે હે નાથ ! તારાથી ક્યાં અજાણ્યા છે ? મને તો બોલતાં ય શરમ આવે છે !

ખાવામાં-પીવામાં-પહેરવામાં-ભોંગવવામાં, સર્વત્ર હું બેફામ બન્યો છું. ભોગસુખોના આ બેફામપણા પ્રત્યે મને નફરત પેદા થાય; તેમ હું ઈચ્છું છું. કારણ કે ભોગસુખોના આ બેફામપણામાં માનવીય સભ્યતા ય પેદા થવાની શક્યતા નથી તો આત્મિક વિકાસંની તો ક્યાં આશા રાખું ?

મને નથી ભૂખ્યા-તરસ્યા ગરીબો દેખાતાં કે નથી કતલ કરાતાં અબોલ પશુઓની તીણી ચીસો સંભળાતી ! મને દુઃખી પાડોશીઓના દુઃખો નથી દેખાતા તો નથી મને મારા નોકર-ચાકરોની તકલીફો દેખાતી ! હું તો બસ મારામાં મસ્ત છું. મારા ભોગસુખોમાં ગળાડૂબ લીન છું.

મારું આ ભોગસુખોનું બેફામપણું મને સુખોમાં લીન બનાવે છે તો ક્યારેક આવી પડતાં દુઃખોમાં દીન બનાવે છે. પીપોમાં પીન (તગડો) બનાવે છે તો ધર્મમાં ક્ષીણ કરે છે.વળી, હું બુદ્ધિનો હીન બન્યા વિના રહેતો નથી.

પણ પ્રભો ! હવે મને સાચું ભાન થવા લાગ્યું છે. મારા વાનરવેડાનો નાશ કરવા આ ભોગસુખો પ્રત્યેના કારમા બેફામપણાને દૂર કર્યા સિવાય છૂટકો નથી. તેથી તારી પાસે પ્રથમ પ્રાર્થના એ જ કરું છું કે સંસારના ભોગસુખોના બેફામપણામાં મને નફરત પેદા કર. હું સંતોષી બનું. બધામાં મર્યાદા લાવું. સંસારમાં રહું તોય મારામાં સંસાર ન રાખું.

હે પ્રભો ! જ્યારે કર્મના ઉદયે જીવનમાં દુઃખો આવી પડે છે ત્યારે આ સંસાર પ્રત્યે મને કંટાળો આવે છે ખરો, પુષ્કળ વૈરાગ્ય પણ પેદા થાય છે, પણ તે તો પેલા સ્મશાન વૈરાગ્ય જેવો નીવડે છે, કારણ કે મારામાં સુખો પ્રત્યેની જે કારમી આસક્તિ પડેલી છે, તે નવા નવા સુખના આગમનની કલ્પના કરાવીને મારા તે વૈરાગ્યને દૂર કરી દે છે. માટે પ્રભો ! સુખમય સંસાર પ્રત્યે જ વૈરાગ્ય પેદા થાય તેવું ઈચ્છી રહ્યો છું. મારી સુખ પ્રત્યેની આસક્તિ જ તમે ખતમ કરી દો.

ભવનિવ્વેઓ પદ દ્વારા માંગુ છું કે હે પરમાત્મા ! સંસાર પ્રત્યે મને નિર્વેદ-કંટાળો-વૈરાગ્ય પેદા કરાવો. સંસાર પ્રત્યેની મારી આસક્તિને આપ ખતમ કરો.

## (૨) મગ્ગાણુસારિઆ :

હે પરમાત્મા ! મારું જીવન તારા બતાડેલા માર્ગને અનુસરનારું બને તેવી મારી ત્રીજી પ્રાર્થના છે.

હૃદયની સરળતા એ મોક્ષનો માર્ગ છે. જે આત્મા કદાગ્રહી હોય, પોતાની માન્યતાની ખોટી પક્કડવાળો હોય, તે આત્મા તારા માર્ગે હોઈ શકતો નથી, તેવી

વાત જાણીને મેં નક્કી કર્યું છે કે ઘણા ભવો હું વાંકો ચાલ્યો, મન ફાવે તેમ વર્ત્યો, કોઈનું કાંઈ સાંભળ્યું નહિ, સ્વચ્છંદતાઓને જ માત્ર પોષી, પણ ના, હવે મારે તેવી વાંકાઈઓ સાથે નથી જીવવું. હવે સંપૂર્ણ સરળ બની જવું છે.

પેલો સાપ ! રસ્તામાં ભલે ને વાંકોચૂકો જતો હોય, પણ દરમાં તો ત્યારે જ પ્રવેશી શકે કે જ્યારે તે સીધો ચાલે. જો સાપ પણ સીધો ચાલ્યા વિના પોતાના દરમાં પ્રવેશી શકતો ન હોય તો હું પણ સીધો ચાલ્યા વિના શી રીતે મારા ઘરમાં-મોક્ષમાં પ્રવેશ મેળવી શકું ?

કદાગ્રહી વ્યક્તિ ઉપદેશ માટે અપાત્ર છે. તે કદી સાચી શુદ્ધિ કરી શકતો નથી. સરળ હૃદયની વ્યક્તિ જ પોતાના પાપોની સાચી શુદ્ધિ કરી શકે છે અને આત્મકલ્યાણ સાધી શકે છે, એવું જાણ્યા પછી હે પરમાત્મા ! હૈયાના સરળ બનવાની મારી તાલાવેલી વધી ગઈ છે. કદાગ્રહો, પૂર્વગ્રહો, હઠાગ્રહો, દુરાગ્રહો વગેરે બધું જ છોડીને મારે અનાગ્રહી બનવું છે. મારે સત્યાગ્રહી નહિ પણ સત્યગ્રાહી બનવું છે.

ક્યારે મારો એ પરમપાવન દિવસ આવશે કે જ્યારે હું નિર્દંભતા, નાના બાળક જેવી નિર્દોષતા અને હૈયાની સરળતાને પામીશ ? પ્રભો ! મારા પુરુષાર્થથી આ શક્ય નથી. આ તો માત્ર તારા પ્રભાવે જ શક્ય છે. માટે કહું છું કે, હે દેવાધિદેવ ! તારા પ્રભાવથી મને હૈયાની સરળતા રૂપ માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાઓ.

**(૩) ઈટ્ઠફલ સિદ્ધિ :** હે પ્રભો ! 'ભવનિવ્વેઓ' અને "મગ્ગાણુસારીઆ" પદો વડે મેં તારી પાસે સારો માણસ બનવાની ઈચ્છા વ્યક્ત કરી, પણ સારો બનેલો હું જો સદા અસ્વસ્થ હોઉં તો તારી બતાડેલી સાધના શી રીતે કરી શકું ?

કર્મોના ઉદયે આ સંસારમાં ડગલેને પગલે દુઃખો આવ્યા કરે છે. સંસારનું સ્વરૂપ જ એવું છે કે અહીં દુઃખો ન આવે તો આશ્ચર્ય ! ભૂતકાળના ભવમાં ને આ ભવમાં ય જુવાની કે શ્રીમંતાઈના નશામાં એટલા બધા પાપો કર્યા છે ને હજુય કરી રહ્યો છું કે તેના ઉદયે મારા જીવનમાં પુષ્કળ દુઃખો આવવાના જ.

પણ મારી કમનસીબી એ છે કે દુઃખો લાવનારા પાપો જાતે કર્યા હોવા છતાં ય મેં દુઃખોને સહન કરવાની શક્તિ પેદા કરી નથી, પરિણામે આવેલા દુઃખોમાં મારી સમાધિ ઝુંટવાઈ જાય છે. સ્વસ્થતા ટકતી નથી. દુઃખોને દૂર કરવાની તીવ્ર ઈચ્છાઓ પેદા થાય છે. સમજાતું નથી કે શું કરું ? ક્યાં જાઉં ? સમાધિ શી રીતે ટકાવું ? સ્વસ્થતા પ્રાપ્ત કરવાનો શું ઉપાય ?

કોઈ કહે છે મીરાદાતાર પાસે જા ! કોઈ કહે છે હનુમાનજીની માનતા

માન ! કોઈ કહે છે કે પીરની દરગાહે જા ! કોઈ દેવ-દેવીની માનતા માનવાનું કહે છે ! 'પથ્થર તેટલા પૂજો દેવ' ના ન્યાયે અનેક ઠેકાણે રખડવાની ને દુઃખોની શાંતિ પ્રાપ્ત કરવાની સલાહ મળે છે.

પણ ના ! ઓ મારા નાથ ! ના ! મારે મન તો તું જ મારું સર્વસ્વ છે. તારા સિવાય બીજું કોઈ મારે મન પૂજનીય નથી. હું તો તારી જ સેવા કરું, તારી જ ઉપાસના કરું, કારણ કે મને પૂર્ણ વિશ્વાસ છે કે મારા દુઃખો પણ તારા પ્રભાવે જ દૂર થશે. મારી ઈષ્ટ સામગ્રી પણ તારી કૃપાથી જ મને મળશે. મારા કોક નિકાચિત કર્મોના ઉદયે કદાચ તારી ભક્તિ કરવા છતાં પણ મને જે સુખ મળવાનું નહિ હોય તે સુખ બીજા કોઈથી પણ મળવાનું નથી જ.

બીજા દેવ-દેવીની ઉપાસનાથી પણ જે ન મળી શકે તે તારા પ્રભાવથી તો મળે જ. તો પછી પ્રભો ! મારી સ્વસ્થતા ટકાવવા મારે જેની જરૂર છે તે તને છોડીને બીજા પાસે શા માટે માંગુ ? ના, તે તો હવે હું તારી પાસે જ માગું છું ?

પત્ની તો પતિની સેવા કરે. તે વળી પતિની સેવા કદી લેતી હશે ? જ્યારે તેના પગ સખત દુઃખવા લાગે ત્યારે તે સહન કરે. છતાંય જો સહન ન જ થાય અને પગ દબાવડાવ્યા વિના ન જ ચાલે તેમ હોય તો તે પતિવ્રતા સ્ત્રી પોતાના દીયર કે અન્ય પુરુષ પાસે થોડા પગ દબાવડાવે ? તેવા સમયે તે દબાવડાવે તો પોતાના પતિ પાસે જ પગ દબાવડાવે.

બસ તે જ ન્યાયે હે પ્રભો ! મારા જીવનમાં જે દુઃખો આવ્યા છે તે હું સહન કરવાનો પ્રયત્ન કરું છું પણ બધા દુઃખો મારાથી સહન થતા નથી. મારી સ્વસ્થતા હણાઈ જાય છે .પણ તે માટે હવે બીજા દેવ-દેવીઓ પાસે કે દરગાહોમાં તો નહિ જ ભટકું. પ્રભો ! તે માટે તારી પાસે જ આવ્યો છું. મારી ઇચ્છિત તમામ વસ્તુઓ તારી પાસે જ માગું છું. મને ઈષ્ટફળની સિદ્ધિ પ્રાપ્તિ થાઓ."

ઈઠ્ઠફલસિદ્ધિ પદ બોલવા દ્વારા ભકત પોતાના હૃદયની ઉપરોક્ત પ્રાર્થનાને વાચા આપે છે. વાત તો બરોબર જ છે ને ! જેના પેટમાં ખાડો પડ્યો છે, તે ભગવાનની ભક્તિ શી રીતે કરી શકે ? જેના જીવનમાં સંકલેશ છે, તે ધ્યાનમાં લીન શી રીતે બની શકે ? જેને ખાવા-પીવા-પહેરવા-ઓઢવા-રહેવાના સવાલો સતત હેરાન-પરેશાન કરી રહ્યા છે તે શાંતિથી વ્યાખ્યાનશ્રવણ, પ્રભુપૂજન કે આરાધનામય જીવન શી રીતે પસાર કરી શકે ?

પોતાની તકલીફ દૂર કરવા તે ગમે ત્યાં ભટકવાના બદલે ભગવાન પાસે

જ જાય ને ? તેમની પાસે જ પોતાની જરૂરિયાતની માંગણી કરે ને ? તેમ કરતી વખતે તો તેના હૃદયમાં પરમાત્મા પ્રત્યેનો ઉછળતો અહોભાવ વ્યક્ત થાય છે.

પોતાની જરૂરિયાતની પ્રાપ્તિના અન્ય ઉપાયો પ્રત્યે તેને જે શ્રદ્ધા નથી તેના કરતાં ય અનેકગણી ચડિયાતી શ્રદ્ધા તેને પરમાત્મામાં છે, તે વાત આ પ્રાર્થનામાં વ્યક્ત થાય છે. સમ્યગ્દર્શનના ૬૭ બોલમાંની વચનશુદ્ધિના દર્શન થાય છે.

## (૪) લોગવિરુદ્ધચ્ચાઓ :

સ્વસ્થ માનવ એટલે પીડા વિનાનો માનવ. દુઃખ વિનાનો માનવ. ઈષ્ટફલસિદ્ધિની પ્રાર્થના વડે પોતાની પીડાને દૂર કરવાની માંગણી કરી. પણ પોતાના અનાદિના કુસંસ્કારોના જોરે બીજાને પીડા આપવાનું તો ચાલુ છે. જે આપો તે પામો તે ન્યાયે બીજાને પીડા આપનારો પોતે પણ પીડા તો પામવાનો જ, પછી તે સ્વસ્થ શી રીતે બનશે ?

તેથી આ પ્રાર્થનામાં પરપીડાના પરિહારની માંગણી છે. હું બીજાને પીડા પમાડનારો ન બનું, તેવી સ્થિતિનું હે પરમાત્મા ! તું સર્જન કર.

શિષ્ટલોકોને જે આચરણ માન્ય ન હોય તે લોકવિરુદ્ધ કાર્ય ગણાય. અહીં લોકવિરુદ્ધ કાર્યોના ત્યાગની માંગણી કરાઈ છે. પરને પીડા આપવી, તે સૌથી મોટું લોકવિરુદ્ધ કાર્ય છે.

વળી ગર્ભપાત, છૂટાછેડા, વ્યસનસેવન, પરસ્ત્રીગમન, દારૂ, દુરાચાર, વ્યભિચાર, જુગાર વગેરે કાર્યો પણ પોતાને-બીજાને-કુટુંબીજનોને પીડા આપનારા બને છે. વળી તે શિષ્ટ લોકોને માન્ય પણ નથી જ. તેવા તમામ લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગી બનું, તેવી શક્તિની માંગણી આ પ્રાર્થનામાં કરવામાં આવી છે.

સારો માણસ અને સ્વસ્થ માનવ બન્યા પછી હવે સમજુ માણસ બનવાનું છે. તે માટે બીજી બે પ્રાર્થના કરવાની છે. આ છ વસ્તુ પ્રાપ્ત થતાં જ વાનરવેડા દૂર થઈ જાય. સારા, સ્વસ્થ ને સમજુ માનવ બનાય.

## (૫) ગુરુજણપૂઆ :

સમજુ માનવ તે જ કહેવાય કે જે પોતાના ઘરમાં રહેલાં ભગવાન અને ભગવતી સ્વરૂપ પોતાના માતા-પિતા વગેરે ગુરુજનોનો પૂજક હોય, તથા ડગલે ને પગલે સતત બીજાનો વિચાર કરતો હોય.

જે ગુરુજનોને પૂજક નથી અને બીજાનો કદી ય વિચાર કરતો નથી તે કદાચ બહારનું માનવ તરીકેનું ખોળીયું ધરાવતો હોય તો ય તેને સમજુ માનવ તો શી રીતે કહી શકાય ?

પાંચમી અને છઠ્ઠી પ્રાર્થના સમજુ માનવ બનવા માટે પરમાત્માને કરવાની છે. હે પરમાત્મા ! મને આપ કૃપાળુ એવી શક્તિ આપો કે જેથી હું માતા-પિતાદિ ગુરુજનોનો પૂજક બનું અને જીવમાત્રનો મિત્ર બનવા દ્વારા સતત પરોપકારમાં રત રહું.

ગુરુજન શબ્દથી માત્ર માતા-પિતા જ નહિ પણ સાસુ, સસરા, જેઠ, જેઠાણી, મોટાભાઈ, મોટા ભાભી, મોટી બહેન, સ્કૂલ-કોલેજ-પાઠશાળાના શિક્ષકાદિ સર્વ વડિલોને સમજવાના છે. તે તમામના પૂજક બનવાનું છે.

સામાન્યત : 'ગુરુજન' શબ્દથી આપણા મનમાં સાધુ-સાધ્વીજી ભગવંતો જણાય છે; પણ અહીં 'ગુરુજન' શબ્દનો અર્થ સાધુ-સાધ્વીજી કરવાનો નથી. કારણ કે સાતમી 'સુહગુરુજોગો' પ્રાર્થનામાં શુભગુરુની પ્રાપ્તિ ઈચ્છવાની છે. જ્યાં સુધી શુભગુરુની પ્રાપ્તિ જ ન થાય ત્યાં સુધી તેમની પૂજા શી રીતે થઈ શકે ? માટે 'ગુરુજણપૂઆ'માં ગુરુજનનો અર્થ માત-પિતાદિ વડિલ કરવાનો છે.

'ગુરુજણપૂઆ' પ્રાર્થના કર્યા પછી થતી 'સુહગુરુજોગો' પ્રાર્થના એમ સૂચવે છે કે માત-પિતાની ભક્તિ તે પાયો છે. શુભગુરુનો યોગ એ ઈમારત છે. ભલા ભાઈ ! પાયા વિના તો ઈમારત શેની ? એકડા વિનાના મીંડાનો શો અર્થ ? તેમ જે વ્યક્તિ માત-પિતાદિ ગુરુજનોનો પૂજક બનતો નથી પણ પરમાત્માનો ભક્ત કે સાધુજનોનો સેવક બનેલો જણાય છે તેની તે પરમાત્માભક્તિ કે સાધુસેવાને શી રીતે બીરદાવી શકાય ?

લલિતવિસ્તરા નામના ગ્રંથમાં પૂજ્યપાદ સૂરિપુરંદર હરિભદ્રસૂરિજી મહારાજ આ જયવીયરાય સૂત્રનું વિવરણ કરતાં 'ગુરુજણપૂઆ' ને લૌકિક સૌંદર્ય જણાવે છે, જ્યારે "સુહગુરુજોગો" ને લોકોત્તર સૌંદર્ય તરીકે વર્ણવે છે. લૌકિક સૌંદર્ય વિનાના લોકોત્તર સૌંદર્યની ઝાઝી કિંમત નથી. માણસાઈ વિનાની ધાર્મિકતા કદી ય શોભતી નથી.

પરમાત્માની ભક્તિ, સાધુ-સાધ્વીજી ભગવંતોની સેવા વગેરે લોકોત્તર સૌંદર્ય તો ઘી જેવા છે. અપ્રતિમ શક્તિ પેદા કરવાની તેઓ તાકાત ધરાવે છે. તેમનું મૂલ્યાંકન કદી યે ઓછું ન આંકી શકાય. પરંતુ છ ડિગ્રીના ધગધગતા તાવમાં ઘી ખાય તો શું થાય ? દરદી મરી જાય ને ? શું દરદીને તે ઘી શક્તિ આપી શકે ખરા ? ઘી ગમે તેવું ઔષધ ગણાતું હોય, પણ તેને લેનાર જ બોદો હોય, તાવથી ધગધગતો હોય, ત્યાં તે શું કરે ? તેવા છ ડિગ્રી તાવવાળા દરદીને તો સૌ પ્રથમ તાવ મટાડવાની જ દવા કરવાનું કહેવાય, તે મટ્યા વિના ઘી ન અપાય. મટાડ્યા

પછી ઘી આપીએ તો તેને લાભ થાય.

બસ તે જ રીતે, પરમાત્મભક્તિ, સાધુ-સાધ્વીસેવા વગેરે ઘી જેવા છે. તેનું સેવન કરવાથી આધ્યાત્મિક સૌંદર્ય રૂપ શક્તિ તે જ પામી શકે કે જેઓ લૌકિક સૌંદર્યથી યુક્ત હોય, અર્થાત્ છ ડિગ્રીના ધગધગતા તાવવાળા ન હોય.

જે વ્યક્તિ માતા-પિતાનો સેવક નથી, ગરીબો પ્રત્યે હમદર્દ નથી, તે વ્યક્તિને નિરોગી શી રીતે માની શકાય ? તેને તો છ ડીગ્રીના તાવવાળો જ માનવો પડે ને ? તેવી વ્યક્તિ ગમે તેટલી ધર્મક્રિયા કરે તો ય તેના લાભ માટે તે કેટલી થાય ? તે સવાલ છે.

માટે સૌ પ્રથમ માતા-પિતાની પૂજા-ભક્તિ જોઈએ. માત્ર પ્રણામ કરવાથી કે માતપિતાના પગે પડવાથી ય ન ચાલે. બરોબર ધ્યાનમાં લઈએ કે ગણધર ભગવંતોએ આ સૂત્રમાં 'ગુરુજનપ્રણામ' કે 'ગુરુજનસેવા' શબ્દો નથી વાપર્યા પણ 'ગુરુજણપૂઆ' શબ્દનો પ્રયોગ કર્યો છે. તે શબ્દ જ એમ સૂચવે છે કે માત-પિતાદિ પ્રત્યે પૂજ્યભાવ પેદા કરવાનો છે. તેમની પૂજા કરવાની છે.માત્ર ભગવાનની જ પૂજા નહિ, માત-પિતાની પણ પૂજા કરવાની વાત આ શબ્દોથી ફલિત થાય છે.

આવી માત-પિતાની પૂજા જે કરતા નથી ને ધર્મના ઊંચા અનુષ્ઠાનો સેવવા હરણફાળ ભરે છે તેઓ ધગધગતા છ ડિગ્રી તાવમાં ઘી પીવાનું કામ કરે છે. શી રીતે તેને આ પચશે ?

ક્યારેક પરમાત્માની ભાવવિભોર બનીને બે-ત્રણ કલાક સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરનારી વ્યક્તિને પોતાના માતા-પિતાને ત્રાસ આપતા જોઉં છું ત્યારે હૃદય ચિત્કાર કરી દે છે !

મેવાની સીઝનમાં મેવાથી, મીઠાઈની સીઝનમાં મીઠાઈથી, ફ્રુટની સીઝનમાં તે તે ફ્રુટથી ગુરુભગવંતોના પાત્રા ભરી દેનારી વ્યક્તિઓના માત-પિતાઓને જ્યારે ભાવતા ભોજન વિના ટળવળતા જોઉં છું ત્યારે તીણી ચીસ પડી જાય છે !

સમજાતું નથી કે ચાર નાના નાના દીકરાઓને પ્રેમથી મોટા કરનારા માત-પિતાને મોટા થઈ ગયેલા ચારે દીકરાઓ ભેગા થઈને પણ કેમ સાચવી શકતા નહિ હોય ?

આવા બેવફા, નિષ્ઠુર, કૃતઘ્ન દીકરાઓ કદી ય સુખી થઈ શકશે ખરા ? કદાચ પૂર્વની આરાધના દ્વારા પેદા કરેલા પ્રચંડ પુણ્યબળે -સુખની સામગ્રીઓના ખડકલાવાળા-સુખી બની શકે તો ય તેમના જીવનમાં શાંતિ કે સમાધિ પેદા થઈ

શકે તેમ લાગતું નથી !

જેના શરીરમાં આરોગ્ય નથી, કુટુંબમાં સંપ નથી, જીવનમાં શાંતિ નથી, મનમાં પ્રસન્નતા નથી, તે વ્યક્તિ સંપત્તિઓના ઢગલા કે સામગ્રીઓના ખડકલા વચ્ચે રહેતી હોય તો ય તેને સુખી શી રીતે કહી શકાય ? તે સમાધિ શી રીતે પામી શકશે ? તેના કરતાં તો પેલો ગામડીયો-આધુનિક સાધન સામગ્રી વિનાનો ગરીબ વધુ સુખી-શાંત અને સમાધિમય જણાય છે કે જેના શરીરમાં આરોગ્ય છે, જીવનમાં શાંતિ છે, મનમાં પ્રસન્નતા છે ને કુટુંબમાં સંપ છે.

જે વ્યક્તિ માત-પિતાદિના આશીર્વાદ લેતી નથી, તેમની આંતરડીને ઠારવાની વાત તો દૂર હો પણ કકળાવે છે, ત્રાસ આપે છે, તેમના ઉનાં ઉનાં નિસાસા લે છે, તે વ્યક્તિ બધી સુખ-સામગ્રીની રેલમછેલ વચ્ચે પણ પ્રસન્ન બની શકતી નથી. તેના ડાઇનીંગ ટેબલ ઉપર ભાવતાં ભોજનના ઢગલા થવા છતાંય તેને ભૂખ લાગતી નથી ! ડનલોપની ગાદી મળવા છતાં ય તેની આંખમાં ઊંઘ આવતી નથી ! પત્ની તથા બે-ત્રણ બાળકોનો પરિવાર હોવા છતાં ય સતત કલેશ, કજિયા અને કંકાસમાં તેના દિવસો કદાચ પસાર થતા હોય છે !

જીવનમાં સાચું સુખ પામવું છે ? ભૌતિક સમૃદ્ધિના ચાર પાયા-શરીરમાં આરોગ્ય-કુટુંબમાં સંપ-જીવનમાં શાંતિ અને મનમાં પ્રસન્નતા-પામવા છે ? તો માત-પિતાની આંતરડી કદી ય કકળાવશો નહિ. તેમની ઇચ્છાવિરુદ્ધના કોઈ કાર્ય કરવા નહિ. તેમની પ્રસન્નતા વધારવાના જ તમામ પ્રયત્નો કરવા. કદી પણ તેમના શબ્દોને અવગણવા નહિ. તેમણે પોતાના શબ્દો મોઢામાં જ ગળી ખાવા પડે તેવી પરિસ્થિતિ પેદા કરવી નહિ. કહેવાતા નુકસાનને વેઠી લઈને ય તેમની ઇચ્છાને પૂર્ણ કરવાના પ્રયત્નો કરવા.

બે આંખમાં સળિયા ઘોંચી દઈને ય પિતાની આજ્ઞાનું પાલન કરનારા કુણાલની વાત ક્યાં આપણાથી અજાણી છે ?

પોતાનો અધિકાર હોવા છતાં ય, માત-પિતાની આજ્ઞા ખાતર વનમાં ચાલી જતા રામની વાત ભૂલી તો નથી ગયા ને ?

૬૮ તીરથની યાત્રા કરવાની માત-પિતાને પેદા થયેલી ઇચ્છાને પૂર્ણ કરવા કાવડમાં બેસાડીને માત-પિતાને યાત્રા કરાવતાં શ્રવણની કથા યાદ તો છે ને ?

માત-પિતાએ જે ઉપકાર કર્યા છે, તેને જો જરાક નજરમાં લાવી દઈશું તો તેમની ગમે તેવી ઇચ્છાને પૂર્ણ કરવા તમામ પ્રયત્નો કર્યા વિના નહિ રહી શકીએ.

આપણે જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે જ તેમણે ગર્ભપાત કરાવી દીધો હોત

તો શું આજે આપણું અસ્તિત્વ પણ હોત ખરું ?

માત-પિતાના મહિના-મહિનાના વારાઓ બાંધનારો એક સેકંડ માટે આંખો મીંચીને વિચારે કે આપણા માત-પિતાએ પણ જન્મતાની સાથે આપણા ઉછેરવાના મહિના-મહિનાના વારા બાંધ્યા હોત તો શું આપણે આજે જીવતા હોત ખરા ?

રાજકોટના અનાથાશ્રમનું એક સર્વેક્ષણ એમ જણાવે છે કે જે અનાથ બાળકોને પહેલા ૧૫ દિવસ માતાના પ્રેમ-વાત્સલ્ય મળતા હોય છે, તેઓ લાંબું જીવી જાય છે, પણ જેમને પહેલા ૧૫ દિવસ માતાની હૂંફ મળી હોતી નથી, તેમને ગમે તેટલી કાળજી લેવા છતાં ય જિવાડી શકાતા નથી ! આપણે જો ૧૫ દિવસથી પણ વધારે ઉંમરના થયા હોઈએ તો તેમાં આપણી માતાનો ઉપકાર ખરો કે નહિ ? જો તેમણે આપણને જન્મ આપીને જ ક્યાંક રઝળતા ફેંકી દીધા હોત તો આપણું શું થાત ?

બે - ચાર વર્ષની ઉંમરે જ્યારે કાગડાને ઉડાડવાની ય આપણી તાકાત કે સમજણ નહોતી ત્યારે તેની એકાદ ચાંચથી ય આપણી આંખ ફૂટી જવાની પૂરેપૂરી શક્યતા હતી. તેના બદલે આજે બે ય આંખો જો સલામત હોય તો તેમાં તે સમયે આપણા માત - પિતાએ લીધેલી આપણા માટેની કાળજી સિવાય અન્ય શું કારણ છે ?

આવા તો કેટલા ઉપકારો જણાવું ? આવા અનેક ઉપકારોની સતત હેલી વરસાવનારા તે માત-પિતા પ્રત્યે ભારોભાર બહુમાનભાવ પેદા કરવો જોઈએ. તેમને રોજ સવારે ઊઠીને પગે લાગવું જોઈએ. પોતાની બે આંખો અને કપાળ સૌ પ્રથમ પોતાની માતાના અને પછી પિતાના જમણા પગના અંગૂઠાને લગાડવું-ઘસવું જોઈએ. તેઓના અંતઃકરણના આશીર્વાદ મેળવવા જોઈએ.

જે રોગો દવાથી મટતા નથી, તે રોગો ગરીબોની દુઆથી મટે છે. આ ગરીબોની દુઆ કરતાં ય માત-પિતાના આશીર્વાદની તાકાત વધારે છે. આવા આશીર્વાદ પ્રાપ્ત કરવા જે કાંઈ ભોગ આપવો પડે તે આપવાની પૂર્ણ તૈયારી બતાવવી જોઈએ.

અનંતકાળના સંસ્કારોના કારણે અહંકાર એટલો બધો માઝા મૂકી રહ્યો છે કે તે આપણને માત-પિતાનો ઉપકાર પણ માનવા દેતો નથી તો પૂજન કરવાની તો વાત જ ક્યાં રહી ?

આ પરિસ્થિતિમાં હવે તો મહત્ત્વનો અસરકારક ઉપાય એ જ જણાય છે કે ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માના પ્રભાવને પામીએ. તેમને ગદ્ગદ્ કંઠે વિનંતી કરીએ, તેમની સન્મુખ થઈને પ્રાર્થના કરીએ કે, ''હે પરમાત્મા ! મારી ઉપર એવો પ્રભાવ વરસાવો કે જેથી હું મારા તમામ વડીલજનોનો પૂજક બનું.''

**(૬) પરત્થકરણં :** અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ ચાલું રહ્યું; તેનું મુખ્ય કારણ કોઈ હોય તો તે છે સ્વાર્થભાવ. આ જીવ સદા સ્વાર્થી બની રહ્યો. "હું અને મારું" એ જીવનમંત્ર બનાવ્યો. જાતને અને પોતાનાને સાચવવા માટે બીજાને ત્રાસ આપ્યો, હેરાન કર્યા.

સ્વાર્થપ્રચુર જિંદગી જીવવાના કારણે હૈયામાં વહેતું લાગણીનું સરવરીયું સંકુચિત બનવા લાગ્યું.

વિશ્વના સર્વ જીવોને ચાહવાની વાત હતી ત્યાં મારા તથા પરાયાની ભાવના આ સ્વાર્થ નામના દોષે પેદા કરી.

જન્મ્યા ત્યારે જન્મ નામનું એક કૂંડાળું શરૂ થયું. જે માતાને ત્યાં જન્મ્યા, તે માતા સાથે સંબંધ ધરાવનારાને મારા માન્યા અને તે સિવાયના તમામને પરાયાં માન્યા. મોટાં થતાં લગ્ન નામનું કૂંડાળું શરૂ થયું. પતિ/પત્ની સાથે સંબંધ ધરાવનારાને મારા માન્યા, બાકીનાને પરાયા માન્યા.

જેમને મારા માન્યા, તેમની કાળજી શરૂ થઈ. જેમને પરાયાં માન્યા તેમની ભરપેટ ઉપેક્ષા કરી.

હે પરમાત્મન્ ! મારી આ સ્વાર્થપ્રચુર જિંદગીએ મને મારો સ્વાર્થ સાધવા ઘણીવાર પશુ બનાવ્યો. અરે ! ક્યારેક તો બાઈબલના શેતાનને પણ શરમાવે તેવા કાર્યો મારી પાસે કરાવ્યા.

મારે હવે આ સ્વાર્થભાવને ખતમ કરવો છે, કારણ કે, આ સ્વાર્થભાવ જ મારી પાસે ક્રોધ, ઈર્ષા, અહંકાર વગેરે દોષોનું સેવન કરાવે છે. સમગ્ર સંસારની જડ આ સ્વાર્થભાવ છે.

સ્વાર્થભાવને ખતમ કરવા માટે જરુર છે પરાર્થભાવ કેળવવાની. તે સિવાય તે સ્વાર્થભાવ ખતમ થાય તેમ નથી.

હે પરમાત્મા ! તું તો મહાપરાર્થી છે. પરાર્થ કરવામાં તને રસ છે, એમ નહીં પણ પરાર્થનું તો તને વ્યસન છે. **आकालमेव परार्थव्यसनिनः** તું એમને એમ થોડો કહેવાય છે ?

તેથી આજે તારી પાસે આવ્યો છું. તારી કરુણા મારી પર વરસાવ. તું મારા સ્વાર્થભાવને ધ્રુજાવી દે. બસ તે સિવાય તારી પાસે કાંઈ માંગતો નથી.

જે સ્વાર્થી છે, તે પશુ છે. આજ સુધી પશુ જેવા અનેક ભવો પસાર કર્યા. સ્વાર્થમાં ચકચૂર બનીને જિંદગીઓ પૂરી કરી.

જેણે મારો સ્વાર્થ ન પોષ્યો તેને મેં ખતમ કર્યા. જ્યાં સ્વાર્થ ન સધાયો ત્યાં

મૈત્રીને મેં ખતમ કરી. જ્યાં સ્વાર્થ ઘવાતો જણાયો ત્યાં વિશ્વાસઘાત કરતાં મને કાચી સેકંડની વાર ન લાગી. જેમ જેમ મારી અંદરની જાતને જોવા લાગું છું, તેમ તેમ મને મારી જાત વધુ ને વધુ વામણી, કંગાળ અને મહાદુષ્ટ જણાય છે. હવે તેમાંથી બચવાનો આધાર હે પરમાત્મા ! માત્ર તું જ છે. તારી કૃપાથી પ્રાપ્ત થનાર પરાર્થભાવથી જ હવે તો મારું ઠેકાણું પડે તેમ મને લાગે છે. તેથી તારા ચરણોમાં વારેવારે કાકલૂદી ભરી વિનંતી કરી રહ્યો છું.

હું ઈચ્છું છું કે, હે પરમાત્મા ! તારી કૃપાના પ્રભાવે હું જાતનો મટીને જગતનો બનું. મારા મનમંદિરમાં વિશ્વના સર્વ જીવોને પ્રવેશ આપું. સૌના સુખે સુખી ને સૌના દુ:ખે દુ:ખી બનું.

સવારથી રાત્રી સુધીની મારી દિનચર્યા સતત પરકેન્દ્રી બને. બીજાની ખાતર મારા કાર્યો સદા થતાં રહે. મને પણ પરાર્થનું વ્યસન પેદા થાય. જ્યાં સુધી બીજાનું કોઈ કાર્ય કરવા ન મળે ત્યાં સુધી મને ચેન ન પડે તેવી પરિસ્થિતિ મારામાં નિર્માણ પામે. બીજાને તકલીફ પડે તેવું વર્તન-વ્યવહાર હું કદી કરી ન બેસું.

જો અગરબત્તી બળીને ય બીજાને સુવાસ આપતી હોય, જો દીવડો જાતે ખલાસ થઈને ય બીજાને પ્રકાશ આપતો હોય, જો ચંદન જાતે ઘસાઈને ય બીજાને સુગંધ અને શીતલતા આપતું હોય તો હું તો માનવ છું. મારી સ્થિતિ તો કેટલી બધી ચડિયાતી જોઈએ ?

તેથી હે પરમાત્મન્ ! હું ઇચ્છું છું કે સવારથી રાત્રી સુધી હું તમામ પ્રવૃત્તિઓમાં સતત બીજાનો વિચાર કરતો રહું.

મંદિરમાં જાઉં તો તે રીતે ઊભો રહું કે બીજાને દર્શન કરવામાં અંતરાય ન પડે. સ્તુતિ, સ્તવનાદિ તે રીતે બોલું કે જેથી બીજાને ભક્તિ કરવામાં તકલીફ ન પડે. પૂજા કરતી વખતે માત્ર મારાં એકલાં જ માટે કેસર નહિ, સાથે બીજી એક વાટકી કેસર બીજા માટે તૈયાર કરું.

બસમાં જગ્યા મળી હોય તો ઊભો થઈને કોઈ ડોસીમાને ત્યાં બેસાડું. રસ્તો ક્રોસ કરવામાં કોઈ ઘરડાને સહાય કરું. ભુખ્યાને ભોજન ને તરસ્યાને પાણી પાવા દોડી જાઉં. ઉનાળામાં ત્રાસેલા માટે કોઈ છાશ કેન્દ્ર હું શરુ કરું. ઠંડીમાં ધ્રૂજતાંને ધાબળા ઓઢાડું. સાંજ પડતાં સુધીમાં મારા હાથે છેવટે એકાદ કામ પણ સારું તો થવું જ જોઈએ.

ના, હવે મારે સ્વાર્થી નથી રહેવું. મારે બનવું છે હવે પરાર્થી. પરમાત્મન્ ! તારી અનંત કરુણા વરસાવજે. વધારે તો તને શું કહું ?

# (૧૧) હું લોકોત્તર સૌંદર્યનો સ્વામી બનું

## (૭) સુહગુરુજોગો :

સારા, સ્વસ્થ અને સમજુ માનવ બનવા માટેની જુદી જુદી પ્રાર્થનાઓ પરમાત્મા પાસે કરી. તેનાથી લૌકિક સૌંદર્યની પ્રાપ્તિ થઈ. હવે આત્મિક વિકાસ સાધવા માટે લોકોત્તર સૌંદર્ય પ્રાપ્ત કરવા પ્રાર્થના કરવાની છે.

ગુરુ વિના આત્મિક વિકાસ શકય નથી. પરમાત્મા તો મોક્ષે ચાલ્યા ગયા છે. પરમાત્માના વિરહમાં પરમાત્માની ઓળખાણ કરાવનાર જેમ ગુરુ છે, તેમ પરમાત્માએ બતાડેલાં ધર્મની સાચી સમજણ આપનાર પણ ગુરુ મહારાજ છે. માટે જ જિનશાસનમાં ગુરુતત્ત્વની ઘણી મહત્તા છે.

સાચા ગુરુ શોધવાના છે. તેમના પગ પકડવાના છે. સંપૂર્ણપણે તેમને સમર્પિત બની જવાનું છે. પછી તો તે સાચા ગુરુ પોતે જ હાથ પકડીને આપણને ઠેઠ મોક્ષે પહોંચાડવાના છે. પરંતુ જો ગુરુની પસંદગીમાં થાપ ખાઈ જવાયું, ગમે તેવા ગુરુ ભટકાઈ ગયા, તો આ જીવન આખું ય ફેઈલ થઈ જાય. ના, તે તો કોઈ સંયોગમાં સહન થઈ શકે તેવી વાત નથી.

શું કરવું ? સાંભળ્યું છે કે સાચા ગુરુની શોધ કરવા માટે ૫૬૦૦ માઈલનો વિહાર જરુર પડે તો કરવો. ૧૨ વર્ષ સુધી ગુરુની શોધમાં ફરવું. પણ સાચા ગુરુ જ શોધવા.

પણ મારા માટે તો આ બધું કાંઈ શક્ય જણાતું નથી. ગુરુની પરીક્ષા કરતાં ય મને આવડતું નથી. તેમાં ય હાલ તો કલિકાલ ચાલે છે. તેવા સમયે મારી હાલત તો વધુ કફોડી બની છે.

તેથી પરમાત્મા ! આજે તારી પાસે આવ્યો છું. તું જ મારો તરણ તારણહાર છે. મારા માટે સાચા ગુરુને તું જ શોધી આપ.

બસ ! તારી પાસે મારી આ પ્રાર્થના છે કે મને સારા ગુરુનો તું મેળાપ કરાવી આપ.

જે ગીતાર્થ હોય, શાસ્ત્રોના અચ્છા જ્ઞાતા હોય, ઉત્સર્ગ-અપવાદ વગેરેના અચ્છા જાણકાર હોય, સ્વયં વૈરાગી હોય, મોક્ષના તીવ્ર અભિલાષી હોય, એકાંતવાદી ન હોય પણ અચ્છા સ્યાદ્વાદી હોય, પોતાની જાતની સાથે શરણે

આવેલાંને પણ તારવાની શક્તિ ધરાવનારા હોય, મારા જેવા કાળમીંઢ પથ્થરને પણ સારી સમજણ આપીને ઠેઠ મોક્ષ સુધી પહોંચાડવા સમર્થ હોય તેવા શુભગુરુની પ્રાપ્તિ હું ઝંખી રહ્યો છું.

મારા પુરુષાર્થથી તેવા ગુરુને હું શોધી શકું તેમ મને લાગતું નથી. તેવા ગુરુ તો તારા પ્રભાવે જ મને મળે તેમ લાગે છે. પરમપિતા પરમાત્મા ! માટે જ હું આજે તારી પાસે આવ્યો છું.

મેં સાંભળ્યું છે કે કેટલાક ગુરુઓ લોખંડની હોડી જેવા હોય છે. પોતે ડૂબે ને પોતાના શરણે આવેલાને ય ડુબાડે.

કેટલાક ગુરુઓ કાગળની હોડી જેવા હોય છે, પોતે એકલા હોય તો તરી જાય, પણ જો કોઈ તેના શરણે આવે તો બંને ડૂબે.

જ્યારે કેટલાક ગુરુઓ લાકડાની હોડી જેવા હોય છે, પોતે તરે ને પોતાના શરણે આવેલાને પણ તારે. મારે જોઈએ છે આવા લાકડાની હોડી જેવા ગુરુ. જેમના શરણે જવાથી એકાન્તે મારા આત્માનું હિત થવાનું હોય. અહિતની તો સ્વપ્નમાં પણ શક્યતા ન હોય.

ભલે ને મારા આત્મામાં અનાદિકાળના કુસંસ્કારો જોર મારતા હોય ! મારે ગુરુ જ એવા જોઈએ કે જેઓ ઉપદેશામૃતથી તે કુસંસ્કારોને શાંત કરવા સમર્થ હોય. નિમિત્તોની નાકાબંધી કરવા દ્વારા તે કુસંસ્કારોનો કદી ય ભડકો ન થવા દેતા હોય. સ્વયં વૈરાગી હોઈને મારામાં ભરપૂર વૈરાગ્યને પેદા કરવા સમર્થ હોય.

રોજ વાચના અને વાત્સલ્યનું દાન કરવા દ્વારા મારા આત્માના દોષોનો ખુરદો બોલાવીને અનંતા ગુણોને પ્રગટ કરવામાં સમર્થ હોય. તારી આજ્ઞા પ્રત્યેની વફાદારી જેમની અવિરત હોય. તારા શાસન પ્રત્યેનો પ્રેમ જેની નસનસમાં વહેતો હોય. શારીરિકાદિ કારણસર ક્યાંક તારી આજ્ઞાનું પાલન કદાચ ઓછુંવત્તું હોય તો ય પ્રત્યેક આજ્ઞાનું પાલન કરવાની તલપ હોય. ન થતું હોય તેનો ભયંકર ત્રાસ હોય. તારી આજ્ઞા વિરુદ્ધ સ્વપ્નમાં ય વિચારવા જે તૈયાર ન હોય.

ભગવંત ! હું તો શું સમજું ? હું તો શું જાણું ? તારા કેવળજ્ઞાનના પ્રકાશમાં, તને જે ગુરુ શુદ્ધ જણાતા હોય, શુભ જણાતા હોય તેવા ગુરુને હું ઈચ્છું છું. તેનું શરણું સ્વીકારવાથી મારું કલ્યાણ શક્ય છે. તેથી તેવા શુભગુરુની મને પ્રાપ્તિ કરાવ, તેવી આજે તારી પાસે અંતરના ય અંતરથી પ્રાર્થના કરું છું.

## (૮) (તવ્વયણ સેવણા) તેમના વચનનો સ્વીકાર :

હે પરમાત્મા ! તારા પ્રભાવે મને શુભગુરુની પ્રાપ્તિ તો થઈ જશે, પણ પ્રાપ્ત થયેલાં તે ગુરુભગવંતના વચનોનો જો હું સ્વીકાર જ ન કરું તો મને શું લાભ ?

મેં તો સાંભળ્યું છે કે ગુરુતત્ત્વ તો આગ જેવું છે. જો તાપતાં આવડે તો ઠંડી ઉડાડે, નહિ તો બાળી નાંખે. જો ગુરુતત્ત્વની આરાધના કરતાં આવડે તો બેડોપાર, પણ જો તેમનો દ્રોહ કરવામાં આવે તો અનંતો સંસાર વધી જાય.

પેલા આરણકમુનિએ ગુરુદ્રોહ કર્યો તો મોત મળ્યું. કુલવાલકમુનિએ ગુરુદ્રોહ કર્યો તો ગણિકાથી તેનું પતન થયું એટલું જ નહિ પણ પરમાત્મા મુનિસુવ્રત સ્વામીના સ્તૂપને ઉખેડીને ફેંકી દેવરાવવામાં તે નિમિત્ત બન્યા. હંસ, પરમહંસ પોતાના ગુરુ હરિભદ્રસૂરિજીની ઉપરવટ થઈને બૌદ્ધ મઠમાં ભણવા ગયા તો મરાણા. આવા આવા અનેક પ્રસંગો સાંભળીને ધ્રૂજી ઊઠ્યો છું.

ગુરુદ્રોહનું પાપ ઘણું ઉગ્ર ગણાય છે. આ ભવમાં જ પ્રાયઃ તે પોતાનો ભયાનક પરચો બતાવતું હોય છે. તેથી શુભગુરુનો યોગ થયા પછી પણ ક્યારે ય તેમનો દ્રોહ હું ન કરી બેસું, તેમ ઈચ્છું છું.

મને મળેલા ગુરુમાં હું ગૌતમના દર્શન કરતો થાઉં, તેમના પ્રત્યેક વચનોને સાક્ષાત્ પરમાત્માની આજ્ઞાની જેમ વધાવનારો બનું, તેમનો પડતો બોલ ઝીલવા તલપાપડ બનું. તેમના પ્રત્યે રોમરોમમાં ઉછળતા બહુમાનભાવને ધારણ કરનારો બનું, તેવી મારી તમન્ના છે.

મેં સાંભળ્યું છે કે ગુરુપારતન્ત્ર્ય પાયાનો ગુણ છે. ગુરુને પરતંત્ર રહેવાથી અત્યાર સુધીમાં અનંતા આત્માઓ મોક્ષ પામી શક્યા છે. તો તેવા ગુરુપારતન્ત્ર્યભાવનો હું ધારક બનું. ગુરુ કહે કે, "કાગડા ધોળા છે" તો હું પણ "કાગડા ધોળા છે", તેવી વાત કોઈ પણ જાતના સંકલ્પ-વિકલ્પ વિના સ્વીકારનારો બનું. કોઈ દલીલ નહિ, કોઈ શંકા નહિ, કોઈ પ્રશ્ન નહિ, માત્ર ઊછળતી શ્રદ્ધા, તેમના વચન પ્રત્યેનો ઊછળતો અહોભાવ. બસ ! આટલું મને મળી જાય એટલે ભયો ભયો.

હે પરમાત્મા ! અનંતકાળથી સ્વતંત્રતા અને સ્વચ્છંદતાના કુસંસ્કારો એટલા બધા મજબૂત કર્યા છે કે, ઉપરોક્ત વાતો મને પોતાને મારા માટે અતિશય મુશ્કેલ, અરે ! અશક્ય પ્રાયઃ જણાય છે. હું ગમે તેટલું મારા મનને સમજાવું, તો પણ આવો સમર્પિત બની શકું, તેમ મને તો લાગતું નથી જ.

તેથી તો તારી પાસે આજે આવ્યો છું. તારા પ્રભાવથી આ શક્ય છે. અત્યંત શક્ય છે. મને પૂર્ણ શ્રદ્ધા છે તેથી જ તારી પાસે આજે પ્રાર્થના કરું છું કે હે પરમાત્મા ! તારા પ્રભાવથી હું શુભગુરુના વચનનો સ્વીકારનારો બનું. તેવી મને શક્તિ આપ.

આભવમખંડા : આભવમ્ = સંસાર જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી. અખંડા = અખંડિતપણે. વચ્ચે જરા ય અંતર પડ્યા વિના, સતત.

પરમાત્માને પ્રાર્થના કરતો ભક્ત વિનંતી કરતાં કહે છે કે, "હે પ્રભો ! આપ કૃપાળુ પાસે હું જે જે માંગણીઓ કરું છું, તે બધી માત્ર આ ભવ પૂરતી સીમિત ન સમજશો.

મારી ઇચ્છા તો આ ભવમાં જ મોક્ષ મેળવવાની છે. પરંતુ જો મને આ ભવમાં મોક્ષ મળવાનો ન હોય અને મારે બીજા ભવો કરવા જ પડે તેમ હોય તો પ્રભો ! હું ઈચ્છું છું કે હવે પછી કરવા પડનારા તમામે તમામ ભવોમાં પણ મને ઉપરોક્ત તમામ વસ્તુઓ અખંડિતપણે પ્રાપ્ત થજો.

આ ભવમાં તારા પ્રભાવે પ્રાપ્ત થયેલી અમૂલ્ય ચીજો જો આવતા ભવમાં ઝૂંટવાઈ જાય તો મારા આત્માનો વિકાસ શી રીતે શક્ય બને ? હા ! મોક્ષમાં પહોંચ્યા પછી કાંઈ જ કરવાનું બાકી રહેતું ન હોવાથી ત્યાં એકે ય ચીજની મને જરુર નથી, પરંતુ મોક્ષ ન મળે ત્યાં સુધી તો મને પળે પળે આ તમામ વસ્તુઓની જરુર છે. માટે પ્રભો ! તમને વિનંતી કરું છું કે ભવોભવ મને અખંડિતપણે આ બધાની પ્રાપ્તિ હોજો.

**તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં**

હે પરમાત્મન્ ! દરેક ભવમાં મને તારા ચરણોની સેવા પ્રાપ્ત થાઓ.

મારા જેવા જીવો માટે તરવાનું કોઈ અમોઘ સાધન હોય તો તે છે તારી ભક્તિ. તે ભક્તિની તાકાત છે મુક્તિ આપવાની.

મહોપાધ્યાયજી યશોવિજયજી મહારાજા બત્રીશ બત્રીશી ગ્રંથમાં જણાવે છે કે આગમ શાસ્ત્રોનું દોહન કરતાં કરતાં મને એક જ સારભૂત તત્ત્વ જાણવા મળ્યું છે કે પરમાનંદ રુપ મોક્ષને પ્રાપ્ત કરાવનાર કાંઈ પણ હોય તો તે છે પરમાત્માની ભક્તિ. આ રહ્યા તેઓશ્રીના શબ્દો :

"सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।
**भक्तिर्भागवती बीजं परमानन्दसम्पदाम् ॥**

જીવનમાં અનેક દોષો સતામણી કરી રહ્યા છે. આ દોષો જાત મહેનતથી તો કાંઈ દૂર થઈ શકે તેમ લાગતું નથી. તે તો પરમાત્મા રુપી મોરલો જ્યારે આત્મમંદિરમાં પ્રવેશે ત્યારે જ દૂર થઈ શકે. માટે પ્રભો ! પ્રત્યેક ભવમાં તારા ચરણોની સેવાને ઝંખું છું.

પેલા વસ્તુપાળ ! તેમના રોમરોમમાં તું કેવો વસી ગયો હશે ! તારા ચરણોની સેવાનું મહત્ત્વ તેમને કેવું સમજાણું હશે કે જેથી પ્રાર્થના કરતા તેમણે કહેલું કે, પ્રભો ! તારા દર્શન સતત મળે તેવો તારો ભક્ત મને બનાવજે. પણ જો મારું તેવું પુણ્ય ન હોય તો હે ભગવંત ! તારા મંદિરમાં, તારી સામે રહેલા ગોખલામાં બેસનારું કબૂતર પણ છેવટે મને બનાવજે, જેથી તારા દર્શન તો મને સતત થયા કરે !

એક ભક્તે તને પ્રાર્થના કરતાં કહેલું કે, "હે ભગવંત ! આવતા ભવમાં મને તારો ભક્ત બનાવજે. અરે ભૂલ્યો ! તારો ભક્ત બનવાનું તો મારું સૌભાગ્ય ક્યાંથી હોય ? તો પ્રભો ! મને તારા ભક્તના ઘરમાં ગાય બનાવજે કે જેથી તે ભક્ત દ્વારા ગવાતા તારા ભજનો સતત મને સાંભળવા તો મળે ! અરે ! ભક્તના ઘરની ગાય બનવાનું પણ મારું સદ્નસીબ ન હોય તો મને ભક્તના ઘરની ગાયના શરીર ઉપર બેસનારી બગાઈ બનાવજે. તો ય હું તારા ભજનો સાંભળીને સંતોષ માનીશ."

ઉપરોક્ત શબ્દોમાં ભક્તના હૃદયમાં રહેલો ભગવાન પ્રત્યેનો અહોભાવ વ્યક્ત થાય છે.

નરસિંહ મહેતા જેવા તો કહે છે કે,

"હરિના ભક્તો મોક્ષ ન માંગે, માંગે જનમોજનમ અવતાર તો." મારે મોક્ષ નથી જોઈતો. કારણ કે મને મોક્ષ મળી જાય તો ભગવાનની ભક્તિ મારી પાસેથી ઝૂંટવાઈ જાય. ના, એ તો મારાથી સહન થાય તેવી વાત નથી. તેથી હું તો જનમો-જનમ અવતારો માંગું છું, જેથી દરેક અવતારમાં મને તારી ભક્તિ કરવા તો મળે !"

આ જ વાત ધનપાળ કવિ પણ પોતે રચેલાં ઋષભ પંચાશિકા નામના ગ્રંથમાં કરે છે. તે કહે છે કે, "પ્રભો ! તારી ભક્તિ કરતાં કરતાં એક વાર મારું મોહનીય કર્મ સંપૂર્ણ નષ્ટ થશે, મોહ દૂર થશે, મોક્ષ મળશે, તે વિચાર આવતાં મારાં રૂવાડા ખડાં થઈ જાય છે. આનંદનો પાર નથી રહેતો.

પણ જ્યાં મને ખ્યાલ આવે છે કે મોક્ષમાં પહોંચતાં જ તું અને હું, બંને સમાન બનવાના. પછી તું સ્વામી ને હું સેવક, તું ભગવાન ને હું તારો ભક્ત,

એવા ભાવો નહિ રહેવાના. તારી ભક્તિ હું પછી કદી ય નહિ કરી શકવાનો. આ વાસ્તવિકતા ધ્યાનમાં આવતા જ હું દુઃખી દુઃખી બની જાઉં છું. ના, ભગવાન ના ! મને આ વાત ન પોષાય. હું તો સદાનો તારો ભક્ત રહેવા માંગું છું. મારે મોક્ષ જોઈતો નથી. મારે તો સદા તારી ભક્તિ જ જોઈએ છે.

પરમાત્માની ભક્તિનું મહત્ત્વ જેને સમજાયું છે, તેવા ભક્તોની સ્થિતિ આવી હોય છે. તેઓ ભક્તિ માટે તલપતા હોય છે. પરમાત્માનો ક્ષણનો ય વિયોગ તેમના માટે યુગો સમાન બની રહે છે. માટે જ તેમનાથી પરમાત્મા પાસે સહજ રીતે આ માંગણી થયા વિના નથી રહેતી કે "હે પરમાત્મન્ ! મને ભવોભવ તારા ચરણોની સેવા મળ્યા કરો."

પ્રભો ! તું મળ્યો એટલે મને બધું જ મળ્યું. મારે પછી કાંઈ જ મેળવવાનું બાકી રહેતું નથી. મારા માટે સ્વર્ગ કહો કે મોક્ષ, સુખ કહો કે આનંદ, જે કાંઈ કહો તે બધું પ્રભો ! તું જ છે. માટે જ તારા ચરણોની સેવા દરેક ભવમાં મળતી રહે તેવી તને વિનંતી કરું છું.

હે પ્રભો ! મારી વિનંતીને તું સ્વીકારજે. મને સદા તારું શરણું દેજે. તારા ચરણોની સેવા આપજે.

## (૧૦) દુઃકખક્ખઓ :

પરમપિતા પરમાત્મા ! તારી કૃપાના પ્રભાવે લોકોત્તર સૌંદર્યને પ્રાપ્ત કરનારો હું તારી પાસે મારા દુઃખોનો નાશ તો શા માટે માગું ? સદ્ગુરુઓના સંગથી મને એ વાત બરોબર સમજાણી છે કે પાપક્રિયાઓ અને તેનાથી બંધાતું પાપકર્મ ખરાબ હોવા છતાં ય તેના ઉદયે જે દુઃખ આવે છે તે કાંઈ ખરાબ નથી ! અરે ! અપેક્ષાએ તો ભોગવવું પડતું આ દુઃખ ઘણું સારું છે. કારણ કે સમાધિપૂર્વક હું જેમ જેમ તે દુઃખોને ભોગવતો જઈશ, તેમ તેમ મારા અશુભકર્મો ખપતાં જશે. પરિણામે મારો મોક્ષ મારી વધુ ને વધુ નજીક આવતો જશે.

વળી, દુઃખોમાં મારે જે વેદના સહવાની આવશે, તેની પ્રત્યેક પળ મારી વંદનામાં પસાર થશે. સુખમાં ભલે સોની સાંભરે પણ દુઃખમાં તો રામ જ સાંભરે ને ? વારંવાર તને કરાતી તે વંદનાઓ મારા અનંતાનંત કર્મોનો ખાત્મો બોલાવતી જશે. હવે તો અપેક્ષાએ સુખના બદલે દુઃખ આવે તે તો મારા માટે સારું જ છે.

તેથી પરમાત્મા ! તારા શાસનને પામ્યા પછી મારા દુઃખોને નિવારવાની પ્રાર્થના નથી કરતો. હું તો ઈચ્છું છું કે તું વિશ્વના સર્વ જીવોના દુઃખોનો નાશ કર.

મારાથી આ વિશ્વના કોઈ પણ જીવના દુઃખ જોઈ શકાતા નથી. તેમના નાનાશાં દુઃખને જોઈને પણ મારી આંતરડી કકળી ઊઠે છે.

નારક, તિર્યંચ, દેવ, મનુષ્યગતિના જીવો તરફ નજર દોડાઉં છું ત્યારે મને કોઈક જીવો ભયાનક યાતના સહન કરતાં તો કોઈક જીવો પરાધીનતાના કાતિલ દુઃખોથી પીડાતાં દેખાય છે. કોઈક જીવો ઈર્ષ્યા ને અતૃપ્તિથી જલતાં તો કોઈક જીવો રોગ - ઘડપણ - મોતના ત્રાસને અનુભવતાં દેખાય છે. તેઓના આ બધા દુઃખો જોતાં મને તમ્મર આવી જાય છે. તેથી તારી પાસે માંગણી કરું છું કે, ''હે પરમાત્મા ! તારા પ્રભાવે વિશ્વના સર્વ જીવોના સર્વ દુઃખોનો નાશ થાઓ.''

હે ત્રિભુવનના નાથ ! મારા દુઃખો તો મને દુઃખ રૂપ લાગતાં જ નથી તે વાત મેં પૂર્વે જણાવી. મને જો કોઈ દુઃખ રૂપ જણાતું હોય તો તે છેઃ મને અનાદિકાળથી સતાવતા દોષો. આ દોષોને જ હું મારું દુઃખ માનું છું. માટે દુઃખનાશથી હું મારી દોષોના નાશની તારી પાસે પ્રાર્થના કરું છું.

કેન્સર કરતાં ય વધારે ભયંકર મને મારો ક્રોધ લાગે છે. સગી મા હોવા છતાં ય મારા દીકરાઓ ઉપર હાથ ઉપાડતી વખતે ક્યારે ક હું ડાકણ કરતાં ય વધારે ભૂંડી બની જાઉં છું. મુનીમ કે પત્ની ઉપર હું જ્યારે ક્રોધે ભરાયો હોઉં ત્યારે મને લાગે છે કે કદાચ પેલો બાઈબલનો શેતાન મારી સામે જોઈને હરખાતો હશે કારણ કે તેના કરતાં ય વધારે ભયાનક શેતાનિયત ક્રોધના આવેશમાં હું આચરી બેસું છું.!

ઓ મારા નાથ ! મને સતાવતી કામવાસનાની તો મારે વાત જ શું કરવી ? સમાજ ના પાડે છે માટે જાહેરમાં સજ્જન તરીકે ફરું છું તે વાત જુદી. બાકી તો મારું મન જોતાં મને લાગે છે કે મને સતાવતા કામની જો દુનિયાને ખબર પડે તો લોકો મારી ઉપર થૂંકે. મને કયાં ય ઉભો પણ રહેવા ન દે. હવે તું જ કહે ! એઈડ્ઝના રોગના દુઃખ કરતાં ય મને સતાવતો કામ વધારે ભયંકર ન ગણાય ?

મને સતાવતી કારમી આસક્તિ પેલા ડાયાબીટિસના રોગને પણ સારી કહેવડાવે તેવી છે. કઈ કઈ વસ્તુમાં મને આસક્તિ નથી થતી ? તે સવાલ છે. પૈસો, પરિવાર, પત્ની, ભોજન, વાહન, મોજશોખ, બધામાં હું છું આસક્ત. મારી આ આસક્તિ શી રીતે મારા આત્માનું આરોગ્ય મને પ્રાપ્ત કરવા દે ?

માટે હે પરમાત્મા ! દુનિયાના કહેવાતા દુઃખોથી બધા જો ત્રસ્ત હોય તો હું તેમના દુઃખોનો નાશ થાય તેમ ઈચ્છું છું; પણ હું પોતે તો મને સતાવતા ભયંકર

દોષોની ચુંગાલમાંથી છટકવા માંગું છું, તેથી મારા દુઃખ રૂપે મને સતાવતા જે દોષો છે, તેનો નાશ તારા પ્રભાવે થાય તેવી ભાવભરી પ્રાર્થના કરું છું.

## (૧૧) કમ્મક્ખઓ :

ઓ દેવાધિદેવ પૂર્વભવોમાં કે આ ભવમાં મેં બાંધેલા કર્મો તારા પ્રભાવે નાશ પામો, નાશ પામો.

હે પ્રભુ ! મેં પૂર્વની પ્રાર્થનામાં જગતના જીવોના દુઃખોના નાશની સાથે મારા દોષોનો નાશ માંગ્યો હતો. મને પૂર્ણ શ્રદ્ધા છે કે તારા અતિશય પ્રભાવથી મારા દોષો તો નાશ થઈને જ રહેશે. અને તેથી નવા કર્મો પણ બંધાતાં અટકી જશે.

પરંતુ પ્રભો ! જે કર્મો મેં ભૂતકાળના ભવોમાં ને આ ભવમાં પણ બાંધી દીધા છે; તેનું શું ? તેના ઉદયે પાછા દુઃખો ને દોષો મારા આત્માને પીડ્યા વિના નહિ રહે. માટે મારે તો તે કર્મોનો પણ નાશ કરવો છે.

મેં સાંભળ્યું છે કે બંધાયેલું કર્મ તરત ઉદયમાં નથી આવતું, પણ તેનો અબાધાકાળ (શાંત રહેવાનો સમય) પૂર્ણ થયા પછી જ તે પોતાનો પરચો બતાડી શકે છે. વળી જો અબાધાકાળમાં ઉગ્ર તપ, પશ્ચાત્તાપ વગેરે કરવા રૂપ સત્ત્વ ફોરવવામાં આવે તો તે કર્મો નાશ પામે છે. જો તે કર્મો - અબાધાકાળ પૂરો થઈ જવાથી - ઉદયમાં જ આવી ગયા હોય તો અત્યંત સમાધિપૂર્વક ભોગવીને તેને ખતમ કરવા જોઈએ.

જો શોર્ય કે સમાધિનું સત્ત્વ ફોરવવાની તાકાત ન હોય તો જિનભક્તિ, જીવમૈત્રી, જાતશુદ્ધિ વગેરે દ્વારા પ્રચંડ પુણ્ય પેદા કરવું જોઈએ, જે પાપકર્મને ખતમ કરે ! ગુંડાની સામે તો ગુંડો જ જોઈએ ને !

પરંતુ પ્રભો ! શુદ્ધિ-સમાધિ-શૌર્ય-ભક્તિ-મૈત્રી વગેરેને પેદા કરવાનું મારી પાસે ક્યાં એવું કોઈ સત્ત્વ છે ? કે જેનાથી મારાં કર્મો નાશ પામે ! અનંતાભવો સંસારમાં ભટકું તો ય મારા પુરુષાર્થે મારા કર્મોનો ક્ષય થાય, તેવું મને જરા ય સંભવિત જણાતું નથી.

તેથી આજે તારી પાસે દોડતો દોડતો આવ્યો છું. તારો પ્રભાવ મારી ઉપર પડે તો જ મારા કર્મોનો સદંતર નાશ થાય, તેવું મારું માનવું છે. માટે હે પ્રભો ! **કરુણાદૃષ્ટિથી જરા મારી સામે નિહાળ અને મને આ જાલિમ કર્મોના બંધનમાંથી મુક્ત કર.**

કર્મો કેટલા ભયંકર છે, તે મને બરોબર સમજાઈ ગયું છે. તિર્થંકરો,

ચક્રવર્તીઓ, વાસુદેવો વગેરે કોઈની ય તે શરમ રાખતા નથી. ભલભલી હસ્તીઓને આ કર્મોએ ધ્રુજાવી દીધી છે. અનેક ભૂપ=રાજાઓને તેણે ભૂપીતા કરી દીધા છે. સમ્રાટને ઘેર ઘેર ભીખ માંગતા કરી દીધા છે. નરકાદિ ગતિઓમાં મોકલી દઈને તેમને ભયંકર દાવાનલની આગમાં ફેંકી દીધા છે. ના ! પ્રભો ! ના ! મારાથી તે કર્મોનો ત્રાસ કદી યે સહન થઈ શકે તેમ નથી માટે મારા તમામે તમામ કર્મોનો નાશ તારા પ્રભાવે થાય તેમ તારી પાસે ભાવવિભોર બનીને માંગણી કરું છું.

## (૧૨) સમાધિ મરણ :

હે તારક દેવાધિદેવ ! મારી અત્યંત મહત્ત્વની માંગણી જો તારી પાસે હોય તો સમાધિમરણની છે. કારણ કે સમાધિમરણ મળે તો જ પરલોકમાં સદ્‌ગતિ મળે ને પરંપરાએ સિદ્ધિગતિ પણ મળે. જો મરણ વખતે સમાધિ ન રહી તો દુર્ગતિ સિવાય મારા માટે બીજું શું હોય ?

શરીરના પ્રત્યેક રૂંવાડે રૂંવાડે જે આત્મપ્રદેશો એકરસ થઈને રહ્યા છે, તેઓ એકીસાથે શરીરથી છૂટા પડવાનો પ્રયત્ન કરે ત્યારે કેવી ભયંકર વેદના હોય ! કલ્પના કરતાં ય સમગ્ર શરીરમાં ધ્રુજારી વ્યાપી જાય છે. આવી ભયંકર વેદનામાં મારી સમાધિ ટકવી મને તો અશક્ય પ્રાયઃ લાગે છે.

આ ભવમાં આવતાં સામાન્ય દુઃખમાં ય હચમચી જાઉં છું. મચ્છર કરડતા હોય ત્યારે જાપ કે કાઉસ્સગ્ગ - ધ્યાનમાં ય સમાધિ ટકતી નથી, તો મોત સમયે ભયંકર વેદનામાં શી રીતે ટકશે ? વળી મોત સમયે-પુણ્યાઈ ભોગવીને ઊભો કરેલો આ સંસાર છોડીને જવો પડશે - તેવો વિચાર પણ કેટલી બધી માનસિક પીડાને પેદા કરતો હશે. આમ, શરીરની પીડાની સાથે માનસિક પીડાનો નવો ઉમેરો થશે. વળી જીવનકાળ દરમ્યાન જે ભયંકર પાપાચારો સેવ્યા છે, તેના પરિણામે મર્યા બાદ પરલોક કેવો ભયાનક થશે ? તેનો વિચાર તો છેલ્લી ક્ષણે ય ધ્રુજાવી દેશે.

આવા તન-મન-જીવનની ભયાનક રિબામણો વચ્ચે મારો આત્મા જ્યારે પરલોક તરફ પ્રયાણ કરવાની તૈયારી કરતો હશે ત્યારે છેલ્લી સેકંડના લાખમાં ભાગમાં પણ મારી સમાધિ શી રીતે રહેશે ? બસ ! મને આ ચિંતા સતત કોરી ખાય છે. જો મરણ સમયે સમાધિ નહિ તો પરલોક બગડ્યો જ સમજવો. તો તો મારો આ માનવભવ બરબાદ. ભવોભવ સંસારભ્રમણ ચાલુ. મોક્ષ તો યોજનો દૂર ! ના, ના, નાથ ! મારાથી આ સહન થાય તેમ નથી.

તેથી આજે તારી પાસે આવ્યો છું. મોત સમયે સમાધિ પ્રાપ્ત થાય તેવું કોઈ જ ચિહ્ન જ્યારે શોધવા છતાં ય દેખાતું નથી, ત્યારે તારો પ્રભાવ ઝીલવા આવ્યો છું. બસ ! તારા પ્રભાવે જ હું મરણમાં સમાધિ પામી શકું તેમ લાગે છે. તે સિવાય અન્ય ઉપાય મને કોઈ જ જણાતો નથી.

હે પરમપિતા પરમાત્મા ! હું ઇચ્છું છું કે મને મોજનું મરણ મળે. મારું મૃત્યુ પણ મહોત્સવ બને. અંત સમય સમાધિભરપૂર બને. તે માટે મારી ઝંખના એ છે કે તારા પ્રભાવે આ જીવનના છેલ્લા સમય સુધી મારા વડે અરિહંતાદિ ચારનું ભાવભર્યું શરણું લેવાનું ચાલુ રહે. મારા આ ભવમાં અને ભૂતકાળના અનંતાભવોમાં સેવાયેલાં તમામે તમામ દુષ્કૃતોની હું નિંદા-ગર્હા કરતો રહું. મારા જીવનમાં સેવાયેલાં તમામ સત્કાર્યોની તથા વિશ્વના સર્વ જીવોના સર્વજ્ઞકથિત માર્ગાનુસારી તમામ સુકૃતોની હું ઊછળતાં બહુમાનભાવપૂર્વક અનુમોદના કરતો રહું.

બસ, આ અરિહંતાદિ ચારનું શરણ, દુષ્કૃતોની ગર્હા અને સુકૃતોની અનુમોદનાનું કાર્ય જો અંત સમય સુધી તારા પ્રભાવે ચાલુ રહેશે તો મારું તે મોત સમાધિ મરણ કહેવાશે. નિશ્ચિત સદ્ગતિ ને પરંપરાએ સિદ્ધિગતિની શક્યતા ઊભી થશે.

જો અંત સમયે, આ ત્રણેયની સાથે શત્રુંજય ગિરિરાજનું સાન્નિધ્ય મળે, આદિનાથ પરમાત્માના ધ્યાનમાં લીનતા મળે, સિદ્ધવડ નીચે અનશન હોય, ગુરુમહારાજનો ખોળો હોય, સર્વ પાપોની શુદ્ધિ કરી દીધી હોય તો તો મારું મહાસદ્ભાગ્ય ગણાય. પ્રભો ! તારી કૃપાથી જ આવું સદ્ભાગ્ય મળે. મારે તે જોઈએ છે. તું મને તે આપ. વધું તો શું કહું ?

## (૧૩) બોધિલાભ

હે પ્રભો ! આજે તારી પાસે સૌથી છેલ્લી માંગણી એ કરું છું કે મને તું બોધિલાભ આપ. મને તું સમ્યગ્દર્શન આપ.

હું જાણું છું કે જે આત્મા એકાદવાર પણ સમ્યગ્દર્શનને સ્પર્શી લે, તે આત્મા આ સંસારમાં ભૂલો પડે તો ય દેશોનઅર્ધપુદ્ગલ પરાવર્તકાળથી વધારે તો સંસારમાં ન જ ભટકે. મોડામાં મોડા ત્યાં સુધીમાં તો તેનો અવશ્ય મોક્ષ થાય જ. તેનો સંસાર સ્વયંભૂરમણ સમુદ્રના જેટલો થવાની જે શક્યતા હતી તે હવે ઘટીને ખાબોચિયા જેટલો બની જાય. આનાથી ચડિયાતી સિદ્ધિ વળી બીજી કઈ ગણાય ?

હું ભવ્ય હોઉં તેટલા માત્રથી ન ચાલે. જો ભારેકર્મી ભવ્ય હોઉં તો અનંતાનંત

પુદ્ગલપરાવર્તકાળ પસાર થાય છતાં ય મારો મોક્ષ ન થાય તેવું બને. ના, તે તો મને જરા ય પોષાય તેમ નથી. જો સમ્યગ્દર્શન મળી જાય તો, મારો સંસાર ઘણો બધો ટૂંકાઈ જાય. ટૂંક સમયમાં મારું મોક્ષગમન છે, તેમ નિશ્ચિત થઈ જાય.

પ્રભો ! હું જાણું છું કે સમ્યગ્દર્શન એટલે તારા વચનોમાં અવિહડ શ્રદ્ધા. અકાટ્ય શ્રદ્ધા. ક્યાં ય વિરોધ નહિ. વિચારોમાં તારી સાથે પૂર્ણ એકતા. "સાચા છે વીતરાગ, સાચી છે વાણી, આધાર છે આજ્ઞા, બાકી ધૂળધાણી" એવો અંતરનાદ.

પણ પ્રભો ! મારા જીવનના કોઈ જ ઠેકાણા નથી. મન પણ મારું માંકડા જેવું છે. દુનિયાભરના સમાચારો સાંભળતાં, નવી નવી શોધખોળો તરફ નજર કરતાં, સ્કૂલ-કૉલેજમાં શિક્ષણ લેતાં મારા મનમાં અનેકવાર તારા વચનોમાં શંકા પેદા થાય છે. પરિણામે મન તારી સામે બળવો કરી બેસે છે. શ્રદ્ધા તો કકડભૂસ થઈને તૂટી જાય છે. ઓ મારા નાથ ! મારી અંદરની વાત ન્યારી છે ! મારી કેટલી કથની કહું ?

બહારથી સુંદર સજ્જન દેખાતો, જાતને ધર્મી તરીકે ઓળખાવતો, ધર્મના નામે ય ઝઘડા કરતો અંદરથી ભયંકર પાપી છું. તારો છૂપો દુશ્મન બની બેસું છું. તારા સિદ્ધાન્તોની સામે બળવો મનોમન કરી બેસું છું. મને લાગે છે કે આ બધો પ્રભાવ પેલા મિથ્યાત્વ મોહનીય કર્મનો છે.

પ્રભો ! મારી આ કફોડી સ્થિતિ હવે મારાથી સહન થાય તેમ નથી. મારે તો મારા રોમરોમમાં તારા પ્રત્યેની વિશિષ્ટ શ્રદ્ધા પેદા કરવી છે. કદીય મનના કોઈ ખૂણામાં પણ તારા વચનમાં શંકા ન સળવળે તેવી સ્થિતિ નિર્માણ કરવી છે. તે માટે તારી પાસે આજે વિનંતી કરી રહ્યો છું કે પ્રભો ! તારું સમ્યગ્દર્શન મને આપ.

પ્રભો ! સમ્યગ્દર્શન જેની પાસે હોય, તે તો સંસારને અસાર માનતો હોય. સાધુજીવન મેળવવા તલપતો હોય, "સસનેહી પ્યારા રે ! સંયમ કબહિ મિલે ?" "ક્યારે બનીશ હું સાચો રે સંત ! ક્યારે થશે મારા ભવનો રે અંત !" એવા તેના ઉદ્ગારો નીકળતા હોય. સાધુજીવન ન સ્વીકારી શકવા બદલ આંખોમાંથી આંસુની ધારા વહેતી હોય.

સંસારમાં રહે તો પણ રમે તો નહિ જ. તેનું શરીર હોય સંસારમાં પણ મન હોય સંયમમાં. સંસારની બધી પ્રવૃત્તિઓમાં તે વેઠ વાળતો હોય. ક્યાંય રસ નહિ, ક્યાંય ઉત્સુકતા નહિ. ક્યાંય મજા નહિ. સદા વૈરાગ્યવાસિત ચિત્ત તેનું હોય. પ્રભો ! હું આવા ઉમદા ભાવોને ક્યારે પામીશ ? મારી અંતરની ઇચ્છા છે કે હું

પણ ઉપરોક્ત અવસ્થાઓને લાવનારા સમ્યગ્દર્શનને પામું.

હું ઇચ્છું છું કે આ ભવના સમાધિમરણ પછી આવતા ભવમાં મારો જન્મ તેવા ધર્મિષ્ઠ જૈનકુળમાં થાય કે જ્યાં મારું સમ્યગ્દર્શન વધુ નિર્મળ થાય. ગળથૂથીમાં મને તેવા સુંદર સંસ્કારો મળતા રહે. માત-પિતા-ભાઈ-બહેન વગેરે સમગ્ર પરિવાર ધર્મવાસિત હોય તો મારા આત્માનું કલ્યાણ થયા વિના ન રહે. તેથી પ્રભો ! "ધર્મવાસિત જૈનકુળમાં આવતા ભવે મારો જન્મ હોજો" તેવી તારી પાસે આજે આ "બોહિલાભો" પદથી પ્રાર્થના કરું છું.

હે નાથ ! તને કરેલો એક પણ પ્રણામ કદી ય ખાલી ન જાય. કદી ય નિષ્ફળ ન જાય, તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે. તેથી તને પ્રણામ કરવા વડે હું તારી પાસે ઉપર જણાવેલી તેર વસ્તુની માંગણી કરું છું. મારી આ પ્રાર્થનાઓને સ્વીકારશોને ?

**સર્વમંગલ**

જયવીયરાય સૂત્રની રચના પ્રાકૃતભાષામાં હોવા છતાં આ છેલ્લી ગાથા સંસ્કૃતભાષામાં છે. ખૂબ જ અદ્ભુત આ શ્લોક છે. અત્યંત અર્થગંભીર છે.

દુનિયામાં મંગલો તો ઘણા છે. પણ મંગલ મંગલરુપ ત્યારે જ બની શકે કે જ્યારે તેમનામાં મંગલપણું હોય.

જે માણસમાં માણસપણું = માણસાઈ જ ન હોય તે માણસનો શો અર્થ ?

જે સાધુમાં સાધુપણું ન હોય પણ શેતાનિયત ખીલેલી હોય તે સાધુને સાધુ શી રીતે કહેવાય ?

સાધુતાથી સાધુ, સાધુ છે. માણસાઈથી માણસ, માણસ છે. પુત્રપણાથી પુત્ર, પુત્ર છે. પણ માત-પિતાની સેવા ય ન કરતો હોય, સામે પડતો હોય, ત્રાસ દેતો હોય તે પુત્ર થોડો પુત્ર ગણાય ?

દુનિયામાં ભલે ઘણા બધા મંગલો હોય પણ તે તમામ મંગલોમાં મંગલપણું કોણ ? તેનો જવાબ આ શ્લોક જણાવે છે.

આ શ્લોક કહે છે કે સર્વ મંગલોમાં મંગલપણું છે જિનશાસન. જો જિનશાસન છે તો મંગલ મંગલ તરીકેનું કામ કરે. મંગલોના આરાધકોમાં જિનશાસન રૂપ મંગલપણું (માંગલ્ય) ન હોય તો તે મંગલોનો ખાસ અર્થ રહેતો નથી.

તે જ રીતે તમામે તમામ કલ્યાણોનું કારણ કોઈ હોય તો તે ય જિનશાસન છે.

સર્વવિરતિધર્મ પણ તેનું જ કલ્યાણ કરી શકે, જેના આરાધકમાં જિનશાસન

વસેલું હોય.

તે જ રીતે જે કોઈ ધર્મો છે, તે તમામ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ કોણ ? સર્વ ધર્મોમાં મુખ્યતા કોની ?

આ શ્લોક કહે છે કે જિનશાસનની. તપ, જપ, સ્વાધ્યાય, સંયમ, પૂજાદિ તમામ ધર્મો જો જિનશાસનથી સંલગ્ન હોય તો મોક્ષ આપી શકે. નહિ તો નહિ. માટે સર્વધર્મોમાં પ્રધાન તો જિનશાસન છે.

જિનશાસન એટલે રાગાદિ દોષોનું પાતળા પડવું. માંદા પડવું કે મરી જવું. અથવા તો તે દોષો પાતળા-માંદા પડે, મરી જાય તેવી તીવ્ર તમન્ના.

જિનશાસન એટલે પરમાત્માની આજ્ઞા. જિનશાસન એટલે પરમાત્માએ સ્થાપેલ તીર્થ. છેલ્લે, આ જિનશાસન સદા જયવતું રહે તેવી શુભભાવના વ્યક્ત કરીને ભક્ત અટકે છે.

સૂત્ર-૨૦

# (૧૨) ચૈત્યસ્તવ સૂત્ર

## અરિહંત ચેઈયાણં સૂત્ર

ભૂમિકા : એક યુવાનને ઓછી મહેનતે જલ્દીથી શ્રીમંત બનવું હતું. શું કરવું ? તેની વિચારણા તે કરી રહ્યો હતો. અચાનક તેના મનમાં વિચાર સ્ફુર્યો કે, ‘ચંદનના વનમાં મફતમાં ચંદનના લાકડા મળશે. લાવ, તે લાકડા લઈને આવું. તે લાકડા વેચવાથી મને પુષ્કળ કમાણી થશે.''

પોતાના વિચારને અમલી બનાવવા તેણે ચંદનના વનની દિશામાં પ્રયાણ કર્યું. રસ્તામાં સંન્યાસીનો આશ્રમ આવ્યો. રાત પસાર કરીને સવારે તે ચંદનના વનની પાસે આવીને ઊભો રહ્યો.

પણ હવે જ તેની પરીક્ષા શરુ થઈ. સામે ઘેઘૂર વન દેખાય છે. ચંદનના પુષ્કળ વૃક્ષો ઊભા છે. હાથમાં કુહાડો તૈયાર છે. મફતમાં જોઈએ તેટલું ચંદન મળી શકે તેમ છે. કિન્તુ, ચંદનના વનમાં તો ઠેર ઠેર કાળા નાગો છે. કેટલાક નાગો આમ તેમ ફરી રહ્યા છે તો કેટલાક નાગો ઝાડો ઉપર વીંટળાઈ રહ્યાં છે.

બનવું છે શ્રીમંત ! જોઈએ છે ચંદન ! પણ ઝાડ કાપવા જતાં નાગ ભરખી જાય તેમ છે. જીવન પોતે જ જોખમમાં છે. શી રીતે ચંદન મેળવવું ?

શું એકેક નાગને પકડી પકડીને દૂર મૂકવો. તે રીતે આખું જંગલ જ્યારે નાગ વિનાનું થાય ત્યારે જોઈએ તેટલું ચંદન મેળવી લેવું ?

ના, તે તો શી રીતે શક્ય બને ? તેમ કરવા જતાં તો નાગ પોતે જ ડંખ દઈ દે. તો શું ધોકા મારી મારીને નાગને ભગાડવા ? તે રીતે કેટલા નાગ ભાગી શકે ?

ના, ચંદન લેવાનું કોઈ જ રીતે શક્ય જણાતું નથી. ત્રણથી ચાર કલાક તેણે આંટાફેરા કર્યા. ઊભા રહીને વારંવાર વિચાર્યું. પણ નાગોની નાકાબંધીમાંથી ચંદન મેળવવાનું કોઈ રીતે શક્ય ન જણાયું.

છેવટે થાકી-કંટાળીને તે પાછો ફર્યો. રસ્તામાં આશ્રમમાં આવીને સંન્યાસીને પોતાની તકલીફ જણાવી. વન નાગરહિત શી રીતે થાય ? અને જોઈએ તેટલું ચંદન શી રીતે મળે ? તે તેના સવાલો હતા.

સંન્યાસીએ કહ્યું, “ભાગ્યશાળી ! તમારે મૂંઝાવાની જરા ય જરૂર નથી. સાવ સહેલો રસ્તો છે.''

"હેં ! શું કહ્યું ? સાવ સહેલો રસ્તો છે !!! મારા મગજમાં તો કાંઈ બેસતું જ નથી."

"ભાઈ ! ધીરજ રાખીને મારી વાત પૂરી સાંભળો. જુઓ ! મારા આ આશ્રમમાં તમને 'મોરલા' દેખાય છે. તેની તાકાત ગજબની છે ! તેનો એક ટહુકો થાય તો પેલા નાગ ઊભા ન રહી શકે ! મોરલો તો છે નાગનો જનમોજનમનો દુશ્મન ! તેના અસ્તિત્વ માત્રથી પેલા નાગો ફફડી ઊઠે. માટે તું એક મોરલાને લઈને ચંદનના વનમાં જા. જેવો મોરલો ટહુકા કરવા લાગશે તેની સાથે જ બધા નાગો દૂમ દબાવીને નાસી જશે. તું કોઈપણ ભય રાખ્યા વિના, તારી ઈચ્છા મુજબ ચંદન મેળવી શકીશ. તને ચંદનની સુવાસ તો મળશે, સાથે સાથે તેના વેચાણ વડે સારામાં સારી સંપત્તિ પણ મળશે."

સંન્યાસીની યુક્તિસંગત વાત સાંભળીને યુવાન તો આનંદિત બની ગયો. અહોભાવથી મસ્તક સંન્યાસીના ચરણોમાં ઝૂકી ગયું. તેમના આશિષ અને મોરલાને લઈને તે ફરી પહોંચ્યો તે જંગલમાં.

જ્યાં મોરલાએ પોતાના ટહુકા શરુ કર્યા ત્યાં તો પેલા નાગો સડસડાટ નાસભાગ કરવા લાગ્યા. નાગરહિત તે વનમાંથી તે યુવાને પુષ્કળ પ્રમાણમાં સુખડના લાકડા પ્રાપ્ત કર્યા. તેના વેચાણ દ્વારા તે પુષ્કળ સમૃદ્ધિ પણ પામ્યો.

બસ, આ યુવાન જેવી આપણી હાલત છે. આત્મા રૂપી સુખડના વનમાં કામ, ક્રોધ, નિંદા, ઈર્ષ્યા, લાલસા, અહંકાર, આસક્તિ વગેરે અનંતા દોષો રૂપી નાગો ફર્યા કરે છે.

આત્મામાં રહેલી અનંતજ્ઞાનાદિની સમૃદ્ધિને પામવી છે. પણ તે શે પમાય ? દોષો રૂપી નાગો જ્યાં મોટી અટકાયત કરતા હોય ત્યાં !

આત્મામાં રહેલાં અનંતા દોષોમાંથી એકેક દોષ ઊંચકીને કાઢવા જઈએ તો ય નીકળતો નથી. અરે ! ક્યારેક તો દોષને દૂર કરવાની જેમ વધુ ને વધુ મહેનત કરતા જઈએ તેમ તેમ તે દોષ વધુ ને વધુ મજબૂત થતો જણાય છે !

એકાદ દોષ ક્યારેક શાંત થયેલો જ્યાં જણાય ત્યાં જ અન્ય કોઈ દોષ મજબૂતાઈથી પોતાની કાતિલ દેખા દે છે !

આવી પરિસ્થિતિમાં શી રીતે દોષમુક્ત બનવું ? શી રીતે વાસનામુક્ત બનવું ? શી રીતે આત્મારુપી વનમાંથી ગુણો રૂપી સુખડને પ્રાપ્ત કરવું ?

મનમાં પેદા થયેલી આ મુંઝવણનો ઉકેલ આપણને આપે છે પૂર્વના

મહાપુરુષો !

તેઓ કહે છે, "ભાઈ ! ચિંતા ન કર ! તું તારા દોષોથી અકળાઈ ગયો છે, તે જ મોટી વાત છે. તને તારા દોષો નાગ કરતાં ય વધારે ભયંકર લાગ્યા છે, અને તે દોષોને દૂર કરવાની તેં મહેનત પણ આદરી છે, તે ખૂબ જ સારી વાત છે. તારો પ્રયત્ન થવા છતાં ય તેઓ દૂર થતાં નથી, તેથી તું ટેન્શનમાં છે ને ? પણ સાંભળ ! તે રીતે દોષો દૂર નહિ થાય. તું એક કામ કર. પરમાત્મા રૂપી મોરલાને તારા હૈયામાં લાવીને મૂકી દે. એ મોરલાનું આગમન થતાં જ વાસનાઓ-દોષોરૂપી નાગો તારા આત્મામાંથી નાસી ગયા વિના નહિ રહે."

પોતાના પુરુષાર્થે દોષો નામશેષ ન પામે તેવું પણ બને. અરે ! કદાચ બમણા જોરે હુમલો કરવા લાગે તેવું પણ બને ! પરંતુ પરમાત્મા રૂપી મોરલાના પ્રભાવે તો પૂર્ણ સફળતા જ મળે. દોષો મૂળથી નાશ થયા વિના ન રહે.

અરિહંત પરમાત્માને હૃદયમાં સ્થાપન કરીને, તેમની અનેક રીતે સ્તવના કરવી તેનું નામ 'ચૈત્યસ્તવ' ! ચૈત્ય એટલે જિનપ્રતિમા. જિનપ્રતિમાના આલંબને આપણા હૃદયમાં પરમાત્મા પધારે છે. તેમની સ્તવના કરવા દ્વારા દોષોનો નાશ કરી શકાય છે.

કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાનો સરળ, સફળ અને સચોટ ઉપાય એ છે કે, તે વસ્તુના સ્વામીનું વારંવાર શરણું લેવું. તેમની વારંવાર સ્તવના કરવી. તેમના પ્રભાવને ઝીલવાનો પ્રયત્ન કરવો.

આપણા બધાની ઇચ્છા મુક્તિ મેળવવાની છે. આત્માની શુદ્ધિ-પવિત્રતા પ્રાપ્ત કરવાની આપણી ઝંખના છે. તો તેનો સચોટ ઉપાય એ જ ગણાય કે મુક્તિને પામેલ તથા પવિત્રતા અને શુદ્ધિના ટોચ કક્ષાના સ્વામી પરમાત્માનું વારંવાર શરણું સ્વીકારવું. તેમના ચરણોમાં વારંવાર વંદના કરવી. સતત તેમની સ્તવના કરતા રહેવું. ઊંચામાં ઊંચા દ્રવ્યો દ્વારા તેમની ભક્તિ કરવી. તેમ કરવાથી તેમના પ્રભાવે આપણને પણ શ્રેષ્ઠતમ મુક્તિની પ્રાપ્તિ થશે. પવિત્રતાની ટોચે પહોંચી શકીશું. મૂલ્યવાન શુદ્ધિના સ્વામી બની શકીશું.

પરમપિતા પરમાત્માએ શુદ્ધિને પ્રાપ્ત કરવા જે પરિષહો અને ઉપસર્ગોને સહન કર્યા છે, તે સહન કરવાની આપણી તો કોઈ હેસિયત નથી. અરે ! તેમની સાધનાની, જાત પ્રત્યેની કઠોરતાની વાતો સાંભળતાં પણ ચક્કર આવી જાય છે. તો શું આપણે તેમના જેવી શુદ્ધિ ન પામી શકીએ ?

તેઓ ભલે આવી ઊંચી સાધનાથી શુદ્ધિ પામ્યા હોય, આપણે તેમની ભક્તિથી શુદ્ધિ પામીએ. તેમની વારંવાર સ્તવના કરીને મુક્તિ પામીએ. તેમના ચરણોમાં વંદના કરીને પવિત્રતા પામીએ.

જેમના પ્રભાવથી પોતાની શુદ્ધિ થવી શક્ય છે તે પરમાત્મા પ્રત્યે પોતાની ભક્તિ પ્રદર્શિત કરવા ભક્ત પરમાત્માની પ્રતિમાની અંગપૂજા કરે છે. તેમની સન્મુખ ઉત્તમોત્તમ દ્રવ્યો સમર્પિત કરવા દ્વારા અગ્રપૂજા કરે છે. અને પછી ભાવવિભોર બનીને ચૈત્યવંદના કરવા દ્વારા ભાવપૂજામાં લીન બને છે.

આ ભાવપૂજાની પરાકાષ્ઠા પામવા ભક્ત પરમાત્માનું આલંબન લેવા રૂપ કાયોત્સર્ગમાં લીન બને છે. જેમાં પરમાત્મામય બનવાની સાધના ટોચકક્ષાને પામે છે.

અરિહંત પરમાત્માની પ્રતિમાનું આલંબન લઈને પરમાત્મામય બનવા કાયોત્સર્ગ કરવાનો સંકલ્પ ચૈત્યસ્તવ સૂત્રથી કરવામાં આવે છે.

આ જગતમાં પરમાત્માના જે કાંઈ વંદન, પૂજન, સત્કાર, સન્માન થઈ રહ્યા હોય તે બધાનો લાભ મેળવવા, બોધિબીજ અને મોક્ષ મેળવવા માટે કાયોત્સર્ગ કરવાનો છે.

સાધુ-સાધ્વીજી ભગવંતો પણ આ સૂત્ર બોલવા દ્વારા, જગતમાં થતી પરમાત્માની દ્રવ્યપૂજાની અનુમોદના કરે છે.

આવા વંદન-પૂજન-સત્કાર-સન્માન વગેરે પણ વધતી જતી શ્રદ્ધા, ધૃતિ, ધારણા વગેરેથી કરવાના છે, તે વાત પણ આ સૂત્રમાં પ્રગટ કરવામાં આવી છે.

* (૧) **શાસ્ત્રીય નામ :** ચૈત્યસ્તવ સૂત્ર

* (૨) **લોકપ્રસિદ્ધ નામ :** અરિહંત ચેઈઆણં સૂત્ર

* (૩) **વિષય :** વધતી જતી શ્રદ્ધા વગેરે સાથે જિનેશ્વર ભંગવંતોના વંદન-પૂજન-સત્કારાદિનો લાભ પામવા માટે પરમાત્માનું આલંબન લઈને તેમની સ્તવના રૂપ કાયોત્સર્ગ કરવો.

* (૪) **મહત્ત્વનો ફલિતાર્થ :** જિનેશ્વર પરમાત્માનું આલંબન એ જિનશાસનનો અદ્ભુત ધ્યાનયોગ છે.

વિશ્વમાં થતી તમામ પ્રકારની પરમાત્માની દ્રવ્યભક્તિનો લાભ જોઈતો હોય તો તેવા સંકલ્પપૂર્વક કાયોત્સર્ગ કરવો.

પોતે આરાધના કરવી તે બિંદુ છે, તો બધાની આરાધનાની અનુમોદના કરવી તે સિંધુ છે. જાતે આરાધના કરી કરીને પણ કેટલી કરી શકીએ ? તન, મન, ધનની કેટલી મર્યાદા નડે ! જ્યારે ત્રણે કાળના તમામ જીવોની તમામ આરાધનાની અનુમોદના કરવામાં કોઈ જ મર્યાદા ન નડે ! તેથી અનુમોદના સતત કરતા રહેવું જોઈએ. સાચી અનુમોદના વડે બધી ધર્મારાધનાઓનો લાભ પામી શકાય છે.

## * (૫) ઉચ્ચારશુદ્ધિ વગેરે અંગે સૂચનો :

સૂત્રમાં જે રીતે ત્રણ સંપદાઓ છૂટી પાડી છે તે રીતે આ સૂત્ર બોલવું જોઈએ. જ્યાં જ્યાં સંપદા પૂરી થાય ત્યાં ત્યાં થોડુંક અટકવું જોઈએ.

કાઉસ્સગ્ગં, નિરુવસગ્ગ, સદ્ધાએ, વત્તિયાએ, અણુપ્પેહાએ વગેરેમાં જોડાક્ષરો બરોબર બોલાય તેનું ધ્યાન રાખવું.

આ સૂત્ર ઊભા ઊભા બોલવાનું હોય છે. તે વખતે બે પગની પાની વચ્ચે ચાર આંગળનું અને પાછળ બે એડી વચ્ચે તેથી થોડુંક ઓછું અંતર રહે તે રીતે જિનમુદ્રામાં ઊભા રહેવું. તથા બે હાથની આંગળીઓ પરસ્પરના આંતરામાં પરોવાઈ જાય તે રીતે જોડીને, કોણી પેટ પર રહે તે રીતે યોગમુદ્રામાં હાથ રાખવા.

## * (૬) આટલું ધ્યાનમાં લેવા જેવું

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ચેઈણં | ચેઈયાણં | નિરુવસગ | નિરુવસગ્ગ |
| કાઉસગં | કાઉસ્સગ્ગં | ધિએ | ધિઈએ |
| વતિયાએ | વત્તિયાએ | અણુપેહાએ | અણુપ્પેહાએ |
| સમાણ | સમ્માણ | વઢમાણીએ | વડ્ઢમાણીએ |

## * (૭) - સૂત્ર :

**અરિહંત ચેઈયાણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧**
**વંદણ-વત્તિયાએ, પૂઅણ-વત્તિયાએ,**
**સક્કારવત્તિયાએ, સમ્માણ-વત્તિયાએ**
**બોહિલાભ-વત્તિયાએ, નિરુવસગ્ગ-વત્તિયાએ ૨**
**સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ**
**વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં. ૩**

## * (૮) - શબ્દાર્થ

| | |
|---|---|
| અરિહંત = અરિહંત ભગવાનની | નિરુવસગ્ગવત્તિયાએ = ઉપસર્ગ |
| ચેઈયાણં = પ્રતિમાનું આલંબન લઈને | વિનાના મોક્ષના નિમિત્તે |
| કરેમિ = કરવાને ઈચ્છું છું. | સદ્ધાએ = શ્રદ્ધાપૂર્વક |
| કાઉસ્સગ્ગં = કાયોત્સર્ગ | મેહાએ = બુદ્ધિપૂર્વક |
| વંદણવત્તિયાએ = વંદનના નિમિત્તે | ધિઈએ = ધીરજપૂર્વક |
| પૂઅણવત્તિયાએ = પૂજનના નિમિત્તે | ધારણાએ = ધારણાપૂર્વક |
| સક્કારવત્તિયાએ = સત્કારના નિમિત્તે | અણુપ્પેહાએ = અનુપ્રેક્ષા પૂર્વક |
| સમ્માણવત્તિયાએ=સન્માનના નિમિત્તે | વઢ્ઢમાણીએ = વધતી જતી |
| બોહિલાભવત્તિયાએ=બોધિલાભના નિમિત્તે | ઠામિ = કરું છું. |

## * (૯) - સૂત્રાર્થ :

**અરિહંત પરમાત્માની પ્રતિમાઓના આલંબન વડે હું કાયોત્સર્ગ કરવાને ઈચ્છું છું.**
**વંદનનું નિમિત્ત લઈને, પૂજનનું નિમિત્ત લઈને,**
**સત્કારનું નિમિત્ત લઈને સન્માનનું નિમિત્ત લઈને**
**બોધિના લાભનું નિમિત્ત લઈને (તથા) મોક્ષનું નિમિત્ત લઈને**
**મારી ઉત્કૃષ્ટ શ્રદ્ધા વડે, યથાર્થ સમજણ વડે,**
**ઉત્તમ ચિત્ત-સ્વસ્થતા વડે, પ્રખર ધારણા વડે**
**અને વધતી જતી અનુપ્રેક્ષા વડે હું કાયોત્સર્ગ કરું છું.**

## * (૧૦) વિવેચન

આ 'અરિહંત ચેઈઆણં' સૂત્રના ત્રણ વિભાગ છે. તે ત્રણ વિભાગો ત્રણ સંપદા રૂપે છે. પ્રથમ વિભાગમાં અરિહંત ભગવંતની પ્રતિમાનું આલંબન લઈને કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા કરાય છે, તે અભ્યુપગમ સંપદા કહેવાય.

ત્યારબાદ બીજા વિભાગમાં આ કાયોત્સર્ગ કરવાના વંદન-પૂજન વગેરે નિમિત્તો બતાડ્યા છે. તે વંદણવત્તિયાએ વગેરે પદોનો સમૂહ નિમિત્ત સંપદા કહેવાય.

અને છેલ્લે તે કાયોત્સર્ગની સિદ્ધિ કરનારા શ્રદ્ધા વગેરે હેતુઓને 'સદ્ધાએ' વગેરે પદો દ્વારા જણાવ્યા છે, તે હેતુસંપદા કહેવાય.

**અભ્યુપગમ સંપદા :** અભ્યુપગમ = સ્વીકાર, પ્રતિજ્ઞા. અરિહંત ચેઈઆણં= અરિહંતના ચૈત્યના આલંબનેં અહીં કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા કરાય છે. અહીં ચૈત્યનો અર્થ પ્રતિમા છે.

ચિત્ત = મન. જેના દ્વારા મનમાં સમાધિભાવ પેદા થાય તે ચૈત્ય. પરમાત્માની પ્રતિમાના આલંબને મનમાં શુભભાવો ઉછળે છે, ઉત્તમ સમાધિની પ્રાપ્તિ થાય છે માટે તે જિનપ્રતિમા ચૈત્ય કહેવાય. તે જિનપ્રતિમાના આલંબને કાઉસ્સગ્ગ કરવાની પ્રતિજ્ઞા કરવાની છે.

**કરેમિ કાઉસ્સગ્ગં :** 'કરેમિ' નો અર્થ 'કરું છુ' તેવો થાય. છતાં અહીં તેનો અર્થ 'કરીશ કે કરવાને ઇચ્છું છું' તેવો કરવો જરૂરી લાગે છે. કારણ કે છેલ્લે 'ઠામિ કાઉસ્સગ્ગં' પદ દ્વારા "કાઉસ્સગ્ગ કરું છું." એમ જણાવવાનું છે.

જેમ કોઈ માણસ સાંજે બહારગામ જવા ઇચ્છતો હોય તો પણ સવારે તે બોલે છે કે "હું બહારગામ જાઉં છું.' હકીકતમાં તો તે તરત દુકાને જઈ રહ્યો છે. બહારગામ તો સાંજે જવાનો છે. છતાં 'આજે બહારગામ જઈશ' ના બદલે જેમ 'આજે બહારગામ જાઉં છું' બોલે છે, તેમ અહીં પણ થોડીવાર પછી કાઉસ્સગ્ગ કરવાનો હોવા છતાં 'કાઉસ્સગ્ગ કરું છું' તેવો પ્રયોગ કરેલો સંભવે છે. ત્યાં જેમ "બહારગામ જાઉ છું" નો અર્થ "આજે હમણાં 'બહારગામ જઈ રહ્યો છું.' તેવો ન કરતાં "આજે બહારગામ જઈશ" કે "આજે બહારગામ જવાને ઇચ્છું છું" કરાય છે. તેમ અહીં પણ 'કરેમિ કાઉસ્સગ્ગં'નો અર્થ 'હું હમણાં તરત કાઉસ્સગ્ગ કરું છું.' ન કરતાં "હું કાઉસ્સગ્ગ કરીશ" કે "હું કાઉસ્સગ્ગ કરવાને ઈચ્છું છું' તેવો કરવો ઉચિત જણાય છે.

**નિમિત્ત સંપદા :** નિમિત્ત એટલે પ્રયોજન. જુદા જુદા જે છ પ્રયોજન સિદ્ધ કરવા કાઉસ્સગ્ગ કરવામાં આવે છે તે છ પ્રયોજનો આ સંપદામાં જણાવેલા છે.

આ છ એ પ્રયોજનો અનુમોદનાનું મહત્ત્વ જણાવે છે. "કરવું તે બિન્દુ છે; અનુમોદવું તે સિન્ધુ છે."

આપણે જાતે પોતાના જીવનમાં આરાધના કરવા માંગીએ તો પણ સમગ્ર જીવન દરમ્યાન કેટલી આરાધના કરી શકીએ ? આપણું આયુષ્ય ટૂંકું છું. શારીરિક બળ મર્યાદિત છે. માનસિક ધૃત્તિ પણ ઘણી નથી. ઉલ્લાસમાં પણ ચડ-ઉતર થયા કરે છે. અનેક પ્રકારની જવાબદારીઓ પણ વહન કરવાની હોય છે. કર્મોદયે

અનેક પ્રતિકૂળતાઓ પણ અવારનવાર પેદા થતી હોય છે. આવી સ્થિતિમાં જાતે આરાધના કરવા ઈચ્છીએ તો પણ કેટલી આરાધના કરી શકીએ ?

એક વ્યક્તિ જીવનકાળ દરમ્યાન કદાચ ૨૦૦ થી ૫૦૦ માસક્ષમણ કરી દે. પણ કાંઈ કરોડો-અબજો માસક્ષમણ થોડી કરી શકે ? કદાચ ૧૦૦ વર્ષ સુધી ચારિત્રપાલન કરી શકે; પણ અબજો વર્ષના ચારિત્રપાલનની આરાધનાનો લાભ તેને શી રીતે મળી શકે ?

તે માટે છે અનુમોદનાનો ધર્મ. ભલે અબજો માસક્ષમણ જાતે ન થઈ શકે; પણ થતાં અબજો માસક્ષમણની અનુમોદના તો કરી શકીએ. ભલે અબજો વર્ષનું ચારિત્રપાલન જાતે ન કરી શકીએ, પણ જુદા જુદા અનેક આત્માઓના ભેગા મળીને થતાં અબજો વર્ષના ચારિત્રપાલનની અનુમોદના તો જરૂર કરી શકીએ.

વર્તમાનકાળમાં ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રમાં જે જે આત્માઓ જે જે આરાધનાઓ કરતાં હોય, અનંતા ભૂતકાળમાં અનંતા આત્માઓએ જે જે અનંતી આરાધનાઓ કરી હોય; અને ભવિષ્યમાં આવનારા અનંતાકાળમાં અનંતા આત્માઓ જે જે આરાધનાઓ કરશે, તે તમામે તમામ આરાધનાઓનો લાભ આપણે જો તેની ભાવભરી અનુમોદના કરીએ તો મળી જાય. માટે જ કહ્યું કે જાતે આરાધના બિંદુ જેટલી અલ્પ કરી શકાય, જ્યારે અનુમોદના તો સિંધુ = દરિયા જેટલી થઈ શકે છે. આ કાયોત્સર્ગ જુદા જુદા જીવો દ્વારા સેવાતાં જે છ પ્રકારના ધર્મોની અનુમોદનાનો લાભ લેવા માટે કરવાનો છે; તે છ પ્રકારના ધર્મોની અનુમોદનાની વાત આ સંપદામાં નીચે પ્રમાણે જણાવેલ છે.

**(૧) વંદના (વંદણવત્તિયાએ) :**

ત્રણ લોકના નાથ, દેવાધિદેવ, વિશ્વવંદ્ય, પરમાત્મા જ્યારે પોતાની માતાની કુક્ષીમાં આવે છે, ત્યારે સમગ્ર ચૌદે રાજલોકમાં અજવાળા પ્રસરે છે. સર્વ જીવો ક્ષણ માટે વિશિષ્ટ આનંદની અનુભૂતિ કરે છે. તે સમયે ઈન્દ્રમહારાજાનું સિંહાસન પણ કંપાયમાન થતાં, તેમને અવધિજ્ઞાનથી પરમાત્માના ચ્યવન કલ્યાણકની જાણ થાય છે.

જાણ થતાં જ ઈન્દ્ર મહારાજાના રોમાંચ ખડાં થઈ જાય છે. હૃદયમાં હર્ષ ઉભરાય છે. અત્યંત ઉલ્લસિત બનેલાં ઈન્દ્ર મહારાજા ભાવવિભોર બનીને, સિંહાસન પરથી ઊભા થઈને, પગમાંથી રત્નજડિત મોજડી દૂર કરીને સાત આઠ પગલાં પરમાત્માની દિશા તરફ આગળ વધીને, ડાબો ઢીંચણ ઊંચો કરીને જોડેલાં બે હાથ મસ્તકે અડાડીને, મસ્તક પણ સહેજ નીચે નમાવીને, નમ્રપણે નમુથ્થુણં

સૂત્ર વડે પરમાત્માને વારંવાર વિધિપૂર્વક વંદના કરે છે.

અનંતકાળમાં અનંતા તીર્થંકર પરમાત્માઓ થયા; તે દરેકના ચ્યવન કલ્યાણક વખતે આવી વિધિપૂર્વક વિશિષ્ટ વંદનાઓ થઈ હશે.

વળી ઈન્દ્ર દ્વારા કરાતી આ વંદનાના અનુકરણ રૂપે અનંતા આત્માઓ પણ ચૈત્યવંદના કરતાં આવી વંદના કરવાના સદ્‌ભાગી ભૂતકાળમાં બન્યા છે, આવું ભવિષ્યમાં પણ બનશે અને વર્તમાનકાળમાં પણ અનેક આત્માઓ આવી વિશિષ્ટવંદના કરી રહ્યા છે.

આવી ભાવવિભોર બનીને થતી તમામ વંદનાનો લાભ મને શી રીતે મળે ? હું તો કાંઈ આટલી બધી વાર વંદના કરી શકું તેમ નથી. મને પણ ત્રણે કાળમાં થયેલી, થતી, થનારી તમામ વંદનાનો લાભ મળે તો ઘણું સારું ? તે લાભ લેવા માટે આ કાઉસ્સગ્ગ કરું. તેવો વિચાર આ વંદણવત્તિયાએ પદ બોલતાં કરવાનો છે.

**(૨) પૂજન (પૂઅણવત્તિયાએ) :**

જ્યારે જ્યારે તીર્થંકર પરમાત્માઓનો જન્મ થયો છે, ત્યારે ત્યારે ૫૬ દિક્કુમારીકાઓએ આવીને તેમની અનેક પ્રકારની પૂજા કરી છે. ત્યારબાદ ૬૪ ઈન્દ્રોએ મેરુપર્વત ઉપર પરમાત્માનો વિશિષ્ટ પ્રકારનો અભિષેક કરીને અનેકવિધ સુગંધી દ્રવ્યો વડે પરમાત્માનું પૂજન કર્યું છે. તેમના દ્વારા થતી પરમાત્માની આવી વિશિષ્ટ પૂજાના અનુકરણ રૂપે અનેક જીવો પણ પોતપોતાની શક્તિ અનુસાર પૂજા કરી રહ્યા છે, કરતાં હતા અને ભવિષ્યમાં કરશે. ત્રણે કાળમાં ને ત્રણે લોકમાં થતાં પરમાત્માના પૂજનનો લાભ મારે પણ જોઈએ છે. તે લાભ મને આ કાયોત્સર્ગ કરવા દ્વારા મળો; તેવું આ પદ બોલતા વિચારવાનું છે.

**(૩) સત્કાર (સક્કારવત્તિયાએ) :**

દેવાધિદેવ પરમાત્માનું પુણ્યાનુબંધી પુણ્ય એવું વિશિષ્ટ પ્રકારનું હોય છે કે જેનાથી તેઓ ઠેર ઠેર વિશિષ્ટ પ્રકારના સત્કારને પામતા હોય છે. તેમનો પણ સત્કાર રાજા તરીકે અનેક જીવો કરતાં હોય છે. અનેક દેવો-ઈન્દ્રો વગેરે પણ તેમના સાન્નિધ્યમાં રહીને અવસરે તેમને અનેક પ્રકારે સત્કારિત કરતાં હોય છે. ત્રણે કાળમાં થયેલાં-થતાં-થનારા તમામ સત્કારનો લાભ મને મળે, તે માટે તેની અનુમોદના કરવા હું કાઉસ્સગ્ગ કરું છું તેવું આ પદ બોલતાં વિચારવાનું છે.

**(૪) સન્માન (સમ્માણવત્તિયાએ) :**

ત્રણ લોકના નાથ, દેવાધિદેવ પરમાત્માનું જુદા જુદા સમયે દેવ-દેવેન્દ્રો

વિશિષ્ટ સન્માન કરે છે, જેમ કે જલ-કમલવત્, નિર્લેપ પરમાત્માઓ, લોકાન્તિક દેવો દ્વારા તીર્થ પ્રવર્તાવવાની વિનંતિ થતા, સંસારનો ત્યાગ કરીને દીક્ષા સ્વીકારવા તૈયાર થાય છે, ત્યારે તેમની દીક્ષા કલ્યાણકની ભવ્ય ઉજવણી દેવો કરે છે. તે સમયે પરમાત્માનું વિશિષ્ટ પ્રકારનું સન્માન પણ તેઓ કરે છે. આવું પરમાત્માનું જે જે સન્માન ત્રણે કાળમાં થતું હોય તે સર્વની અનુમોદનાનો લાભ મેળવવા હું આ કાઉસ્સગ્ગ કરું છું. એ પ્રમાણે આ પદ બોલતા વિચારવાનું છે.

(૫) બોધિલાભ (બોહિલાભવત્તિયાએ) :

જે બોધિ વડે તારક તીર્થંકર ભગવંતો શુક્લધ્યાનની ધારા લગાવીને, ચારે ય ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે, તે બોધિને પ્રાપ્ત કરવા માટે આ કાયોત્સર્ગ હું કરું છું તેવી વિચારણા કરવી.

(૬) મોક્ષ (નિરુવસગ્ગવત્તિયાએ) :

નિરુપસર્ગ એટલે ઉપસર્ગ વિનાનું સ્થાન મોક્ષ.

કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી, સર્વ જીવો ધર્મની સુંદર આરાધના કરી શકે. પોતાનું આત્મકલ્યાણ સાધી શકે તે માટે તીર્થંકરદેવો ધર્મતીર્થની સ્થાપના કરે છે. તીર્થંકર નામકર્મના ઉદયે ભવ્યજીવોને પ્રતિબોધ પમાડવા દેશના આપે છે. અને છેલ્લે ચૌદમા અયોગી ગુણસ્થાનકની સ્પર્શના કરીને, સર્વ કર્મોનો ક્ષય કરીને, જ્યાં કોઈ ઉપસર્ગો નથી તેવા મોક્ષને પ્રાપ્ત કરે છે. તેવા મોક્ષનો લાભ મને આ કાઉસ્સગ્ગ દ્વારા મળો તેવું આ પદ બોલતાં વિચારવાનું છે.

(૭) હેતુ સંપદા : હેતુ એટલે સાધન-સામગ્રી. જુદા જુદા ધર્મોની અનુમોદનાનો લાભ લેવાના પ્રયોજનથી જે કાઉસ્સગ્ગ કરવા તૈયાર થયા છીએ તે કાઉસ્સગ્ગ સફળ તો બનવો જ જોઈએ ને ? જો તે સફળ ન બને તો અનુમોદનાના પ્રયોજનો સિદ્ધ શી રીતે થાય ?

મગને સીઝવવા માટે જેમ તપેલી, પાણી, અગ્નિ વગેરેની જરૂર પડે છે, ઘડાને બનાવવા જેમ માટી, ચાકડા, કુંભાર વગેરેની જરૂર પડે છે, તેમ કાઉસ્સગ્ગને સફળ બનાવવા પાંચ સાધનોની જરૂર પડે છે. તે પાંચ સાધનો દ્વારા હું કાઉસ્સગ્ગ કરી રહ્યો છું તેવું આ સંપદા દ્વારા સૂચવીએ છીએ.

વળી આ પાંચે સાધનો વૃદ્ધિ પામતા જોઈએ. સતત તેમાં વધારો થતો હોવો જોઈએ. ધીમે ધીમે ઘટતા હોય કે તેની તે અવસ્થામાં સ્થિર રહેતા હોય તો ન ચાલે. તેવું જણાવવા 'વડ્ઢમાણીએ' પદ જણાવેલ છે. તે 'વડ્ઢમાણીએ' પદ સદ્ધાએ વગેરે દરેક હેતુ (સાધન)નું વિશેષણ સમજવું.

**(૮) વધતી જતી શ્રદ્ધા વડે (વડ્ઢમાણીએ સદ્ધાએ) :**

દરેક પ્રવૃત્તિની સફળતાનો આધાર તે પ્રવૃત્તિ પ્રત્યેની શ્રદ્ધાનો છે. આ પ્રવૃત્તિ મને મારા ઈચ્છિત પ્રયોજનની સિદ્ધિ કરાવી શકશે; તેવી શ્રદ્ધા જેને હોય તે વ્યક્તિ જ તે પ્રવૃત્તિ યોગ્ય રીતે કરીને ઈચ્છિત ફળ મેળવી શકશે. પણ જેમને તેવી શ્રદ્ધા છે જ નહિ તે વ્યકિત કાં તો તે પ્રવૃતિ કરશે નહિ, અને જો કરશે તો અધૂરી છોડી દેશે અથવા તેમાં વેઠ ઉતારશે; પરિણામે તેને ઈચ્છિત પ્રયોજનની સિદ્ધિ નહિ થાય.

આપણે તો કાઉસ્સગ્ગ દ્વારા કેટલાક પ્રયોજનો સિદ્ધ કરવા છે. તેથી વધતી જતી નિર્મળ શ્રદ્ધા દ્વારા આ કાઉસ્સગ્ગ કરવાનો છે. શ્રદ્ધા વિના કરાતો કાઉસ્સગ્ગ તેનું ફળ આપી શકે નહિ.

**(૯) વધતી જતી બુદ્ધિ વડે (વડ્ઢમાણીએ મેહાએ) :**

કાઉસ્સગ્ગની સફળતાનું પ્રથમ સોપાન જો શ્રદ્ધા છે તો તેના જેવું જ બીજું મહત્ત્વનું સોપાન નિર્મળ બુદ્ધિ છે. જે બુદ્ધિ કાર્યને સમજી શકે, તેના સ્વરુપ, પ્રયોજન, હેતુ વગેરેનો ખ્યાલ કરી શકે તે નિર્મળ બુદ્ધિ કહેવાય. અહીં કાઉસ્સગ્ગમાં ધ્યાન ધરવાનું છે. જે સાધક આ ધ્યાનનું સ્વરુપ, તેનો વિષય, તેનું પ્રયોજન, તેનું ફળ વગેરે બરોબર જાણતો નથી, તે શી રીતે તે ધ્યાનમાં = કાઉસ્સગ્ગમાં સ્થિર રહી શકે ? તેથી અહીં જણાવ્યું કે વધતી જતી બુદ્ધિ એટલે કે વધતી જતી યથાર્થ સમજણ વડે હું કાઉસ્સગ્ગ કરું છું.

**(૧૦) વધતી જતી ચિત્ત-સ્વસ્થતા= ધીરજ વડે (વડ્ઢમાણીએ ધીઈએ) :**

કાઉસ્સગ્ગની સફળતાનું ત્રીજું પગથીયું છે ધીરજ. શારીરિક શક્તિને બળ કહેવાય, જ્યારે માનસિક શકિતને ધૃતિ = ધીરજ કહેવાય. કાઉસ્સગ્ગમાં ધ્યાનની સ્થિરતા માટે ધૃતિ ખૂબ જ જરુરી છે. હર્ષનું નિમિત્ત પેદા થવા છતાં જે આનંદમય થતું નથી કે શોકનું નિમિત્ત મળવા છતાં જે દીન બનતું નથી, તેવું સ્વસ્થ ચિત્ત ધ્યાનમાં સ્થિરતા લાવી શકે છે. આવું સદા સંતુષ્ટ, પ્રસન્ન, સ્વસ્થ ચિત્ત કાઉસ્સગ્ગને ઊંચી સફળતા અપાવી શકે છે. વધતી જતી ચિત્તની સ્વસ્થતા રુપ સાધનથી હું આ કાઉસ્સગ્ગ કરું છું, તેવું આ પદથી સૂચવાય છે.

**(૧૧) વધતી જતી ધારણાથી (વડ્ઢમાણીએ ધારણાએ) :**

કાઉસ્સગ્ગને સફળ કરવાનો ચોથો ઉપાય છે વધતી જતી ધારણા. ધારણા એટલે ધ્યેયની સ્મૃતિ. પોતે જે ધ્યેયનું ધ્યાન ધરવા માગે છે, તેને સદા સ્મરણમાં રાખવું. ક્ષણ માટે પણ તેની વિસ્મૃતિ ન થવા દેવી.

વધતી જતી ધારણા એટલે ચિત્તવૃત્તિઓના પ્રવાહને સતત ધ્યેયની તરફ વહેવા દેવો. તેમ કરવાથી ધ્યાનની સિદ્ધિ નજીક આવે છે.

**(૧૨) વધતી જતી અનુપ્રેક્ષાથી (વડ્ઢમાણીએ અણુપ્પેહાએ) :**

અનુપ્રેક્ષા એટલે ચિંતન. ધ્યેયનું સૂક્ષ્માતિસૂક્ષ્મપણે ચિંતન કરવું તે કાઉસ્સગ્ગ સિદ્ધિનો પાંચમો અને અંતિમ ઉપાય છે.

કાઉસ્સગ્ગ દરમ્યાન ધ્યેયનું ચિંતન વિશેષ સૂક્ષ્મપણે કરતા કરતા ચિત્તને તેમાં જ લીન બનાવી દેવાનું છે. આવી અનુપ્રેક્ષા જ્યારે વધતી વધતી તેની સર્વોત્કૃષ્ટ કક્ષાને પામે છે ત્યારે ચિત્તની વૃત્તિઓ ધ્યેયમાં તદાકાર થઈ જાય છે. ધ્યાતા-ધ્યાન અને ધ્યેય આ ત્રણે ય અહીં એકરુપ બની જાય છે. આ કાઉસ્સગ્ગની સફળતા છે.

**ઠામિ કાઉસ્સગ્ગં :** પૂર્વે જણાવેલા છ પ્રયોજનની સિદ્ધિ કરવા, શ્રદ્ધા વગેરે પાંચ સાધનોનો ઉપયોગ કરવા દ્વારા હું કાઉસ્સગ્ગ કરું છું એમ કહીને હવે કાઉસ્સગ્ગ શરુ કરવાનો છે. આ સૂત્રનો સમગ્ર અર્થ આપણને જણાવે છે કે હવે જ્યારે જ્યારે કાઉસ્સગ્ગ કરીએ ત્યારે ત્યારે તેની પાછળના પ્રયોજનોને પણ સતત નજરમાં રાખવાના. તથા તે માટેની જરૂરી પાંચે ય સામગ્રીઓ આપણે આપણામાં પેદા કરવાની. પાંચમાંથી એકાદ સામગ્રી પણ ન હોય તો ન ચાલે. માટે કાઉસ્સગ્ગ કરતી વખતે તે પાંચે ય સામગ્રી વડે સહિત બનવાનું લક્ષ રાખવું જરૂરી છે.

પરમાત્માના વંદનાદિની અનુમોદના માટેનો આ કાયોત્સર્ગ આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કરવાનો હોય છે. એટલે કે આઠ વાર શ્વાસ લેવા - મૂકવાના નથી પણ આઠ સંપદાનું ચિંતન કરવાનું છે.

એક પદ બરોબર એક શ્વાસોશ્વાસ. નવકારના નવ પદો હોવા છતાં સંપદા તો આઠ છે. તેથી આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવા કાઉસ્સગ્ગમાં નવકાર મંત્ર ગણવામાં આવે છે.

આવો એક નવકારનો કાઉસ્સગ્ગ પૂર્ણ થતાં, એક પુણ્યાત્મા 'નમો અરિહંતાણં' બોલીને કાઉસ્સગ્ગ પારીને થોય (સ્તુતિ) બોલે છે. જે થોયને બીજા બધા કાઉસ્સગ્ગ મુદ્રામાં રહીને સાંભળે છે. આ થોય પણ પરમાત્માની ચૈત્યવંદનાનું એક અંગ છે. થોય પૂર્ણ થતાં બાકીના બધા લોકો પણ કાઉસ્સગ્ગ પારે છે. પછી ખમાસમણ દઈને ભગવાનની સામે પચ્ચક્ખાણ લેવાનું હોય છે.

# (૧૩) ચૈત્યવંદનાની વિધિ

ત્રણ લોકના નાથ, દેવાધિદેવ પરમાત્માના દર્શન કરવા કે પૂજા કરવા ગયા હોઈએ ત્યારે સાથિયો વગેરે કર્યા પછી ચૈત્યવંદના રૂપ ભાવપૂજા કરવાની હોય છે.

સાધુ-સાધ્વીજી ભગવંતોને દ્રવ્યપૂજા કરવાની ન હોવા છતાં ય ભાવપૂજા તો કરવાની હોય જ છે. હકીકતમાં તો ભાવપૂજાની ભૂમિકા સર્જવા માટે દ્રવ્યપૂજા છે. સાધુ ભગવંતો એટલી બધી ઊંચી કક્ષા પામેલા છે કે દ્રવ્યો વડે પૂજા કર્યા વિના જ તેમનામાં ભાવો ઉછાળા મારી શકે છે. ૨૪ કલાક પરમાત્માની આજ્ઞાનું પાલન કરતાં હોવાથી ભાવને પેદા કરવા તેમના માટે મુશ્કેલ નથી. તેથી તેમણે દ્રવ્યપૂજા કરવાની હોતી નથી.

જ્યારે ગૃહસ્થો સાંસારિક ક્રિયાઓ- જવાબદારીઓ અને પ્રસંગોમાં એવા અટવાયેલા છે કે તેમને શુભભાવો પેદા કરવા દ્રવ્યપૂજા કરવી જરૂરી બને છે. દ્રવ્યપૂજા કરતાં કરતાં પેદા થયેલા શુભ અધ્યવસાયો વડે તેઓ ભાવપૂજામાં લીન બની શકે છે.

આમ, શ્રાવકોને દ્રવ્યપૂજા તથા ભાવપૂજા બંને કરવાની હોય છે, જ્યારે સાધુઓને માત્ર ભાવપૂજા કરવાની હોય છે. ભાવપૂજા કરવા જે ચૈત્યવંદન કરવાનું છે તે કરવા માટેના જરૂરી સૂત્રો, તેના અર્થ, તેના રહસ્યો આપણે વિચાર્યાં. હવે તે ચૈત્યવંદનની વિધિ જોઈએ.

ચૈત્યવંદના ભાવપૂજા રૂપ હોવાથી ચૈત્યવંદના દરમ્યાન ભાવો ઉછાળા મારે તે ખૂબ જરૂરી છે. ભાવોને પેદા કરવાનું કામ મનનું છે અને મનનો શરીર ઉપર ઘણો આધાર છે. તેથી મનમાં સારા ભાવો પેદા કરવા માટે શરીરને પણ જુદી જુદી અવસ્થાઓમાં રાખવું જરૂરી છે.

મનની અસર જેમ શરીર ઉપર છે, તેમ શરીરની અસર મન ઉપર પણ છે જ. મનમાં જેવા ભાવો પેદા થાય તે પ્રમાણે શરીરમાં પણ ફેરફાર થાય છે તે જેમ આપણા અનુભવની વાત છે, તે જ રીતે શરીરના આકારમાં થતા ફેરફારને કારણે મનના વિચારોમાં પણ ફેરફાર નોંધાતો અનુભવાય છે.

મનમાં ક્રોધ પેદા થતાં આંખમાં લાલાશ આવે છે, શરીર કંપવા લાગે છે. હાથ ઉંચા-નીચા થાય છે. દાંત કચકચાવાય છે. આ બધી શરીર ઉપર મનની

અસરો છે. તે જ રીતે બે હાથ જોડીને માથું નમાવતાં જે નમ્રતાનો ભાવ પેદા થાય છે, તે શરીરની મન ઉપર થતી અસર છે.

મનને ભાવભરપૂર બનાવવા શરીરને જે જુદી જુદી અવસ્થામાં રાખવાનું છે, તે મુદ્રા તરીકે ઓળખાય છે.

(૧) યોગમુદ્રા : બે હાથની આંગળીઓ પરસ્પર એકબીજાના આંતરામાં રહે તે રીતે ચપ્પટ જોડવાની. જોડેલા તે બે હાથને કપાળે અડાડવા. બે હાથની કોણીઓ પેટને અડાડવી. ડાબો ઢીંચણ ઊભો રાખવો. જમણા પગની પાની ઉપર બેઠક સ્થાપવી. શરીરની આ અવસ્થાને યોગમુદ્રા કહેવામાં આવે છે. ચૈત્યવંદના દરમ્યાન મોટા ભાગના સૂત્રો બોલતી વખતે આ મુદ્રા રાખવાની હોય છે.

યોગમુદ્રામાં શરીરને રાખવામાં આવે તો આપોઆપ મનમાં નમ્રતાના, શરણાગતિના ભાવો પેદા થવા લાગે છે. તેથી નમ્રતાભાવ પેદા કરવાની જયારે જયારે જરૂર હોય ત્યારે ત્યારે યોગમુદ્રા ધારણ કરવામાં આવે છે.

(૨) **મુક્તાસુક્તિ મુદ્રા :** મુક્તા = મોતી. સુક્તિ = છીપ. મોતીની છીપના આકાર જેવી હાથની અવસ્થા જે મુદ્રામાં હોય તે મુદ્રાને મુક્તાસુક્તિ મુદ્રા કહેવામાં આવે છે.

આ મુદ્રા કરવા બે હાથને - વચ્ચે પોલાણ રહે તે રીતે - જોડવામાં આવે છે. બે હાથની આંગળીઓના ટેરવા પરસ્પર એકબીજાને અડીને રહે તે રીતે રાખવામાં આવે છે. જોડેલા બે હાથ મસ્તકે અડાડવામાં આવે છે. તે વખતે પણ કોણી પેટને અડેલી હોય છે. માથું સ્હેજ નમાવવામાં આવે છે.

જયારે આ મુદ્રા કરવામાં આવે ત્યારે એલર્ટ બની જવાય છે. મન-વચન-કાયા એકાગ્ર બની જાય છે. કાંઈક વિશિષ્ટ વાત રજૂ કરતાં હોઈએ, તેવા ભાવ પેદા થાય છે.

જાવંતિ ચેઈઆંઈ, જાવંત કેવિ સાહૂ અને અડધા જયવીયરાય (સેવણા આભવમખંડા સુધી) બોલતી વખતે આ મુદ્રા કરવામાં આવે છે.

(૩) **જિનમુદ્રા :** જિનેશ્વર ભગવાનની મુદ્રા તે જિનમુદ્રા. પરમાત્મા કાયોત્સર્ગ-ધ્યાનમાં લીન બનતી વખતે જે મુદ્રા ધારણ કરતાં હતાં, તેને જિનમુદ્રા કહેવાય છે. આ મુદ્રામાં ટટ્ટાર ઊભા રહેવાનું હોય છે. બે પગની બે પાની વચ્ચે ચાર આંગળનું અને પાછળ બે એડી વચ્ચે તેથી થોડું ઓછું અંતર રાખવાનું હોય છે. બે હાથ બે બાજુ સીધા લટકતાં છોડી દેવાના છે. દૃષ્ટિ પોતાની નાસિકા ઉપર

કે ભગવાન તરફ સ્થિર રાખવાની છે. કાયોત્સર્ગ કરતી વખતે આ મુદ્રા રાખવાની છે તેથી આ મુદ્રાનું બીજું નામ કાઉસ્સગ્ગ મુદ્રા પણ છે.

આ મુદ્રા ધારણ કરતા શરીર પરનું મમત્વ દૂર થવા લાગે છે. આંતરિક પ્રસન્નતા પેદા થાય છે. આત્મસ્વરૂપની રમણતાનો અનુભવ કરવામાં આ મુદ્રા ખૂબ સહાયક થાય છે. સંસારના તમામ પદાર્થો આ મુદ્રાના પ્રભાવે ભુલાઈ જવા લાગે છે. ચૈત્યવંદનામાં આ ત્રણે મુદ્રાઓને યથાસ્થાને યથાયોગ્ય રીતે કરવી જરૂરી છે.

ચૈત્યવંદના કરતી વખતે સૌપ્રથમ ઈરિયાવહી પડિક્કમવી જરૂરી છે, કારણ કે જિનશાસનની તમામ ક્રિયાઓ-ધર્મારાધનાઓ કરતી વખતે સૌપ્રથમ ઈરિયાવહી પડિક્કમવાનું જણાવેલ છે.

ઈરિયાવહી કરવાથી જતાં-આવતાં થયેલી જીવ-વિરાધનાની શુદ્ધિ થાય છે. કોમળતાનો પરિણામ પેદા થાય છે. શુદ્ધિ થવાના કારણે ક્રિયા કરવાનો ઉલ્લાસ પણ વધે છે.

દેરાસર વગેરેનું નિર્માણ કરતી વખતે સૌપ્રથમ જમીનમાં ખૂબ ઊંડાઈ સુધી ખોદવામાં આવે છે. જયારે પાણી નીકળે, ત્યારે ખોદકામ બંધ કરાય છે. જે હાડકાં વગેરે અશુભ પદાર્થો પડ્યા હોય તેની શુદ્ધિ કરવા માટે આ ખોદકામ છે. જો આ શુદ્ધિ કરવામાં ન આવે તો બનાવાયેલા જિનાલયમાં જોઈએ તેવા ભાવ ઊભરાય નહિ. અરે ! હાડકા વગેરે અશુદ્ધિને દૂર કર્યા વિના જે મકાન બન્યું હોય, તેમાં રહેનારાઓના જીવનમાં - તે હાડકાદિની અશુદ્ધિના કારણે - શાંતિ પેદા થતી નથી. સતત ક્લેશ, કજિયા ને કંકાશ ચાલ્યા કરે છે.

આમ કોઈ પણ કાર્ય સુંદર કરવું હોય તો સૌપ્રથમ શુદ્ધિ કરવી આવશ્યક છે. આપણે તો મોક્ષપદ અપાવનારી ચૈત્યવંદના કરવી છે. તે કરવા માટે સૌપ્રથમ મન-વચન-કાયામાં પેદા થયેલી અશુભતાને દૂર કરવી છે. હૃદયમાંની ક્રૂરતા-કઠોરતાને દૂર કરવી છે. કોમળતાને પેદા કરવી છે. તે માટે સૌપ્રથમ ઈરિયાવહી કરવાની છે.

સામાન્યતઃ સ્તુતિ, પ્રાર્થના, સૂત્રો વગેરે જયારે ઊભા ઊભા બોલવાના હોય ત્યારે હાથને યોગમુદ્રામાં અને પગને જિનમુદ્રામાં રાખવા જોઈએ. આ રીતે ઊભા થઈને સૌપ્રથમ ખમાસમણ દેવું. પછી ઊભા ઊભા ઈરિયાવહીયા, તસ્સઉત્તરી અને અન્નત્થ સૂત્ર બોલવું. પછી હાથને પણ જિનમુદ્રામાં રાખીને ચંદેસુ નિમ્મલયરા સુધીના લોગસ્સ સૂત્રનો કાઉસ્સગ્ગ કરવો. લોગસ્સ ન આવડે તેણે

ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

ગમનાગમનની ક્રિયા દરમ્યાન એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોની સંઘટ્ટો થવા વગેરે રૂપ જે જે વિરાધના થઈ હોય તેની શુદ્ધિ કરવા ૨૫ શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ કરવાનો હોય છે. તે માટે ચંદેસુ નિમ્મલયરા સુધીના લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

'પાદ સમા ઉચ્છવાસા'' ન્યાયે એક પદ બરાબર એક શ્વાસોશ્વાસ ગણાય. કાઉસ્સગ્ગમાં શ્વાસોશ્વાસ ગણવાના નથી પણ તેટલા પદોનું ચિંતન કરવાનું છે.

લોગસ્સ સૂત્રની ૭ ગાથાના ૨૮ પદ થાય છે. તેથી ૨૫ શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ કરવા ચંદેસુ નિમ્મલયરા (૬ ગાથાના ૬ X ૪ = ૨૪ પદ + ૭મી ગાથાનું ૧ પદ = ૨૫ પદ) સુધીનો લોગસ્સ ગણાય છે. જ્યારે ૨૭ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરવાનો હોય ત્યારે 'સાગરવર ગંભીરા' સુધીનો લોગસ્સ ગણવાનો હોય છે.

ખરેખર તો લોગસ્સનો જ કાઉસ્સગ્ગ કરવો જોઈએ. જેમને લોગસ્સ ન આવડતો હોય તેમણે લોગસ્સ સૂત્ર શીખી લેવું જોઈએ. જ્યાં સુધી તે ગોખાઈ ન જાય ત્યાં સુધી બીજો ઉપાય ન હોવાથી ભલે લોગસ્સના બદલે ચાર નવકાર ગણે, પણ લોગસ્સ ગોખાઈ જતાં લોગસ્સનો જ કાઉસ્સગ્ગ શરૂ કરવો જોઈએ. આખી જિંદગી સુધી કાઉસ્સગ્ગમાં નવકાર જ ગણ્યા કરીએ ને લોગસ્સ શીખવાની મહેનત પણ ન કરીએ તો કેમ ચાલે ?

જિનમુદ્રામાં કરાતાં આ કાઉસ્સગ્ગમાં ચંદેસુ નિમ્મલયરા સુધી લોગસ્સ ગણાય એટલે 'નમો અરિહંતાણં' કહીને કાઉસ્સગ્ગ પારવો એટલે કે બે હાથને જિનમુદ્રામાંથી યોગમુદ્રામાં ફેરવવા. પછી પ્રગટપણે લોગસ્સ સૂત્ર બોલવું.

પછી ખેસ, ચરવળો કે રૂમાલ વડે પ્રમાર્જના કરવા પૂર્વક ત્રણ ખમાસમણ દેવા, પછી ડાબો ઢીંચણ ઊભો રાખવા રૂપ યોગમુદ્રામાં બેસવું.

ચૈત્યવંદના કરતી વખતે ઉપર-નીચે કે આજુબાજુ જોવું નહિ. જમણી-ડાબી કે પાછળની બાજુ પણ ન જોવું. માત્ર પરમાત્માની સામે જ જોવાનો ઉપયોગ રાખવો.

વળી શુદ્ધ અને સ્પષ્ટ રીતે સૂત્રો બોલવા, તે વખતે તે તે સૂત્રોના અર્થનું મનમાં ચિંતન કરવું. કાયાને જુદી જુદી મુદ્રામાં રાખવી. નજર પરમાત્મા સન્મુખ રાખવી. આમ કરવાથી મન-વચન-કાયાની એકાગ્રતા સચવાય છે. ભાવોની વૃદ્ધિ થાય છે.

"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ?" આદેશ માંગીને સૌપ્રથમ 'સકલ-કુશલ-વલ્લી' બોલવું. પછી, જે મૂળનાયક ભગવાન બિરાજમાન

હોય તેમનું ચૈત્યવંદન બોલવું. ન આવડતું હોય તો કોઈપણ ભગવાનનું ચૈત્યવંદન બોલવું. તે વખતે, જે ભગવાનનું ચૈત્યવંદન બોલતા હોઈએ, તે જ ભગવાન સામે બિરાજમાન છે, તેવી માનસિક કલ્પના કરવી.

યોગમુદ્રામાં ચૈત્યવંદન બોલ્યા પછી અર્થના ચિંતવનપૂર્વક 'જંકિંચિ' તથા 'નમુથ્થુણં' સૂત્ર બોલવું, પછી મુક્તાસુક્તિમુદ્રામાં હાથ કરીને "જાવંતિ ચેઈઆઇં" સૂત્ર બોલવું.

પછી, ત્રણે લોકમાં રહેલા જિનચૈત્યોને વંદના કરવા ઊભા થઈને ખમાસમણ દેવું. તે વખતે હાથને યોગમુદ્રામાં ફેરવવા. ખમાસમણ દીધા પછી ફરી ડાબો ઢીંચણ ઊભો કરીને બેસવું. મુક્તાસુક્તિમુદ્રામાં હાથ રાખીને 'જાવંત કેવિ સાહૂ' સૂત્ર બોલવા દ્વારા સર્વ સાધુ ભગવંતોને વંદના કરવી. પછી યોગમુદ્રામાં 'નમોડર્હત્' સૂત્ર બોલીને સ્તવન બોલવું.

જિનાલયમાં જે ભગવાન બિરાજમાન હોય તે ભગવાનનું સ્તવન બોલવું. તે ન આવડતું હોય તો સામાન્ય જિન સ્તવન (બધા ભગવાનને લાગું પડે તેવું સ્તવન) બોલવું. તે પણ ન આવડે તો જે ભગવાનનું સ્તવન બોલાય તે ભગવાન સામે છે, તેવી માનસિક કલ્પના કરવી.

હૃદયમાં ભાવો ઊભરાય તેવું પરમાત્માના ગુણને જણાવતું કે પોતાના દોષોને પ્રગટ કરતું સ્તવન બોલવું. તે પણ મધુર કંઠે ગાવું. બીજાને અંતરાય ન થાય તે રીતે ધીમા સ્વરે ગાવું. પૂર્વના મહાપુરુષોએ જેની રચના કરી હોય તેવું સ્તવન ગાવું. તે પણ પ્રાચીન તર્જે ગાવું, પણ જેનાથી વિકારો વગેરે જાગે તેવા ફિલ્મી રાગે ન ગાવું. સ્તવન બોલતી વખતે પણ તેના ભાવવાહી શબ્દોના અર્થનો વિચાર કરવાપૂર્વક ભાવવિભોર બનવું. યથાયોગ્ય હાવભાવ - અભિનય વગેરે પણ કરવા. તેમ કરવાથી ભાવોમાં વિશેષ ઉછાળો આવે છે.

સમયની વિશેષ અનુકૂળતા હોય અને ભાવ ઉછળતા હોય તો એકના બદલે ઈચ્છાનુસાર, ગમે તેટલાં સ્તવનો પણ બોલી શકાય છે.

એક પણ સ્તવન ન આવડતું હોય તો જલ્દીથી ગોખી લેવું જોઈએ. જ્યાં સુધી ન આવડે ત્યાં સુધી સ્તવનની જગ્યાએ ઉવસગ્ગહરં સૂત્ર બોલવું. આવડતું હોવા છતાં ય સ્તવન બોલવું નહિ તે જરાય ઉચિત નથી.

પછી હાથને મુક્તાસુક્તિમુદ્રામાં લલાટે અડાડીને જયવીયરાય સૂત્ર શરુ કરવું. પ્રણિધાનપૂર્વક પરમાત્માને પ્રાર્થના કરવામાં તલ્લીન બનવું.

'સેવણા આભવમખંડા' પદ બોલ્યા પછી બે હાથને યોગમુદ્રામાં ફેરવીને જયવીયરાય સૂત્ર પૂર્ણ કરવું. ઊભા થઈને - પગને જિનમુદ્રામાં અને હાથને યોગમુદ્રામાં રાખીને - અરિહંત ચેઈયાણં - અન્નત્થ સૂત્રો બોલવા.

હાથ અને પગ જિનમુદ્રામાં રાખીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પૂર્ણ થતાં 'નમો અરિહંતાણં' કહીને કાઉસ્સગ્ગ પારીને, બે હાથ યોગમુદ્રામાં જોડીને 'નમોઽર્હત્' સૂત્ર કહીને થોય બોલવી. ઘણી વ્યક્તિઓ સાથે ચૈત્યવંદન કરતી હોય તો આદેશ મેળવીને એક વ્યક્તિએ કાઉસ્સગ્ગ પારીને થોય બોલવી. બાકીના બધાએ કાઉસ્સગ્ગ (જિન) મુદ્રામાં તે થોય સાંભળવી. થોય પૂર્ણ થયા પછી બધાએ 'નમો અરિહંતાણં' કહીને કાઉસ્સગ્ગ પારવો. હાથને યોગમુદ્રામાં રાખીને બધાએ સાથે ખમાસમણ દેવું.

મધ્યમ ચૈત્યવંદનાની વિધિ અહીં પૂરી થાય છે. પછી પચ્ચક્ખાણ લેવાનું બાકી હોય તો લેવું. પછી પોતાનો ઉલ્લાસ પહોંચે તેટલી સ્તુતિઓ - પ્રાર્થના વગેરે પણ કરી શકાય.

ત્રણ ચૈત્યવંદન, બે વાર ચાર-ચાર થોય, પાંચ વાર નમુત્થુણં સૂત્ર, સ્તવન વગેરે બોલવા દ્વારા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન પણ પરમાત્મા સમક્ષ કરી શકાય છે. તે દેવવંદન તરીકે પ્રસિદ્ધ છે.

કોઈપણ ભગવાન સમક્ષ બોલી શકાય તેવું સામાન્ય જિન સ્તવન નીચે આપેલ છે.

## સામાન્ય જિન સ્તવન

**આજ મારા પ્રભુજી ! સામું જુઓ ને, સેવક કહીને બોલાવો રે.,**
**એટલે હું મનગમતું પામ્યો, રુઠડા બાળ મનાવો મોરા સાંઈ રે ? ૧**
**પતિત પાવન શરણાગત વત્સલ, એ જશ જગમાં ચાવો રે;**
**મન રે મનાવ્યા વિણ નહીં મૂકું; એહિ જ મારો દાવો મોરા સાંઈ રે. ૨**
**કબજે આવ્યા પ્રભુ હવે નહિ મૂકું, જિહાં લગે તુમ સમ થાઉ રે;**
**જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તો તે દાવ બતાવો મોરા સાંઈ રે. ૩**
**મહાગોપને મહાનિર્યામક, એવા એવા બિરુદ ધરાવો રે;**
**તો શું આશ્રિતને ઉદ્ધરતા બહુ બહુ શું કહેવડાવો મોરા સાંઈ રે; ૪**
**જ્ઞાનવિમલ ગુરુનો નિધિ મહિમા મંગલ એહી વધાવો રે;**
**અચલ અભેદપણે અવલંબી, અહોનિશ એહિ દીલ ધ્યાઉ મોરા સાંઈ રે. ૫**

સૂત્ર-૨૧

# (૧૪) પંચજિનસ્તુતિ સૂત્ર

## કલ્લાણકંદં સૂત્ર

**ભૂમિકા :** આપણી ઉપર ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માનો પુષ્કળ ઉપકાર છે. તે ઉપકારને નજરમાં લાવીને પરમાત્માની ભાવવિભોર બનીને ભક્તિ કરવાની ભાવના આપણા હૃદયમાં ઉલ્લસે છે, ત્યારે તે ભક્તિને અષ્ટપ્રકારી પૂજા કરવા દ્વારા તથા ત્યારબાદ ચૈત્યવંદના કરવા દ્વારા વ્યક્ત કરવામાં આવે છે.

ભજનો, ભક્તિગીતો, સ્તુતિઓ, સ્તવનો વગેરે જેમ જેમ ગવાતા જાય તેમ તેમ હૃદયમાં ભાવોનો વિશેષ ઉછાળો આવતો જાય છે, તે આપણને સૌને અનુભવ સિદ્ધ છે. તેથી પૂજા, પૂજનો, ભાવના, ચૈત્યવંદન, દેવવંદન વગેરેમાં સ્તુતિ-સ્તવનો-ભક્તિગીતોને ખાસ સ્થાન અપાયેલું છે.

જે સ્તુતિ-સ્તવનો પૂર્વાચાર્યોના બનાવેલાં હોય, વિશિષ્ટભાવોથી ભરપૂર હોય, જેમાં પ્રભુના ઉત્તમગુણોની વિશિષ્ટ રીતે પ્રશંસા કરવામાં આવી હોય, તે સ્તુતિ-સ્તવનો મહાન મંત્ર સ્વરુપ છે. એ સ્તુતિ-સ્તવનોને ભાવોલ્લાસપૂર્વક ગાવાથી માત્ર આ જ ભવના નહિ પણ ભવોભવના અનંતાકર્મોનો નાશ થાય છે. આત્મા પાપોથી હળવો બને છે. દોષો પાતળા પડે છે. વાસનાઓ નબળી થાય છે. મોક્ષમાર્ગ પર તે સડસડાટ આગળ વધે છે.

સ્તુતિ, સ્તવન વગેરેમાં પરમાત્માના ગુણોનું વર્ણન-પ્રશંસા હોય છે કે પોતાના દોષોનો બળાપો હોય છે. તાત્ત્વિક રીતે તો આ બધા એક છે. છતાં વ્યવહારમાં તેમને જુદા પાડવામાં આવ્યા છે. જે એક ગાથા કે એક શ્લોક પ્રમાણ હોય તેને સ્તુતિ કે થોય કહેવાય છે. ચૈત્યવંદનમાં છેલ્લે એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને તે બોલાય છે. જ્યારે જે ત્રણ, પાંચ કે તેથી વધારે કડીઓ (ગાથાઓ) વાળું હોય તે સ્તવન કહેવાય છે. આ સ્તવન ચૈત્યવંદન-દેવવંદન વગેરેમાં જયવીયરાય (પ્રાર્થના સૂત્ર) બોલતાં પહેલાં ગાવામાં આવે છે.

ચૈત્યવંદનના અંતે જેમ એક સ્તુતિ (થોય) બોલાય છે તેમ દેવવંદનમાં જુદી જુદી ચાર-ચાર સ્તુતિઓના ઝુમખાં (થોય જોડાં) બોલવામાં આવે છે.

દેવવંદનમાં મન ફાવે તે ચાર થોય ન બોલી શકાય. પહેલી પાર્શ્વનાથની,

બીજી શાંતિનાથની, ત્રીજી મહાવીરસ્વામીની અને ચોથી સ્તુતિ આદિનાથની બોલીએ તો તે ન ચાલે. કયા ક્રમથી કઈ સ્તુતિ બોલવી ? તેનું ધારાધોરણ ઘડવામાં આવેલ છે. તે આધારે બનાવાયેલી ચાર સ્તુતિઓ તે જ ક્રમે દેવવંદનમાં બોલવાની મર્યાદા છે. આ મર્યાદાને ઉલ્લંઘી શકાય નહિ. આ મર્યાદા દેવવંદન ભાષ્યની બાવનમી ગાથામાં જણાવવામાં આવેલ છે; જે આ પ્રમાણે છે :

**"અહિગય-જિણ પઢમથુઈ, બીયા સવ્વાણ તઈઅ નાણસ્સ,**
**વેયાવચ્ચગરાણં, ઉવઓગત્થં ચઉત્થ થુઈ"**

જે મૂળનાયક ભગવાનની સામે દેવવંદન કરતા હોઈએ, તે અધિકૃત-જિનેશ્વર ભગવાન કહેવાય. તેમને ઉદ્દેશીને પહેલી સ્તુતિ (થોય) બોલાય.તમામ જિનેશ્વર ભગવંતોને ઉદ્દેશીને બીજી સ્તુતિ બોલવી. જ્ઞાનને ઉદ્દેશીને ત્રીજી સ્તુતિ બોલવી અને છેલ્લી ચોથી સ્તુતિ વૈયાવચ્ચ (સેવા) કરનારા સમ્યગ્દષ્ટિ દેવોને ઉદ્દેશીને બોલવી.

પાંચ પ્રતિક્રમણસૂત્રોમાં આવેલાં કલ્લાણકંદં, સંસારદાવાનલ, સ્નાતસ્યા વગેરે સ્તુતિ સૂત્રોમાં ઉપર જણાવાયેલો ક્રમ બરોબર સચવાયેલો જોવા મળે છે. તે જ રીતે દેવવંદનમાં જે થોય જોડાઓ બોલાય છે, તેમાં પણ આ ક્રમ ગોઠવાયેલો હોય છે.

લગ્નના સમયે તો વરરાજાના જ ગુણ ગવાય ને ? સામે જે પરમાત્મા બિરાજમાન હોય, જેમને જોઈને ભાવો ઉછળતાં હોય, જેમના સાન્નિધ્યના પ્રભાવે પાપોનો કચ્ચરઘાણ બોલાવાતો હોય, તે અધિકૃત પરમાત્માની સ્તુતિ સૌપ્રથમ કરવી જરૂરી છે.

તે પરમાત્માની સ્તુતિ કર્યા પછી, તેમના જેવા ગુણો જેમનામાં રહ્યા છે, તે તમામ તીર્થંકર પરમાત્માઓની સ્તુતિ કરવી પણ જરૂરી છે. તે માટે સર્વ તીર્થંકરોની સ્તવના રૂપ બીજી સ્તુતિ બોલાય છે.

પરમપિતા પરમાત્મા તો સાક્ષાત્ હાજર નથી. તેમની ગેરહાજરીમાં આપણને તારવાની તાકાત તેમની પ્રતિમા અને તેમણે બતાવેલા જ્ઞાનમાં છે.તેમની પ્રતિમાની સ્તવના તો પ્રથમ બે સ્તુતિઓ દ્વારા થઈ ગઈ. હવે તેમણે બતાડેલા જ્ઞાનની સ્તવના આ ત્રીજી સ્તુતિ દ્વારા કરાય છે.

પરમાત્માએ બતાડેલા જ્ઞાનના આધારે જ્યારે આપણે મોક્ષમાર્ગની આરાધના કરતા હોઈએ ત્યારે આપણને જેઓ સહાય કરે છે, આરાધનામાં આવતા વિઘ્નોને

દૂર કરે છે, સમાધિ પ્રાપ્ત કરાવે છે, તે સમ્યગ્દષ્ટિ દેવોનું સ્મરણ કરવું જરૂરી છે. સમ્યગ્દષ્ટિ દેવોનું સ્મરણ કરવા ચોથી સ્તુતિ બોલવામાં આવે છે.

આ કલ્લાણકંદં સૂત્ર પણ ચાર થોય રૂપ છે. તેની પહેલી ગાથામાં (૧) આદિનાથ (૨) શાંતિનાથ (૩) નેમીનાથ (૪) પાર્શ્વનાથ અને (૫) મહાવીરસ્વામી ભગવાનની સ્તવના કરાઈ છે. બીજી ગાથામાં સર્વ જિનેશ્વર ભગવાનોની સ્તવના કરાઈ છે. ત્રીજી ગાથામાં શ્રુતજ્ઞાનની અને છેલ્લી ચોથી ગાથામાં શ્રુતજ્ઞાનની અધિષ્ઠાત્રી શ્રુતદેવતા-વાગીશ્વરીદેવીની સ્તુતિ કરવામાં આવી છે. આ શ્રુતદેવતાનું સ્મરણ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરાવનારું છે.

પક્ખિ, ચોમાસી અને સંવત્સરીના પૂર્વના દિવસે સાંજે મંગલ માટે માંગલિક પ્રતિક્રમણ કરવામાં આવે છે. વળી ગુરુભગવંતો જ્યારે વિહાર કરીને આવ્યા હોય તે દિવસે સાંજે પણ માંગલિક પ્રતિક્રમણ કરવામાં આવે છે. આ માંગલિક પ્રતિક્રમણમાં થોય તરીકે આ 'કલ્લાણ કંદં' સૂત્રની ચાર થોય બોલવામાં આવે છે.

* (૧) **જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** પંચજિનસ્તુતિસૂત્ર.

* (૨) **લોકોમાં પ્રચલિત નામ :** કલ્લાણકંદં સૂત્ર.

* (૩) **વિષય :** અધિકૃત જિનેશ્વર ભગવાન, સર્વ તીર્થંકરો, શ્રુતજ્ઞાન અને શ્રુતદેવીની સ્તુતિ.

* (૪) **સૂત્રનો સારાંશ :** અરિહંત, સિદ્ધ, સાધુ અને જ્ઞાન; એ ચાર વંદનીય છે અને સમ્યગ્દષ્ટિ દેવો સ્મરણીય છે. તે તે અવસરે વંદનીયને વંદન કરવાનું ને સ્મરણીયનું સ્મરણ કરવાનું ચૂકવું ન જોઈએ.

ચોવીસે ય તીર્થંકરોમાં મુખ્ય પાંચ તીર્થંકરો, સર્વ તીર્થંકરો, આગમ શાસ્ત્રો (જ્ઞાન) અને તે આગમ શાસ્ત્રોનું જ્ઞાન મેળવવામાં અત્યંત ઉપકાર કરનારી વાગેસરી શ્રુતદેવીની વારંવાર સ્તુતિ કરવી જોઈએ; જે આ સૂત્રમાં કરવામાં આવી છે.

## * (૫) સૂત્ર

કલ્લાણકંદં પઢમં જિણિંદં, સંતિં તઓ નેમિજિણં મુણીંદં;
પાસં પયાસં સુગુણિક્કઠાણં, ભત્તી ઈ વંદે સિરિ - વદ્ધમાણં ॥૧॥
અપાર-સંસાર-સમુદ્દ-પારં, પત્તા સિવં દિંતુ સુઈક્કસારં;
સવ્વે જિણિંદા સુરવિંદ - વંદા, કલ્લાણ વલ્લીણ વિસાલ-કંદા ॥૨॥

નિવ્વાણમગ્ગે વરજાણ - કપ્પં, પણાસિયાસેસ - કુવાઈ - દપ્પં;
મયં જિણાણં સરણં બુહાણં નમામિ નિચ્ચં તિજગ-પ્પહાણં ॥૩॥
કુંદિંદુ - ગોક્ખીર - તુસાર - વન્ના, સરોજ હત્થા કમલે નિસન્ના;
વાએસીરી પુત્થય વગ્ગ હત્થા, સુહાય સા અમ્હ સયા પસત્થા ॥૪॥

## * (૬) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :

'કલ્યાણકંદં નથી પણ "કલ્લાણ કંદં" છે; તે ધ્યાનમાં રાખવું.

'જિણંદં', 'જિણંદા' નથી પણ 'જિણિંદં', 'જિણિંદા' છે; તે રીતે બોલવું.

'સુગણિકક' નહિ પણ 'સુગુણિક્કં' બોલવું. ક્ક જોડાક્ષર પણ બરોબર બોલવો.

'ભત્તી ય' નહિ પણ 'ભત્તી ઈ'; ઈ બોલવાનો રહી ન જાય.

'સિરિ વદ્ધમાણ' છે, પણ 'સિરિ વર્ધમાન' નહિ, તે ધ્યાનમાં રાખવું.

'અપાર'માં જોડાક્ષર નથી, તેથી 'અપ્પાર' ન બોલાય. 'સુઈક્કસાર'માં જોડાક્ષર છે, તેથી 'સુઈકસાર' ન બોલાય.

'સુરવીરવંદા' નહિ પણ સુરવિંદવંદા છે, તથા 'કલ્યાણવલ્લીણ' નહિ પણ 'કલ્લાણવલ્લીણ' છે, તે ધ્યાનમાં રાખવું.

'પણાસિયાસેસ' ભેગું બોલીને 'કુવાઈ દપ્પં' સાથે બોલવું. તે જ રીતે 'કુંદિંદુ-ગોક્ખીર' ભેગું બોલીને સાથે 'તુસારવન્ના' બોલવું. 'કુંદિંદુ......'માં જ્યાં જ્યાં મીંડા છે, ત્યાં ત્યાં બરોબર બોલવા.

## * (૭) શબ્દાર્થ :

કલ્લાણ-કંદં = કલ્યાણના મૂળ
પઢમં = પ્રથમ, પહેલા
જિણિંદં = જિનેશ્વરને
સંતિં = શાંતિનાથ ભગવાનને
તઓ = ત્યારપછી
નેમિજિણં = નેમિનાથ જિનેશ્વરને
મુણીંદં = મુનીન્દ્રને
પાસં = પાર્શ્વનાથ ભગવાનને
પયાસં = પ્રકાશને કરનારા
સુગુણિક્કઠાણં = સદ્‌ગુણોના એક માત્ર સ્થાનરુપ
ભત્તીઈ = ભક્તિથી
વંદે = વંદના કરું છું.
સિરિ વદ્ધમાણં = શ્રી વર્ધમાન સ્વામીજીને
અપાર = જેનો છેડો પામવો મુશ્કેલ

છે તેવા
સંસારસમુદ્દ = સંસાર રૂપી સમુદ્રના
પારં = કિનારાને
પત્તા = પ્રાપ્ત કરેલા
સિવં = મોક્ષસુખને
દિંતુ = આપો
સુઈક્કસારં = શ્રુતિ (શાસ્ત્ર) ના એક માત્ર સાર રૂપ
સવ્વે = બધા
જિણિંદા = જિનેશ્વરો
સુર = દેવોના
વિંદ = વૃંદ (સમૂહ) વડે
વંદા = વંદન કરવા યોગ્ય
કલ્લાણ-વલ્લીણ = કલ્યાણ રૂપી વેલડીના
વિસાલ = મોટા
કંદા = મૂળીયા સમાન
નિવ્વાણ = મોક્ષ
મગ્ગે = માર્ગ
વર = શ્રેષ્ઠ
જાણ = યાન, વાહન
કપ્પં = સમાન
પણાસિયા = નાશ પમાડેલ છે
અસેસ = બધા
કુવાઈ = કુવાદીઓના
દપ્પં = અહંકારને
મયં = મતને, સિદ્ધાંતને
જિણાણં = જિનેશ્વર ભગવંતોના
શરણં = શરણ રુપ
બુહાણં = પંડિતોને
નમામિ = હું નમું છું.
નિચ્ચં = નિત્ય
તિજગ-પ્પહાણં = ત્રણે લોકમાં પ્રધાન
કુંદ = મચકુંદ(મોગરા)નું ફૂલ
ઈંદુ = ચંદ્ર
ગોક્ખીર = ગાયનું ક્ષીર (દૂધ)
તુસાર = બરફ
વન્ના = વર્ણ (રંગ) વાળી
સરોજ હત્થા = કમળ છે હાથમાં જેના
કમલે = કમળની ઉપર
નિસન્ના = બેઠેલી
વાએસિરિ = વાગીશ્વરી, સરસ્વતી
પુત્થય = પુસ્તકોના
વગ્ગ = સમૂહ
હત્થા = હાથમાં ધારણ કરનારી
સુહાય = સુખને માટે
સા = તે
અમ્હ = અમને
સયા = સદા
પસત્થા = પ્રશસ્તા (પ્રશંસા કરાયેલી)

## * (૮) સૂત્રાર્થ :

કલ્યાણ રૂપી વૃક્ષના મૂળીયા સમાન પ્રથમ (ઋષભદેવ) જિનેશ્વરને, શાંતિનાથ ભગવાનને, ત્યારપછી મુનિઓના સ્વામી નેમીનાથ ભગવાનને, સમગ્ર

વિશ્વને પ્રકાશિત કરનારા (તથા) સદ્ગુણોના એક માત્ર સ્થાન રુપ પાર્શ્વનાથ ભગવાનને (તથા) શ્રી (શોભાવાળા) વર્ધમાન (મહાવીર) સ્વામીજીને (હું) ભાવથી વંદના કરું છું. ॥૧॥

જેનો છેડો પામવો અત્યંત મુશ્કેલ છે, તેવા સંસાર રુપી સમુદ્રના પારને પામેલા, દેવોના સમૂહ વડે વંદન કરવા યોગ્ય, કલ્યાણ રુપી વેલડીના મોટા મૂળીયા સમાન સર્વ જિનેશ્વર દેવો (મને) શાસ્ત્રોના એક માત્ર સાર રુપ મોક્ષસુખ આપો. ॥૨॥

મોક્ષપ્રાપ્તિના માર્ગમાં શ્રેષ્ઠ વહાણ સમાન, બધા કુવાદીઓના અભિમાનનો નાશ કરનાર, પંડિતોને પણ શરણ રુપ, ત્રણ જગતમાં શ્રેષ્ઠ જિનેશ્વર ભગવંતોના સિદ્ધાન્તને (શ્રુતજ્ઞાનને) હું નિત્ય નમું છું. ॥૩॥

મચકુંદ (મોગરા)નું ફૂલ, ચંદ્ર, ગાયનું દૂધ, બરફ (વગેરે જેવા સફેદ) વર્ણવાળી, એક હાથમાં કમળને ધારણ કરનારી, કમળ ઉપર બેઠેલી, પુસ્તકોનો સમૂહ (બીજા) હાથમાં ધારણ કરનારી, (સર્વ રીતે) પ્રશંસા કરાયેલી શ્રુતદેવી (સરસ્વતી દેવી) અમને સદા સુખ માટે થાઓ.

## (૯) વિવેચન :

**પ્રથમ ગાથા :**

**કલ્લાણકંદં પઢમં જિણિંદં**

અત્યારે અવસર્પિણીકાળનો પાંચમો આરો ચાલે છે. અવસર્પિણીકાળ પૂર્વે ઉત્સર્પિણીકાળ હતો. તેના બીજા - ત્રીજા આરામાં ૨૪ તીર્થંકર ભગવંતો થયા હતા. ધર્મનો તે કાળ હતો. અનેક આત્માઓ પોતાનું કલ્યાણ સાધતા હતા.

પણ પછી યુગલિકકાળ શરુ થયો. ધર્મની ગેરહાજરી થવાથી અંધકાર ફેલાયો. ઉત્સર્પિણીકાળના ચોથા - પાંચમા - છઠ્ઠા આરાના ૨ + ૩ + ૪ = ૯ કોડાકોડી સાગરોપમનોકાળ અંધકારભર્યો પસાર થયો. અવસર્પિણીકાળની શરુઆત થઈ. તેના પણ પ્રથમ ત્રણ આરાનો ૨ + ૩ + ૪ = ૯ કોડાકોડી સાગરોપમ કાળ (લગભગ) અંધકારભર્યો પસાર થયો; કારણ કે હજુ કોઈએ ધર્મને પ્રકાશિત કર્યો નહોતો.

આ ૯ + ૯ = ૧૮ કોડાકોડી સાગરોપમનો ભયંકર અંધકારભર્યો કાળ પસાર થયા પછી તે અંધકારને ચીરી નાંખનાર એક તેજલીસોટો આ ભરતક્ષેત્રમાં પ્રગટ્યો. તે તેજલીસોટો એટલે પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાન ! ત્રીજા આરાના અંતભાગે તેઓએ જન્મ ધારણ કર્યો. સાધુજીવનની સાધના સ્વીકારી. કેવળજ્ઞાન

પામીને ધર્મતીર્થની સ્થાપના કરી. જીવોના કલ્યાણનો માર્ગ પ્રકાશિત કર્યો. આમ, કલ્યાણ રુપ વૃક્ષનું મૂળ પરમાત્મા ઋષભદેવ બન્યા. તેમને ઉછળતા હૃદયે વંદના કરવી જોઈએ, કારણ કે આ કાળના પ્રથમ ઉપકારી તેઓ છે.

પૂર્વના મેઘરથ તરીકેના ભવમાં પોતાના સમગ્ર શરીરનું માંસ આપી દઈને, પારેવાની રક્ષા કરવાનો જેમણે પ્રયત્ન કર્યો, તે વખતે બાજપક્ષીને પણ શાંતિ આપવાની જેમની ભાવના હતી, તે સર્વ જીવોની શાંતિ કરનારા શાંતિનાથ ભગવાનને પણ વંદના કરવામાં આવી છે.

આત્મસાધનાના માર્ગે ડગ ભરવામાં રુકાવટ કરાવે છે મૈથુન સંજ્ઞા. કામવાસનાની તીવ્રતા સાધના કરવા દેતી નથી. આ કામવાસનાનો કચ્ચરઘાણ બોલાવનાર બાળબ્રહ્મચારી નેમીનાથ ભગવાનને પણ ભાવભરી વંદના કરવાની છે.

પૂર્વના દેવભવમાં તીર્થંકર ભગવંતોના ૫૦૦ કલ્યાણકોની ઉજવણી કરીને વિશિષ્ટ પુણ્યોદયના જેઓ સ્વામી બનેલા, જેમના શાસનમાં આરાધના કરીને દેવ-દેવી બનેલા આત્માઓ પોતાના ઉપકારી ભગવંતની ભક્તિ કરનારા ભક્તોના સંકટો ચૂરવા માટે સતત જાગ્રત છે, તે ત્રણ ભુવનમાં પ્રકાશ કરનારા અને સદ્ગુણોના સ્થાન રુપ પાર્શ્વનાથ ભગવંતને ભાવથી વંદના કરીએ.

અને..... જેઓ આપણા અત્યંત ઉપકારી છે, જેમના શાસનમાં આપણે આરાધના કરી રહ્યા છીએ; તે મહાવીરસ્વામીભગવંત કે જેમનું બાળવયમાં નામ વર્ધમાનસ્વામી હતું; તેમને ગદ્ગદ્ થઈને ભાવભરી વંદના કરીએ.

**બીજી ગાથા :**

**અપાર સંસાર સમુદ્દ પારંપત્તા.**

સંસાર સમુદ્ર સમાન છે. જેમ સમુદ્ર અગાધ હોય છે, ઊંડો હોય છે, જેનો પાર પામવો મુશ્કેલ હોય છે, જેમાં જળચર પ્રાણીઓ હોય છે, જે ભલભલાને મોતને ઘાટ ઉતારવા સમર્થ હોય છે, વળી સમુદ્રમાં જે પડે, તે ડૂબી જાય છે; બહાર નીકળવું તેના માટે મુશ્કેલ બને છે; તેમ આ સંસારનું પણ છે.

સંસારમાં ૮૪ લાખ તો યોનીઓ છે. જેમાં જીવને જન્મ-જીવન-મરણની જંજાળમાં સપડાવું પડે છે. આ સંસાર રુપી સમુદ્રનો કોઈ છેડો જ દેખાતો નથી. જેમ તેમાંથી બહાર નીકળવાની મહેનત જીવ કરે, તેમ તેમ તે વધુને વધુ તેમાં ખૂંપતો જાય છે. કો'ક પુણ્યશાળી આત્મા જ વિશિષ્ટ સાધના કરીને સંસારને પેલ

છેડે મોક્ષમાં પહોંચી શકે છે.

આ સંસારમાં ડગલે ને પગલે જળચર પ્રાણીઓ જેવા દુઃખો જીવોને ત્રાસ આપે છે. ક્ષણ માટે ય શાંતિપૂર્વક જીવવા દેતા નથી.

આવા સંસાર રુપી સમુદ્રને પેલે પાર મુક્તિનગરીમાં તમામ જિનેશ્વર પરમાત્માઓ પહોંચી ગયા છે, તે સર્વને વંદના કરવાની છે.

**સિવં દિંતુ સુઈફ્કસારં**

અનેક પ્રકારના દુઃખો, પાપો અને વાસનાઓથી ખદબદતા આ સંસારમાં ત્રાસી ગયેલો આત્મા હવે સંસારમાં વધુ સમય રહેવા શી રીતે ઇચ્છે ? તે તો સારભૂત સ્થાનને શોધતો જ હોય કે જ્યાં કોઈ દુઃખ ન હોય. કદી પાપો કરવાના ન હોય. કોઈ દોષો જ્યાં પોતાને સતાવી શકે તેમ ન હોય. આવું સર્વશ્રેષ્ઠ સ્થાન તો છે મોક્ષ. જ્યાં પહોંચનારનું સાચું કલ્યાણ છે. આવી મોક્ષની માંગણી આ ગાથામાં કરવામાં આવી છે.

**ત્રીજી ગાથા**

**'નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં'**

અમદાવાદથી મુંબઈ જવું હોય તો કોઈ ટ્રેઈનનો ઉપયોગ કરે, કોઈ બસનો ઉપયોગ કરે, કોઈ પ્લેન વડે પહોંચે, પણ વાહન વિના તો શી રીતે પહોંચાય ? વાહનની તો જરૂર પડે જ ને ?

તે જ રીતે મોક્ષનગરીમાં પહોંચવા માટે પણ કોઈને કોઈ વાહનની જરૂર પડે જ. ના, ટ્રેઈન, બસ કે પ્લેન મોક્ષનગરીમાં જવા કામ ન લાગે. મોક્ષનગરીમાં લઈ જનાર શ્રેષ્ઠ વાહન છે પરમાત્માના સિદ્ધાન્તો, પરમાત્માનું જ્ઞાન. જે વ્યક્તિ પરમાત્માના સિદ્ધાન્તો પ્રમાણે પોતાનું જીવન વ્યવસ્થિત કરે છે, તે મોક્ષમાર્ગ પર સડસડાટ આગળ વધે છે. ટૂંક સમયમાં મોક્ષનગરમાં પહોંચી જાય છે. તેથી જો આપણે મોક્ષમાં પહોંચવું હોય તો પરમાત્માના સિદ્ધાન્તોને, સમ્યગ્જ્ઞાનને વારંવાર વંદના કરવી જોઈએ, ભણવું જોઈએ, જીવનમાં આત્મસાત્ કરવું જોઈએ.

**પણાસિયાસેસકુવાઈદપ્પં :**

બૌદ્ધ, સાંખ્ય, વૈદિક, ચાર્વાક, નૈયાયિક વગેરે અનેક મતો છે. તેઓ પોતાની વાતો એકાંતે રજૂ કરે છે. જ્યાં એકાંત છે, ત્યાં મોક્ષમાર્ગ નથી. આત્માને એકાંતે નિત્ય, અનિત્ય માનનારા કે એકાંતે આત્માને જ નહિ માનનારા આ બધા

કુવાદીઓના મગજમાં જે અહંકાર ઠાંસી ઠાંસીને ભરેલો છે, તે ત્યાં સુધી જ ટકી શકે કે જ્યાં સુધી જિનમતના વાદીની સાથે તેઓ વાદ ન કરે. જો એકવાર જિનમતને તે બરોબર જાણે તો તેના અનેકાંતવાદની સામે તે બધાના અહંકારનો ચૂરેચૂરો થયા વિના ન રહે. તમામ કુવાદીઓના અહંકારનો પૂરેપૂરો નાશ કરનારા આ જિનમંતને જેટલી વંદનાઓ અર્પીએ તેટલી ઓછી છે.

**'મયં જિણાણં સરણં બુહાણં'**

પંડા એટલે બુદ્ધિ. વિશિષ્ટ બુદ્ધિના જે સ્વામી હોય તે પંડિત કહેવાય. તેઓ પોતાની બુદ્ધિના જોરે અનેક શાસ્ત્રોનો બોધ કરીને બુધ બન્યા હોય. આવા વિશિષ્ટ કોટીના પંડિતોને માટે પણ **શરણભૂત** જો કોઈ હોય તો તે જૈન સિદ્ધાન્તો છે. પરમાત્માનું તત્ત્વજ્ઞાન છે. આ વિશ્વની તમામ બાબતોના સમાધાનો જિનમત દ્વારા મળે છે. જિનમત જેણે મેળવ્યો, તેણે પછી કાંઈ મેળવવાનું બાકી રહેતું નથી. આવા જિનમતને કોટિ કોટિ નમસ્કાર હો.

**'નમામિ નિચ્ચં તિજગપ્પહાણં'**

ઉર્ધ્વલોક, અધોલોક, તિર્ચ્છાલોક; એ ત્રણેય લોકમાં સર્વશ્રેષ્ઠ કોઈ હોય તો તે જિનમત છે. અનુત્તરવાસી દેવો પણ દેવલોકમાં રહ્યા રહ્યા જિનમતનો સ્વાધ્યાય કરતા હોય છે. મહાવિદેહક્ષેત્રની અધોગ્રામમાં આવેલી વિજયમાં પણ વિહરમાન તીર્થંકર પરમાત્માના સાન્નિધ્યમાં પણ જિનમતનો જયજયકાર થાય છે. આ મધ્યલોકમાં તો જિનમત સર્વશ્રેષ્ઠ છે જ. આમ, ત્રણે ય લોકમાં સર્વોત્કૃષ્ટ જે જિનાગમ છે, તેને વંદના કરવાને કોણ ન ઈચ્છે ? હું પણ તેને વંદના કરું છું.

**છેલ્લી ગાથા :**

જિનશાસનમાં સમ્યગ્દૃષ્ટિ દેવોને સ્મરણીય કહ્યા છે. જે સમ્યગ્દૃષ્ટિ દેવો સંઘની વૈયાવચ્ચ કરવામાં તત્પર છે. શાંતિને કરનારા છે, સમ્યગ્દૃષ્ટિ આત્માઓની સમાધિને કરનારા છે, તે દેવોને અવારનવાર અવસરે યાદ કરવા જરૂરી છે. શુભકાર્યમાં વિઘ્ન આવતું અટકાવવામાં તેઓ સહાયક બને છે. તેથી દેવવંદન કરતી વખતે ચોથી થોયમાં તેમનું સ્મરણ કરવામાં આવે છે.

તેમાં ય શ્રુત (સરસ્વતી) દેવી તો જ્ઞાનની દેવી છે. મોક્ષમાર્ગનું શ્રેષ્ઠવાહન જે સમ્યગ્જ્ઞાન છે, તેની દેવી આ શ્રુતદેવી છે. તેનો વર્ણ, બેઠક, તથા હાથમાં રહેલી વસ્તુઓના વર્ણન દ્વારા તે શ્રુતદેવીને સ્મરણપથમાં લાવવામાં આવે છે. અને તે સદા આપણા સુખને માટે થાય તેવી અપેક્ષા વ્યક્ત કરાય છે.

# (૧૫) શ્રી મહાવીરજિન સ્તુતિ સૂત્ર

## સંસાર દાવાનલ સૂત્ર

ભૂમિકા : 'કલ્લાણકંદં' સૂત્રની જેમ આ પણ ચાર સ્તુતિ રૂપ સૂત્ર છે. પ્રથમ સ્તુતિમાં આપણા અત્યંત નજીકના ઉપકારી ચોવીસમા તીર્થંકર પરમાત્મા મહાવીરસ્વામી ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે; માટે આ સૂત્રનું શાસ્ત્રીય નામ 'શ્રી મહાવીર સ્તુતિ સૂત્ર' છે. બીજી ગાથામાં તમામ તીર્થંકર પરમાત્માઓની, ત્રીજી ગાથામાં શ્રુતજ્ઞાનની અને છેલ્લી ચોથી ગાથામાં શ્રુતદેવી-સરસ્વતીની સ્તુતિ કરવામાં આવી છે.

આ સૂત્રની વિશેષતા એ છે કે આ સૂત્રમાં એકપણ જોડાક્ષર નથી. બોલવામાં સરળ સૂત્ર છે. વળી સમસંસ્કૃત ભાષામાં રચાયેલું આ સૂત્ર છે. એટલે કે આ સૂત્રને સંસ્કૃત ભાષાનું સૂત્ર પણ ગણી શકાય અને પ્રાકૃત ભાષાનું સૂત્ર પણ ગણી શકાય તેવી તેની રચના છે.

આ સૂત્રની છેલ્લી ગાથાની છેલ્લી લીટીમાં 'ભવવિરહ' શબ્દ આવે છે. જે જે ગ્રંથોનાં છેડે 'ભવવિરહ' શબ્દ આવે; તે તમામ ગ્રંથોની રચના ૧૪૪૪ ગ્રંથના રચયિતા, સૂરિપુરન્દર હરિભદ્રસૂરિજી મ.સાહેબે કરી છે. આ સંસાર દાવાનલ સૂત્રની રચના પણ હરિભદ્રસૂરિજીએ કરી છે.

આ હરિભદ્રસૂરિજી મ. સાહેબ સંસારીપણામાં બ્રાહ્મણ પંડિત હતા. મહાન વિદ્વાન હતા. પોતાને પ્રાપ્ત થયેલી વિદ્વત્તાનું તેમને અજીર્ણ થયેલ. અહંકારી તેમણે અનેક પંડિતોને વાદમાં હરાવી દીધા પછી પ્રતિજ્ઞા કરી હતી કે ''મને ન સમજાય તેવું જો કોઈ સમજાવે તો હું તેમનો કાયમ માટે શિષ્ય બની જઈશ.''

અને......એકવાર યાકિની મહત્તરા નામના સાધ્વીજી ભગવંતના ઉપાશ્રય પાસેથી પસાર થતાં હતા, ત્યારે તેમણે એવી ગાથાઓ સાંભળી કે જેનો અર્થ તેમને ન સમજાયો. જ્યારે પૂછવા ગયા ત્યારે સાધ્વીજીએ તેમને આચાર્યભગવંત પાસે મોકલ્યા. તેમને અર્થ સમજવા મળ્યો. તેઓએ જીંદગીભર આચાર્યભગવંતનું શિષ્યત્વ સ્વીકાર્યું. હરિભદ્રવિજય નામના સાધુ બન્યા. યાકિની મહત્તરાને સદા પોતાની ધર્મમાતા માનવા લાગ્યા. કોઈએ કરેલા ઉપકારને શી

રીતે વિસરાય ?

ભણી ગણીને વિદ્વાન બન્યા. આચાર્યપદે તેમને ગુરુએ સ્થાપ્યા. સંસારીપણે ભાણીયા એવા હંસ, પરમહંસ નામના બે શિષ્યો થયા. ગુરુની ઉપરવટ થઈને બૌદ્ધમઠમાં ભણવા ગયા તો ગુરુદ્રોહના કારણે બે ય બૌદ્ધો દ્વારા મરાયા. શિષ્યવિરહ હરિભદ્રસૂરિજીથી સહન ન થયો. બૌદ્ધભિક્ખુઓ ઉપર ભયંકર ગુસ્સો ચઢ્યો. તાવડીમાં તળી નાંખવાનો વિચાર આવ્યો. આકર્ષણીવિદ્યાથી ૧૪૪૪ બૌદ્ધભિક્ખુઓને ખેંચ્યા.

ત્યાં તો ગુરુમહારાજે સમરાદિત્યકેવલીના નવ ભવોના નામો તથા ગામોના નામોની બે ગાથા મોકલી. તેજીને ટકોરો બસ. ક્રોધ અને વૈરની પંરપરાના કેવા કાતિલ પરિણામો આવી શકે ? તે સમરાદિત્યના ભવો દ્વારા તેમને સમજાયા વિના ન રહ્યું. ક્ષમાને ધારણ કરી. બૌદ્ધભિક્ખુઓને છોડી મૂક્યા. ગુરુભગવંતનો અનહદ ઉપકાર માનવા લાગ્યા.

પોતાને જે ભયંકર ક્રોધ આવી ગયો, ૧૪૪૪ ને તળવાનો જે પ્રયત્ન કર્યો તે બદલ ઘોર પશ્ચાત્તાપ થયો. તેના પ્રાયશ્ચિત્ત રુપે ૧૪૪૪ ગ્રંથોનું સર્જન શરુ થયું. શિષ્યવિરહના બદલે હવે ભવ (સંસારના) વિરહની તાલાવેલી જાગી. દરેક ગ્રંથના અંતે 'ભવવિરહ' લખવાનું શરુ થયું.

જોતજોતામાં ૧૪૪૦ ગ્રંથો રચાઈ ગયા. ચાર ગ્રંથો રચવાના બાકી હતા; ત્યાં તેમના કાળધર્મનો સમય નજીક આવી ગયો. બાકી રહેલા ચાર ગ્રંથો રચવા તેમણે આ સંસાર દાવાનલ સૂત્રની ચાર સ્તુતિ રચવાની શરુઆત કરી. ત્રણ સ્તુતિ પૂર્ણ થતાં ચોથી સ્તુતિનું "આમૂલાલોલ ધૂલિ, બહુલ પરિમલા, લીઢ લોલાલિમાલા"રુપ પહેલું પદ પૂર્ણ થતાં તેમની વાણી થંભી ગઈ. આથી તે વખતે હાજર રહેલા જૈન સંઘે - શાસનદેવીની સહાયથી - પહેલી લીટીનો અર્થ બરોબર જળવાઈ રહે તે રીતે બાકીની ત્રણ લીટીઓ રચીને ચાર સ્તુતિઓ પૂરી કરી. આ રીતે ૧૪૪૪ ગ્રંથો પૂરા થયા.

બાકીની ત્રણ લીટીઓ પોતે પૂરી કરી હોવાથી પક્ખિ, ચોમાસી, સંવત્સરી પ્રતિક્રમણમાં સકલસંઘ તે ત્રણ લીટીઓ ઊંચા અવાજે બોલે છે.

**હરિભદ્રસૂરિજી મહારાજ સાહેબે જુદા જુદા અનેક વિષયો ઉપર ગ્રંથોની** રચના કરી છે. પ્રાયઃ કોઈ વિષય તેમણે છોડ્યો નથી. તેમના ગ્રંથો ઉંડા ચિંતનો **અને શાસ્ત્રોના અદ્‌ભુત રહસ્યોથી** ભરેલા છે. આજે પણ તેમના અનેક ગ્રંથો ઉપલબ્ધ

છે; જેનો અભ્યાસ કરવા દ્વારા મહાત્માઓનું મસ્તક તેમના ચરણોમાં અત્યંત અહોભાવથી ઝૂકી જાય છે.

* **(૧) જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** શ્રી મહાવીર સ્તુતિ સૂત્ર

* **(૨) લોકોમાં પ્રચલિત નામ :** સંસાર દાવાનલ સૂત્ર

* **(૩) વિષય :** અનંત ઉપકારી પરમાત્મા મહાવીરસ્વામી ભગવાનની, સર્વ તીર્થંકર પરમાત્માઓની, શ્રુતજ્ઞાનની તથા શ્રુતદેવી સરસ્વતીજીની સ્તુતિ.

* **(૪) સૂત્રનો સારાંશ :** આધ્યાત્મિક વિકાસનો પાયો કૃતજ્ઞતા ગુણ છે. કોઈએ પણ કરેલા ઉપકારને કદી ભૂલવો નહિ. સદા યાદ રાખવો. તેમનું કદી પ અહિત તો ન વિચારવું પણ અનુકૂળતા હોય તો તેમના કાર્યોમાં સહાયક બનવું. ભવોભવને તારનારા ત્રણ લોકના નાથ, દેવાધિદેવ પરમાત્માનો આપણી ઉપર સૌથી વધારે ઉપકાર છે. તેથી તેમના ગુણગાન ગાવા. તેમની સ્તવના કરવી. તેમને વારંવાર યાદ કરવા તે આપણું મુખ્ય કર્તવ્ય છે. માટે આપણે વારંવાર તેમની સ્તવના કરતા રહેવું જોઈએ.

### * (૫) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :-

આ સૂત્રમાં સંસારનો દાવો કરવામાં નથી આવ્યો પણ સંસારને દાવાનલ સમાન ગણાવેલ છે. તેથી આ સૂત્રનું નામ 'સંસારદાવા' કદી ન બોલવું; પણ 'સંસાર દાવાનલ' સૂત્ર બોલવું. 'દાવાનલ' એક આખો શબ્દ છે, તે તોડવો ઉચિત નથી.

પહેલી ગાથામાં નીરં, સમીરં, સીરં, ધીરં વગેરે શબ્દોમાં 'ઈ' દીર્ઘ છે. તેથી તે લંબાવીને બોલવાનું ધ્યાન રાખવું.

સૂત્રમાંના મીંડા બોલવામાં ઉપયોગ રાખવો.

સૂત્રમાં જ્યાં જ્યાં અટકીને બોલવાનું છે, ત્યાં ત્યાં તે રીતે અટકીને બોલવાનો ઉપયોગ રાખવો. ગુરુગમથી સૂત્ર બોલતા શીખી લેવું.

### * (૬) આટલું ધ્યાનમાં રાખવા જેવું

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| સંસારદાવા નલ | સંસાર દાવાનલ | નમ્મામિ | નમામિ |
| સમીર | સમીરં | દાન માનવેન | દાનવ માનવેન |

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| પદા નિતાનિ | પદાનિ તાનિ | લીઢ્ઢ | લીઢ |
| બોધાગાધ | બોધાગાધં | દેવી મે | દેહિ મે |
| જીવા અહિંસા | જીવા હિંસા | | |

## * (૭) સૂત્ર

**સંસાર દાવાનલ - દાહ - નીરં,**
**સંમોહધૂલી - હરણે સમીરં;**
**માયારસા - દારણ - સાર સીરં,**
**નમામિ વીરં ગિરિસારધીરં ॥ ૧ ॥**
**ભાવાવનામ - સુરદાનવમાનવેન,**
**ચૂલાવિલોલ - કમલાવલિ - માલિતાનિ;**
**સંપૂરિતાભિનત - લોક - સમીહિતાનિ,**
**કામં નમામિ જિનરાજ - પદાનિ તાનિ ॥ ૨ ॥**
**બોધાગાધં સુપદપદવી - નીરપૂરાભિરામં,**
**જીવાહિંસા - વિરલલહરી સંગમાગાહ દેહં;**
**ચૂલાવેલં ગુરુગમમણિ સંકુલં દૂર પારં,**
**સારં વીરાગમ - જલનિધિં સાદરં સાધુ સેવે ॥ ૩ ॥**
**આમૂલાલોલધૂલિ - બહુલ પરિમલા,લીઢ લોલાલિમાલા;**
**ઝંકારા - રાવ સારા, મલ દલ કમલા ગાર - ભૂમિ નિવાસે;**
**છાયા - સંભાર સારે ! વર કમલ કરે ! તાર હારાભિરામે !**
**વાણી સંદોહ દેહે ! ભવ વિરહ વરં, દેહિ મે દેવિ ! સારમ્ ॥ ૪ ॥**

## * (૮) શબ્દાર્થ :

સંસાર દાવાનલ = સંસાર રૂપી દાવાનળનો
દાહ = આગને માટે
નીરં = પાણી સમાન
સંમોહધૂલી = અજ્ઞાન રૂપી ધૂળને
હરણે = દૂર કરવામાં
સમીરં = પવન સમાન
માયારસા = માયા રૂપી જમીનને
દારણ = ખોદવા માટે
સાર = તીક્ષ્ણ

સીરં = હળ સમાન
નમામિ = નમન કરું છું
વીરં = મહાવીરસ્વામી ભગવાનને
ગિરિસાર = પર્વતોમાં શ્રેષ્ઠ મેરુપર્વત સમાન
ધીરં = સ્થિર
ભાવાવનામ = ભાવથી નમેલા
સુર-દાનવ-માનવેન=દેવ-દાનવ અને માનવોના સ્વામીના
ચૂલા = મુગટોમાં રહેલી
વિલોલ = ચપળ
કમલાવલિ = કમળોની શ્રેણીઓ વડે
માલિતાનિ = પૂજાયેલા
સંપૂરિત = સારી રીતે પૂર્યાં છે.
અભિનત લોક = નમન કરેલા લોકોના
સમીહિતાનિ = ઇચ્છિતોને
કામં = અત્યંત
જિનરાજપદાનિ = જિનેશ્વરોના ચરણોને
તાનિ = તે
બોધાગાધં = જ્ઞાનથી ગંભીર (અગાધ)
સુપદપદવી = સારા પદોની રચનાઓ રૂપી
નીરપૂર = પાણીના પૂર વડે
અભિરામં = મનોહર
જીવાહિંસા = જીવોની અહિંસાના
અવિરલ = નિરંતર તરંગોના
સંગમ = સંગમ વડે
અગાહ દેહં = ગંભીર (અગાધ) છે દેહ જેનો
ચૂલાવેલં = ચૂલિકા રૂપી વેલા વાળા
ગુરુગમ = મોટા આલાવાઓ રૂપી
મણિ સંકુલં = મણિઓથી ભરપૂર
દૂર પારં = દૂર છે કિનારો જેનો
સારં = ઉત્તમ, શ્રેષ્ઠ
વીરાગમ = વીર પ્રભુના આગમ રૂપી
જલનિધિં = સમુદ્રને
સાદરં = આદર સહિત
સાધુ = સારી રીતે
સેવે = હું સેવું છું.
આમૂલ = મૂળ સુધી
આલોલ = કાંઈક ડોલવાથી
ધૂલી = ખરેલી પરાગરજની
બહુલ પરિમલ = પુષ્કળ સુગંધમાં
આલીઢ = આસક્ત થયેલી
લોલ = ચપળ
અલિમાલા = ભમરાઓની શ્રેણિના
ઝંકારારાવ = ઝંકાર યુક્ત શબ્દોથી
સાર = ઉત્તમ
અમલ = નિર્મળ
દલ = પાંખડીઓવાળા
કમલાગાર = કમળોના ઘરની
ભૂમિનિવાસે = ભૂમિમાં નિવાસવાળી
છાયા = કાંતિઓના
સંભાર = સમૂહથી
સારે = ઉત્તમ
વર કમલ કરે = શ્રેષ્ઠ કમળને હાથમાં

| | |
|---|---|
| રાખનારી | વરં = વરદાનને |
| તાર = દેદીપ્યમાન | દેહિ = આપો. |
| હારાભિરામે = હાર વડે મનોહર | મે = મને |
| વાણી સંદોહ = વાણીના સમૂહ રૂપી | દેવિ = હે દેવી ! હે શ્રુતદેવી ! |
| દેહે = શરીરને ધારણ કરનારી | સારં = શ્રેષ્ઠ |
| ભવ વિરહ = સંસારના વિરહ રૂપી | |

* **(૧૦) સૂત્રાર્થ : સંસાર રૂપી દાવાનળના અગ્નિને (ઠારવા માટે) પાણી સમાન, અજ્ઞાન રૂપી ધૂળને દૂર કરવા માટે પવન સમાન, માયા રૂપી પૃથ્વીને ખોદવા માટે તીક્ષ્ણ હળ સમાન, પર્વતોમાં શ્રેષ્ઠ મેરુપર્વત સમાન ધીર એવા શ્રી મહાવીરસ્વામી ભગવાનને હું નમસ્કાર કરું છું. ॥ ૧ ॥**

ભાવથી નમેલા સુરેન્દ્રો, દાનવેન્દ્રો અને માનવેન્દ્રોના મુગટમાં રહેલી ચપળ કમળોની શ્રેણિઓ વડે પૂજાયેલા, સારી રીતે પૂર્ણ કર્યાં છે નમેલા લોકોના મનોવાંછિતોને જેણે તેવા જિનેશ્વર ભગવંતોના તે ચરણોને હું અત્યંત નમું છું. ॥ ૨ ॥

જ્ઞાન વડે અગાધ, સુંદર પદોની રચનાઓ રૂપી પાણીના પૂરથી મનોહર, જીવોની અહિંસા વગેરે સિદ્ધાંતો રૂપી તરંગોનો નિરંતર સંગમ થવા વડે જેનો દેહ અગાધ છે, ચૂલિકાઓ રૂપી વેલા (ભરતી) વાળો, શ્રેષ્ઠ આલાવાઓ રૂપી મણિઓથી ભરપૂર, જેનો કિનારો અત્યંત દૂર છે તેવા વીર ભગવાનના આગમ રૂપી શ્રેષ્ઠ સમુદ્રને હું આદર સહિત સારી રીતે સેવું છું. ॥ ૩ ॥

મૂળ સુધી કાંઈક ડોલવાથી ખરી પડેલી પરાગરજની પુષ્કળ સુગંધમાં આસક્ત થયેલા ચપળ ભમરાઓની શ્રેણીના ઝંકાર યુક્ત શબ્દોથી શોભાવાળા, ઉત્તમ અને નિર્મળ પાંદડીઓવાળા કમળોના ઘરની ભૂમિમાં નિવાસ કરનારી, કાંતિઓના સમૂહથી ઉત્તમ, શ્રેષ્ઠ કમળને હાથમાં રાખનારી, દેદીપ્યમાન હાર વડે મનોહર, વાણીના સમૂહ રૂપી શરીરને ધારણ કરનારી હે શ્રુતદેવી ! મને સંસારના વિરહ રૂપી શ્રેષ્ઠ વરદાનને આપો.

વીતરાગ ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્

